પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૧૧-૨૦૨૪- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૯૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# નિજ્જર હત્યા કેસમાં કેનેડાની ટ્રુડો સરકારનો યુ-ટર્ન

## વડાપ્રધાન મોદી, વિદેશમંત્રી જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ વિરુદ્ધના કથિત આરોપો કેનેડા સરકારે પાયા વિહોણા ગણાવ્યાં

નવી દિલ્હી,તા.૨૨

શિખ ખાલીસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારત સામે નહોર ભરાવી રહેલી કેનેડાની ટ્રુડો સરકાર એ અહેવાલને ફગાવી દીધા છે કે નિજ્જર હત્યાના ષડયંત્ર અંગે ભારતના

વડાપ્રધાન નરેન્દ્ર મોદી- વિદેશમંત્રી એસ.જયશંકર કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલની ભૂમિકા છે.કેનેડાના ઉચ્ચ અધિકારીઓને ટાંકીને સ્થાનિક અખબારોના અહેવાલ પર પ્રતિક્રિયા આપતા કેનેડા સરકારે એક નિવેદન જાહેર કરીને પીએમ મોદી કે અન્ય સામે લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને જણાવ્યું કે






તપાસ તે દિશામાં થતી નથી કે તેમાં કોઈ પુરાવા નથી.કેનેડાના આંતરિક ભાગોમાં ગંભીર અપરાધોની સાથે વડાપ્રધાન કે ભારત સરકારના વિદેશમંત્રી એસ.જયશંકર ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલને જોડતા કોઈ પુરાવા નથી અને આ અંગે પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં સરકારની કોઈ ભૂમિકા નથી અને ફકત અટકળો જ છે.કેનેડાના મીડીયા રિપોર્ટમાં આ રીતે ભારતના વડાપ્રધાન તથા અન્ય ઉચ્ચ સ્થાનો પર બેસતા લોકોને સંડોવણી સામે ભારતે આકરો વિરોધ નોંધાવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જાયસ્વમાં આ પ્રકારના અહેવાલોને હાસ્યાસ્પદ ગણાવ્યા હતા.

# ઈઝરાયેલ દ્વારા લેબેનોન પર ભયાનક હુમલામાં ૪૭નાં મોત

### ઈન્ટરનેસનલ કોર્ટે નેતન્યાહુ સામે વોરન્ટ જારી કરતી ઈઝરાયેલ વધુ આક્રમક બન્યું

ઈટલી,તા.૨૨

ઈટલીનાં રક્ષામંત્રી ગુઈડો ક્રોસેટોએ ધમકી આપી હતી કે જો ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુ ઈટલીમાં આવશે તો તેની ધરપકડ કરી લેવામાં આવશે. ક્રોએટોનું આ નિવેદન ત્યારે આવ્યું છે જયારે આંતર રાષ્ટ્રીય અપરાધ ન્યાયાલયે (આઈસીસી) નેતન્યાહુની ધરપકડનુ વોરંટ ઈસ્યુ કર્યુ હતું.બીજી બાજુ લેબનોનમાં ઈઝરાયેલનાં હુમલાથી ૪૭ લોકોના મોત થયા છે.

અનુસંધાન પાના ૭ પર

# અદાણી સાથેના આરોપ અંગે બાઈડન તંત્રને જાણ કરી હતી : વ્હાઈટ હાઉસ

### અદાણી પ્રકરણની ભારત-યુએસના સંબંધને અસર થશે નહીં : અમેરિકા

વોશિંગ્ટન,તા.૨૨

ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી, તેમનાં ભત્રીજા સહીત આઠ સામે અમેરિકામાં થયેલા લાંચ-છેતરપીંડીના કેસ તથા ધરપકડ વોરંટ વચ્ચે અમેરીકાએ જાહેર કર્યું છે કે અદાણી સામેનાં આક્ષેપો વિશે વ્હાઈટ હાઉસ વાકેફ હતું. જોકે, આ ઘટનાક્રમથી ભારત અને અમેરિકા વચ્ચેનાં સબંધોને કોઈ અસર નહિં થાય. બન્ને દેશોનાં સબંધોનો પાયો મજબુત છે અને તેમાં કોઈ અસર નહી થાય.

ભારતીય ઉદ્યોગ જુથ અદાણીનાં ચેરમેન ગૌતમ અદાણી સહીત આઠ સામે અમેરિકામાં લાગેલા આરોપ વિશે વ્હાઈટ હાઉસે પ્રતિક્રિયા જાહેર કરી છે. વ્હાઈટ હાઉસનાં પ્રેમ સચીવ કૈફીન જીન-પીયરે કહ્યુ કે અદાણીનાં આરોપથી વ્હાઈટ હાઉસ વાકેફ છે.આ મામલે વધુ માહીતી માટે મીડીયાએ સિકયોરીટી એન્ડ એકસચેંજ કમીશન તથા ન્યાય વિભાગનો સંપર્ક કરવો પડશે.

અદાણી પ્રકરણથી ભારત સાથેના સંબંધો વિશે તેઓએ કહ્યુ કે બન્ને દેશો વચ્ચેનાં સંબંધો મજબુત પાયા પર સ્થપાયેલા છે.વૈશ્વિક મુદાઓ પર સહયોગનાં આધારે સંબંધો વિકસેલા છે એવો વિશ્વાસ છે કે મુદાને પણ સમાધાનની દિશામાં લઈ જવાશે.અન્ય મુદાઓની જેમ આ મુદાનો ઉકેલ પણ શકય છે.

તેઓએ ભારપુર્વક જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા વચ્ચેનાં સંબંધો ઘણા મજબુત છે અને અદાણી સામેનાં આરોપોનો દ્વિપક્ષી સબંધો પર કોઈ અસર નહિં થાય.

અત્રે ઉલ્લેખનીય ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ વિશ્વનાં સૌથી મોટા

અનુસંધાન પાના ૭ પર

# શેરબજારમાં જોરદાર તેજી અને અદાણી ગ્રુપના શેરો બીજા દિવસે પણ ડાઉન

### અદાણી એન્ટરપ્રાઈઝ, પોર્ટ , એનર્જી , વિલ્મર સહિતનાં શેરો વધુ તૂટયા

નવી દિલ્હી,તા.૨૨

ભારતીય શેરબજાર આજે અદાણીના ઝાટકામાંથી બહાર આવી ગયુ હોવા છતાં અદાણી ગ્રુપનાં શેરો સતત બીજા દિવસે તૂટયા હતા. અમેરીકામાં કેસ-ધરપકડ વોરંટ બાદ કેન્યાએ તેની એરપોર્ટ સહીતની ડીલ રદ કરી નાખ્યાની ઈફેકટ વર્તાઈ હતી.

અમેરિકામાં ગૌતમ અદાણી સહીત આઠ સામે લાંચ-છેતરપીડીનો કેસ થયો છે અને ધરપકડ વોરંટ ઈસ્યુ કરાયુ છે. આ ઘટનાક્રમ બાદ કેન્યાએ પણ અદાણી સાથેના એરપોર્ટ તથા ઉર્જા કરાર રદ કરવાની જાહેરાત કરી હતી. આ બેવડા ઝાટકાના પ્રત્યાઘાત હેઠળ આજે સતત બીજા દિવસે અદાણી ગ્રુપના શેરો દબાણ હેઠળ રહ્યા હતા

અને નોંધપાત્ર ભાવ ઘટાડો સુચવતા હતા. અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ, અદાણી પાવર, અદાણી ગ્રીન એનર્જી, અદાણી ટોટલગેસ, અદાણી વીલ્મર વગેરે વધુ તુટયા હતા. જોકે એનડીટીવી અંબુજા સીમેન્ટ, એટીસી મજબુત હતા.

અનુસંધાન પાના ૭ પર

# મુખ્ય પ્રધાનના કાફલા સામે કાળા વાવટા ફરકાવવા ગુનો નથી : હાઈકોર્ટ

### શાંત વિરોધ કરવો નાગરિકોનો અધિકાર છે : કોર્ટ

નવી દિલ્હી,તા.૨૨

દેશના વિરોધ કરવાના નાગરિકોના અધિકારોને માન્ય રાખીને તેની સામેની કાર્યવાહીને ફગાવતા એક મહત્વના ચુકાદામાં કેરળ હાઈકોર્ટે સ્પષ્ટ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના કાફલા સામે કાળા વાવટા ફરકાવવા તે કોઈ અપરાધ નથી અને તે અપમાનજનક કે ગેરકાનુની ગણી શકાય નહી.

હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બંછુ કુરિયન થોમસે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯ હેઠળ ડેફમેટરી એટલે કે અપમાનજનકની વ્યાખ્યા કરતા આ ચુકાદો આપ્યો હતો અને જણાવ્યું હતું કે શાંતિપૂર્વકનો વિરોધ એ બંધારણીય અધિકાર છે અને તેને અસંમતી કે વિરોધનું પ્રદર્શન ગણી શકાય પણ તેને અપરાધ કહી શકાય નહી.

હાઈકોર્ટે જણાવ્યું કે, વિરોધ-દેખાવો જો લોકશાહીનો એક આવશ્યક ભાગ છે અને તે લોકશાહી ઢબે વિરોધ વ્યક્ત કરવાનો એક માર્ગ છે અને તે શાસનને વધુ મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. સીસ્ટમ નબળી થતી નથી.

કેરળના અર્નાકુલમ જીલ્લામાં ઉતર પારાવુરમાં મુખ્યમંત્રીના કાફલા સામે કાળા વાવટા દેખાડનાર કોંગ્રેસના બે કાર્યકર્તાઓના કેસને હાઈકોર્ટે રદ કર્યો હતો. અદાલતે કાળા વાવટાને વિરોધનું એક સામાન્ય વિરોધ પ્રદર્શનનું પ્રતિક છે અને તેનો અર્થ વ્યાપક રીતે આપવામાં આવતો સંદેશ છે.

ઉપરાંત અહી જે કાળાવાવટા સામે વિરોધ પ્રદર્શન થયુ તેણે મુખ્યમંત્રીના કાફલાને રોકવાની કોઈ કોશીશ કરી ન હતી. પોલીસે દરમ્યોનગીરી કરી દેખાવકારોને અલગ કરીને દૂર લઈ જવામાં આવ્યા હતા.

# ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપ્યા

### પિચાઈ અને ટ્રમ્પના કોન્ફરન્સ કોલમાં મસ્ક પણ આવી ગયા

નવી દિલ્હી,તા.૨૨

સુરત

ગૂગલના CEO સુંદર પિચાઈએ તાજેતરમાં જ અમેરિકાના પ્રેસિડન્ટ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પની જીત કમલા હેરિસ સામે થઈ હતી અને એ માટે શુભેચ્છા પાઠવવા માટે આ ફોન કર્યો હતો. જોકે, એ ફોનમાં ઈલોન મસ્ક પણ કોન્ફરન્સ કોલમાં જોડાયા હતા એવી ચર્ચા છે.

ઈલોન મસ્કે ગૂગલ પર આરોપ મૂક્યો હતો કે, ડોનાલ્ડ ટ્રમ્પનું નામ સર્ચ કરો તો પણ કમલા હેરિસના ન્યુઝ આવે છે. આ વિશે ડોનાલ્ડ ટ્રમ્પે પણ વાંધા ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઈલેકશન જીત્યા બાદ દરેક કંપની પર એ વિશે તપાસ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પ ઈલેકશન જીતી ગયા બાદ હવે ગૂગલ પર તવાઈ આવી છે. ગૂગલને ક્રોમ વેબ-બ્રાઉઝર અને એન્ડ્રોઈડ બન્ને વેંચવા માટે મજબૂર કરવામાં આવી શકે છે.

ઈલેકશનમાં જીત બાદ દુનિયાભરની મોટી મોટી હસ્તીઓએ તેમને જીત માટે

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્ર અને ઝારખંડના જાહેર થનારા ચૂંટણી પરિણામો સંદર્ભે ભારે ઉત્સુકતા

### વાયનાડ લોકસભા તથા ૧૧ રાજ્યોની ૪૬ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીના પરિણામો કાલે જાહેર થશે

નવી દિલ્હી,તા.૨૨

દેશમાં ૨૦૨૪ની ચુંટણી મૌસમનો અંત લાવતા આવતીકાલે મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા વાયનાડ સહિત લોકસભાની બે બેઠકો ઉપરાંત ગુજરાતની પાંચ સહિત ૧૧ રાજયની ૪૬ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામો આવતીકાલે આવશે જેની રાજકીય ઉતેજનાનો પ્રારંભ થઈ ગયા છે અને સોમવારથી શરૂ થનારા સંસદના શિયાળુ સત્રમાં પણ અદાણી વિવાદ સાથે આ ચુંટણી પરિણામોની ગરમીના પડઘા પડશે.

ખાસ કરીને મહારાષ્ટ્ર-ઝારખંડમાં વિધાનસભા ચુંટણી પરિણામો પર સૌની નજર છે. દેશના સૌથી મોટા રાજયમાં સામેલ મહારાષ્ટ્રમાં મહાયુતીની સરકાર સતા જાળવી રાખશે કે પછી અઢી વર્ષના ગાળા બાદ મહાવિકાસ અઘાડી સતા પર આવશે તે સસ્પેન્સ ઘેરુ બન્યુ છે.

જો કે એકઝીટપોલ આ રાજયમાં ભાજપ નેતૃત્વ મહાયુતીને ફરી સતા મળશે તેવા સંકેત આપે છે પણ છેલ્લી બે ચુંટણીના એકઝીટ પોલ 'ખોટા' સાબીત થયા બાદ હવે તેની વિશ્વસનીયતા સામે પ્રશ્ન તો ઝારખંડમાં પણ શાસક ઝારખંડ મુક્તિ મોરચાની સરકાર સતા જાળવી રાખે છે કે ભાજપ તેની પાસેથી સતા આંચકે છે તેના પર પણ નજર છે. આ રાજયમાં પણ એકઝીટ પોલ ભાજપની સરકારના સંકેત આપે છે.

આ બન્ને વિધાનસભામાં જો એકઝીટપોલથી કોઈ વિરુદ્ધ પરિણામો આવે તો તેના પડઘા રાષ્ટ્રીય સ્તરના રાજકારણ સુધી પણ પડી શકે છે અને મોદી સરકાર જે હાલ તેલુગુદેશમ અને જનતાદળ (યુ)ના ટેકાથી ચાલે છે તેમાં કોઈ અસ્થિરતા સર્જાવા સુધીની શકયતા પણ લાંબાગાળા માટે બની શકે છે.

બીજી તરફ વાયનાડની લોકસભા બેઠકની પેટાચૂંટણી પણ રસપ્રદ બની છે. ગાંધી કુટુંબના વધુ એક સભ્ય પ્રિયંકા ગાંધી પ્રથમ વખત ચૂંટણી લડીને લોકસભા પહોચવા આતુર છે અને વાયનાડ પરંપરાગત કોંગ્રેસ કે ડાબેરી પક્ષની બેઠક છે છતાં ભાજપે પણ તમામ તાકાત કામે લગાડી છે જેથી પ્રિયંકા માટે મોટા પડકાર છે છતાં તે સંસદભવન પહોંચી જશે તેવા સંકેત છે.

૧૧ રાજયની ૪૬ વિધાનસભા બેઠકમાં ઉતરપ્રદેશની ૯ બેઠકોની પેટાચૂંટણી ભાજપ-યોગીના રાજકારણમાં મહત્વની છે.

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં શિયાળાની જમાવટ નલીયામાં ૧૨.૨ ડીગ્રી તાપમાન

### ગાંધીનગરમાં પણ ૧૨.૪ ડીગ્રી તાપમાન નોંધાયું

રાજકોટ,તા.૨૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સવારે શિયાળાનો અસલી રંગ દેખાયો હતો અને વિવિધ સ્થળોએ તાપમાન ૧૨ થી ૧૬ ડિગ્રી વચ્ચે નોંધાતા લોકોએ આજે સવારે અસલી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ખાસ કરીને આજે સવારે રાજયનાં સૌથી ઠંડા શહેરો નલિયા અને ગાંધીનગર રહ્યા હતા. આજે સવારે કચ્છનાં નલિયા ખાતે ૧૨.૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ૨૪ કલાકમાં ૧ ડિગ્રી તાપમાન ગગડયું હતું. આ ઉપરાંત ગાંધીનગર ખાતે ગત તા. ૧૨-૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે આજે રાજકોટ શહેરમાં ચાલુ સિઝનની સૌપ્રથમવાર તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૪.૬ ડિગ્રી અને પોરબંદરમાં પણ ૧૪.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ અમરેલીમાં પણ ૧૩.૪ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઈ હતી.

ઉપરાંત અમદાવાદ ૧૬.૬ ડિગ્રી, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૬.૬ તથા ભુજમાં

અનુસંધાન પાના ૭ પર

# હિન્દુત્વ ભારતને વિશ્વ ગુરુ પદે પ્રસ્થાપિત કરશે : એલેકઝેન્ડર

### પુતિનના ગુરૂ એલેકઝાન્ડર દુગિન ભારતની મુલાકાતે

નવી દિલ્હી,તા.૨૨

પ્રમુખ વ્લાદીમીર પુતિનના ગુરૂ અને તેઓના કાર્યો પાછળની મેધા મનાતા રાજ્યશાસ્ત્રી ઉપરાંત તત્વજ્ઞા એલેકઝાન્ડર દુગિન અત્યારે ભારતની અંગત મુલાકાતે આવેલા છે.એક ખાસ મુલાકાતમાં તેઓએ વિશ્વમાં કઈ રીતે અને શા માટે પરિવર્તનો થઈ રહ્યા છે, તેમજ ભારતનાં ભાવિ સહિત અનેકવિધ પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. સાથે હિન્દૂત્વના પ્રસારને વિશ્વ કઈ રીતે જુવે છે તે વિશે પણ પોતાનું મંતવ્ય આપ્યું હતું.તેઓ રશિયન વિશ્વના અસામાન્ય સમર્થક છે અને ૨૦૨૨માં રશિયાએ યુક્રેન ઉપર કરેલા આક્રમણને યોગ્ય ગણે છે. તેઓએ આ મુલાકાતમાં ભારત એટલે માત્ર વર્તમાન ભારત જ નહી પરંતુ અખંડ ભારતની વાત કહેવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતાં કહ્યું કે, તેઓ આધુનિકતાને વેદકાળથી ચાલ્યા આવતાં મૂલ્યો સાથે જોડી રહ્યા છે. તેઓના પ્રયાસોથી ભારત વિશ્વ રંગભૂમિ ઉપર સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક વિશ્વ ગુરૂ તરીકે આગળ આવ્યું છે.નરેન્દ્ર મોદીને વૈશ્વિક નેતા કહેતા મહામના દુગિને કહ્યું હતું કે, તેઓના પ્રયાસોથી ભારત એક પ્રબળ-સત્તા તરીકે આગળ આવ્યું છે. તેઓ રશિયા તથા અમેરિકા બંને સાથે સંતુલન રાખી શક્યા છે અને તે બંને દેશો ઉપરાંત વિશ્વના અન્ય દેશો સાથે પણ સઘન સંબંધો બાંધી શક્યા છે.ઉલ્લેખનીય છે કે, ૧૯મી સદીમાં રશિયામાં થયેલા મહાનતત્વ ચિંતક કાઉન્ટલીઓ ટોલસ્ટોઈ સાથે એલેકઝાન્ડર દુગિનની સરખામણી થાય છે.

# એક કેસમાં જમીન પર છૂટેલા ઈમરાન ખાનની ફરી ધરપકડ

### ઈમરાનની પુન : ધરપકડ કરાતા પીટીઆઈ કાર્યકરોમાં રોષ

ઈસ્લામાબાદ,તા.૨૨

ઈસ્લામાબાદ હાઈકોર્ટે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન ઉપરના બીજા તોશાખાના કેસમાં જામીન આપ્યા પછી તેઓની મુક્તિની આશા બંધાઈ હતી. ત્યાં મોડી રાત્રે ગુરૂવારે વહેલી સવારે - આ પૂર્વ ક્રિકેટરની અશાંતિ ફેલાવવાના આરોપ નીચે ધરપકડ કરવામાં આવી છે. આથી તેઓની પાર્ટી પાકિસ્તાન-તહેરિક-એ-ઈન્સાફ (પી.ટી.આઈ.)ના કાર્યકરોમાં હતાશા તેમજ આક્રોશ વ્યાપી રહ્યો છે.

ઈમરાન ખાન ઉપર એક કેસ તે છે કે તેઓએ ફેંકી દેવાની કિંમતે અત્યંત મોંઘા તેવા બલ્ગારી-ઝવેરાત, તોશાખાનામાંથી ખરીદ્યાં હતાં. સર્વવિદિત છે કે, જ્યારે કોઈ પણ દેશના ટોચના અધિકારીઓ વિદેશની મુલાકાતે જાય ત્યારે તેઓને બહુમૂલ્ય ભેટો આપવામાં આવે છે. જે તેઓએ રાષ્ટ્રીય કોષ (તોશાખાના)માં જમા કરાવવાની હોય છે.

જો તે તેમને ખરીદવી હોય તો તે ભેટનું બજાર ભાવે મૂલ્યાંકન કરાય તે કિંમતના ત્રીજા ભાગની

અનુસંધાન પાના ૭ પર

# ટ્રાન્સજેન્ડરે લેડીઝ ટોઈલેટનો ઉપયોગ કરતા અમેરિકાની સંસદમાં હોબાળો

### પુરૂષમાંથી મહિલા બનેલી સાંસદ લેડીઝ ટોઈલેટમાં ન જઈ શકે : લેડીઝ સાંસદની દલીલ

નવી દિલ્હી,તા.૨૨

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસને કારમી હાર આપી હતી. તેઓ દેશના આગામી રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવા તૈયાર છે. પરંતુ આ ચૂંટણીમાં ઈતિહાસ પણ સર્જાયો છે. પ્રથમ વખત ટ્રાન્સજેન્ડર ઉમેદવાર ચૂંટાયા. પરંતુ તેના લિંગે પણ એક નવા વિવાદને જન્મ આપ્યો છે.

ડેમોક્રેટ સારા મેકબ્રાઈડ નામની ટ્રાન્સજેન્ડર મહિલા પ્રથમ વખત યુએસ સંસદમાં પહોંચી હતી. સારાનો જન્મ પુરુષ તરીકે થયો હતો પરંતુ હવે તે ટ્રાન્સજેન્ડર મહિલા છે. તેણે ડેલવેરથી સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં ચૂંટાઈ છે.

રિપબ્લિકન પાર્ટીના સાંસદ નેન્સી મેસે, સારા મેકબ્રાઈડને સંસદમાં મહિલા શૌચાલયનો ઉપયોગ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેણે કહ્યું હતું કે તે સારાહને મહિલા શૌચાલયનો ઉપયોગ કરવા દેશે નહી.

નેન્સી મેસ US હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં આ અંગેનો પ્રસ્તાવ પણ લાવી છે. બે પાનાની આ દરખાસ્તમાં સંસદના સભ્યો, સંસદના અધિકારીઓ અને કર્મચારીઓને તેમના મૂળ લિંગ (જે લિંગમાં તેઓ જન્મ્યા હતા) સિવાયના શૌચાલયનો ઉપયોગ કરતા અટકાવવાની જોગવાઈ ધરાવે છે.

આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓના શૌચાલય, લોકર રૂમ અને ચેન્જિંગ રૂમમાં પુરૂષ તરીકે જન્મેલા લોકોને મંજૂરી આપવાથી મહિલાઓની સુરક્ષા અને ગરિમા

અનુસંધાન પાના ૭ પર

# શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા રાજ્ય શિક્ષણ મંત્રી પાનશેરીયાની સૂચના

### ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા દબાણ કરી શકશે નહિ : રાજ્ય શિક્ષણ મંત્રી



સુરત, તા.૨૨

પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી.

રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે. રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ, જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે.

ખાનગી શાળાના સંચાલકોને વિનંતી સાથે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના

અનુસંધાન પાના ૭ પર

# સ્વ. નરેન્દ્ર ગાંધીના જન્મ દિને રક્તદાન કેમ્પનું આયોજન

### તા.૨૬મીએ સૌના આત્મજ નરેન્દ્ર ગાંધીને રક્તાંજલી સ્વરૂપે સ્મરણાંજલી અર્પણ કરાશે

સુરત, તા.૨૨

સૌના આત્મજ સ્વ. નરેન્દ્ર ભાઈ ગાંધીના જન્મદિવસ નિમિત્તે તા. ૨૬મી નવેમ્બર ૨૦૨૪ના રોજ મંગળવારે પાંચમા રક્તદાન કેમ્પનું આયોજન નાનપુરા સ્થિત સુરત પિપલ્સ બેંક વહીવટી ભવન ખાતે કરવામાં આવ્યું છે.

રક્તદાન કેમ્પનું આયોજન સહયોગી સંસ્થા સુરત પિપલ્સ બેંક તથા સ્વ. નરેન્દ્ર ગાંધીના મિત્ર વર્તુળ તથા શુભેચ્છકો દ્વારા કરવામાં આવ્યું છે. સ્મૃતિ, સત્કાર્ય અને શ્રધ્ધાંજલી ના ત્રિવેણી થકી સૌના આત્મજ સ્વ. નરેન્દ્રભાઈ ગાંધીને રક્તાજંલી સ્વરૂપે સ્મરણાંજલી અર્પણ કરવા પાંચમાં રક્તદાન કેમ્પના આયોજનમાં સ્વૈચ્છીક રક્તદાતાઓને રક્તદાન કરવા જાહેર અપીલ કરવામાં આવી છે.

# સુરત મનપા દ્વારા ખટોદરાના કોમ્યુનિટી હોલમાં બાળ મેળો

### આંગણવાડીના બાળકોએ વેશભૂષા, વાર્તા અને ગરબાની રજૂઆત કરી

સુરત, તા.૨૨

તારીખઃ- ૨૦/૧૧/૨૦૨૪ના રોજ આઇ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર અને સુરત મહાનગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે ભૂલકા મેળા ૨૦૨૪ નું ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં આસિસ્ટન્ટ કમિશનર શ્રી ગાયત્રીબેન જરીવાલા, પ્રોગ્રામ ઓફિસર શ્રી ડો. જયશ્રીબેન ચૌધરી, સ્ટેટ પીએસઈ કન્સલન્ટ શીલાબેન ઘોઘારી, બાળ વિકાસ યોજના અધિકારી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સદર પ્રોગ્રામની શરૂઆત મંચસ્થ મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી અને કરવામાં આવી. નાના બાળકો દ્વારા પ્રાર્થના તેમજ સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યા.પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા શાબ્દિક પ્રવચન દ્વારા કાર્યક્રમમા ઉપસ્થિત સર્વેનુ સ્વાગત કરવમા આવ્યુ.આઈ.સી.ડી.એસ. ઘટક ૧ થી ૯ ના આંગણવાડી ના બાળકો દ્વારા બાળકોએ વેશભૂષા ,વાર્તા, ગરબા પંજાબી ગીત દેશભક્તિ ગીત વાર્તાઓની રજૂઆત કરવામાં આવી હતી.પીએસઈ ઈન્સ્ટ્રક્ટર દ્વારા એક્ટિવિટી તેમજ ઉખાણા અને ડાન્સ વગેરે પ્રવૃત્તિ કરવામાં આવેલ હતી .સદર કાર્યક્રમમાં આસિસ્ટન્ટ કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસ માટે આઈ.સી.ડી.એસ શાખા સતત પ્રયત્નશીલ છે તેમજ આ પ્રકારના આયોજનથી બાળકોને શારીરિક, ભાષાકીય, માનસિક વિકાસ ઉપરાંત આત્મવિશ્વાસ પણ વધતો જાય છે બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ટીચિંગ લર્નિંગ મટીરીયલ બનાવવામાં આવેલો હતા જેના મદદથી બાળકોને બધી જ સંકલ્પનાઓને સારી રીતે શીખવી શકાય છે.બાળકોના નિયમિત વજન ઉચાઈ કરવા જણાવવામા આવેલ જેનાથી બાળકોના ગ્રોથ મોનિટરીંગ સારી રીતે કરી શકાય.

ભૂલકા મેળાના આયોજનમાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બનાવવામાં આવેલા ટીએલએમ ને

અનુસંધાન પાના ૭ પર

# મગફળીના પાકમાં જીવાતનો ઉપદ્રવ નાથવા પગલા સૂચવાયા

### સૂચના અનુસાર દવાનો છંટકાવ કરી પાકની કાળજી લેવી

સુરત, તા.૨૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી અને આણંદ કૃષિ યુનિવર્સીટીના માર્ગદર્શન હેઠળ ખેડૂતો મગફળીના પાકમાં રાખવાની તકેદારી સંદર્ભે માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરી છે. આફ્લાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા માટે મગફળી ઉતારા સમયે અને ઉતાર્યા બાદ લેવાના વિવિધ પગલાંઓની વાત કરવામાં આવે તો ૮% ભેજ રહે ત્યાં સુધી મગફળીને સુકવવી. મગફળીને સારી, ચોખ્ખી, પૂરતા હવા-ઉજાસવાળી જગ્યામાં પ્લાસ્ટિક અથવા કંતાનની બેગમાં સંગ્રહ કરવો જેથી મગફળીને નુકસાન કે પાક બગડે નહી.

મગફળીના ડોડવાને દાતા વડે નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. ડોડવા સાથેના આખા છોડને વ્યવસ્થિત તડકે સુકવવા. જ્યાં સુધી છોડ, પાંદડા, સુયા બટકણા થાય ત્યાં સુધી સુકવવા. અપૂર્ણ વિકસિત ડોડવાને તોડી અલગ રાખવા તેને સારા વિકસિત ડોડવા સાથે ન ભેળવવા. જો ઓપનેરનો ઉપયોગ કરતા હોય તો યોગ્ય કાણાવાળી જાળી રાખવી. યાંત્રિક નુકસાન વાળા અને જીવાતવાળા ડોડવા અલગ રાખવા. ઘણી વખત એસ્પરજિલસ ફ્લેવસનો ચેપ

અનુસંધાન પાના ૭ પર

# પ્રાકૃતિક ખેતીના માર્ગે નવસારીના વાડા ગામના ખેડૂત સુશીલાબેન પટેલ

### પ્રાકૃતિક ખેતપેદાશોનું વેચાણ કરી બજાર કરતા સારી આવક મેળવી



નવસારી, તા.૨૨

રાજ્યના ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે 'મિશન મોડ' પર પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ખેડુતો રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરીને આત્મનિર્ભર બની રહ્યા છે. ખેડુતોને ઘર આંગણે પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી શકે તે માટે જિલ્લાના વહીવટી તંત્રના સહયોગથી જુનાથાણા સ્તિથ જુના જિલ્લા સેવા સદન કેમ્પસ ખાતે દર સોમવારે અને ગુરૂવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો દ્વારા પોતાના શાકભાજી, કઠોળ, અનાજ જેવી ખેતપેદાશો પોતાની ખેતપેદાશોનું વેચાણ કરવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતી કરી પોતાના ખેતપેદાશનું વેચાણ કરતા નવસારી તાલુકાના સુશીલાબેન પટેલે જણાવ્યું કે, લગભગ ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવી તેના સાથે જોડાયેલા છીએ. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ

અનુસંધાન પાના ૭ પર

# અમરોલીમાંથી ૨૩ વર્ષીય અંકિતાબેન ગુમ થયા

સુરત, તા.૨૨

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૭/૧૧/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારમાં રહે-ઘર નં -૧૦૭૩ પાર્થ સોસાયટી ગુ.હા.બોર્ડ અમરોલી સુરત ખાતે રહેતી અંકિતાબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેમની ઉંમર ૨૩ વર્ષની છે. જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૦ ફૂટ છે. જેણે શરીરે કાળા કલરનું પેન્ટ તથા ટી–શર્ટ પહેરેલ છે. જેઓ ગુજરાતી ભાષા જાણે છે જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ઉત્રાણમાં રહેતા ૨૪ વર્ષીય મહિલા અંકિતા બેન લાપતા

સુરત, તા.૨૨

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૭/૧૧/૨૦૨૪ના રોજ ઉત્રાણ વિસ્તારનાં રહે-ઘર નં –બી /૧૧૦૮,સુમન સુરજ વી.આઈ.પી સર્કલ પાસે, મોટાવરાછા, સુરત ખાતે રહેતી અંકિતાબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેની ઉમર ૨૪ વર્ષની છે.જે શરીરે પાતળા બાંધાની રંગે ઘઉંવર્ણની છે.જેની ઉચાઇ ૦૫.૦૨ફૂટ છે. જેને શરીરે લાલ કલરનો ડ્રેસ તથા સફેદ કલરની ચુંદણી કાળા કલરની લેગીસ પહેરેલ છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# અમરોલીમાંથી આધેડ વયના મહિલા રતન બેન ગુમ થયા

સુરત, તા.૨૨

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે-ઘર નં -૫૦,ગોપાલનગર બંગ્લોઝ છાપરાભાથા રોડ અમરોલી સુરત ખાતે રહેતા રતનબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૪૪ વર્ષની છે.જે શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે. જેની ઉચાઇ ૦૪.૦૫ ફૂટ છે જેમણે શરીરે કેવા કપડા પહેરેલ છે તેની જાણ નથી. જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# અમરોલીની આધેડ મહિલા પોતાના દિકરા સાથે ગુમ

સુરત, તા.૨૨

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨/૧૧/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે-કે /૧૦૨ વ્હાઈટ સ્ટોન સોસાયટી સીતારામ ચોક છાપરાભાથા અમરોલી સુરત ખાતે રહેતા પૂજાબહેન એમના પુત્ર રક્ષિતને લઈને કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેની ઉમર ૪૦ વર્ષની છે.જે શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેની ઉચાઇ ૦૪.૦૫ફૂટ છે જેમણે શરીરે પિંક કલરનો ડ્રેસ તથા બ્લુ કલરનું પેન્ટ પહેરેલ છે જે ગુજરાતી,અને હિન્દી મરાઠી ભાષા જાણે છે.તેમનો પુત્ર રક્ષિત જે શરીરે મધ્યમ બાંધાનો રંગે ઘઉંવર્ણ છે જેની ઉચાઇ આશરે ૦૫.૦૫ ફૂટ છે જેણે શરીરે ક્રીમ કલરનો શર્ટ તથા ડાર્ક મહેદી કલરનું પેન્ટ પહેરેલ છે. જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# ઈંગ્લેન્ડની મુલાકાતે ગયેલા સુબચ્ચન રામનું બ્રિટિશ પાર્લામેન્ટમાં અભિવાદન

સુરત, તા.૨૨

ખ્યાતનામ વ્યક્તા તથા પ્રખર આંબેડકરવાદી ઈન્કમટેક્સ વિભાગના મહારાષ્ટ્ર ડીવીઝનના પ્રિન્સિપલ ચીફ કમિશ્નર નિવૃત્ત (આઈઆરએસ) સુબચ્ચનરામ ઈંગ્લેન્ડ ના પ્રવાસે છે. ઈંગ્લેન્ડ ના પ્રવાસ દરમ્યાન સુબચ્ચનરામે બ્રિટિશ પાર્લામેન્ટની પણ મુલાકાત લીધી હતી. ડો. બાબાસાહેબ આંબેડકરે બ્રિટિશ પાર્લામેન્ટમાં ભારતના દલિત લોકોના મૂળભૂત અધિકારો અંગે અવાજ ઉઠાવતા ઈ. સ. ૧૯૩૧-૩૨માં બ્રિટિશ હકુમતે દલિતોના મૂળભૂત અધિકારોને ઐતિહાસિક મંજૂરી આપી સમાનતાનો સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો હતો. બ્રિટિશ પાર્લામેન્ટમાં બ્રિટનના સાંસદ મોહમ્મદ યાસીન,એમ.એસ.બહેલ , ગૌતમ ચર્કવર્તી વગેરેએ સુબચ્ચનરામનું અભિવાદન કર્યુ હતું. ભારતના દલિતોને મૂળભૂત અધિકારો પ્રદાન કરનાર બ્રિટનના સંસદ ભવનની મુલાકાત દરમિયાન પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા સુબચ્ચનરામે જણાવ્યું હતું કે આ ઐતિહાસિક સ્થળે આજે હું ગૌરવની લાગણી અનુભવુ છું અને ડો. આંબેડકર સાહેબે દલિતો તથા વંચિતોના અધિકારો માટે કરેલા સંઘર્ષ અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

**દલિતો તથા વંચિતોને મૂળભૂત અધિકારો અપાવનાર ડો.બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા નિવૃત્ત ઈન્કમટેક્સ ચીફ કમિશનર**



# નવસારી ખાતે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

### પ્રાકૃતિક કૃષિને વધુ વેગવાન બનાવવાના પ્રયાસો

નવસારી, તા.૨૨

ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ યોજના અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર, નવસારી ખાતે નોડલ અધિકારીશ્રી પ્રાકૃતિક કૃષિ – વ - સંયુકત ખેતી નિયામકશ્રી (વિ.) સુરતના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઇ હતી.. જેમાં પ્રોજેકટ ડાયરેકટરશ્રી આત્માએ નવસારી જિલ્લાંમા ચાલતી પ્રાકૃતિક ખેતીની વિવિધ પ્રવૃતિનો ચિતાર જેમાં મુખ્યત્વે ગાય યોજના, ખરીફ ઋતુમા થયેલ કલસ્ટર બેઝ થયેલ તાલીમ, ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ગ્રામ પંચાયતની વિગત, મોડેલ ફાર્મની વિગત, જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પેદાશના વેચાણ કેન્દ્ર અને વેચાણની વિગત વગેરેની માહિતી આપી હતી.

ત્યારબાદ જિલ્લા / તાલુકા સંયોજક (પ્રાકૃતિક કૃષિ)દ્વારા નવસારી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવાન બનાવવા પડતી વિવિધ મુશ્કેલીઓની રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને નવસારી જિલ્લાના પ્રાકૃતિક કૃષિના નોડલ અધિકારીશ્રી કે.વી. પટેલ દ્વારા પ્રશ્નોનું સચોટ નિરાકરણ આપવામાં આવ્યું હતું. આ સાથે નોડલ અધિકારીશ્રી (પ્રાકૃતિક કૃષિ) – વ - સંયુકત ખેતી નિયામકશ્રી (વિ.) સુરતે પ્રાકૃતિક કૃષિના જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પેદાશના વેચાણ કેન્દ્ર અને વેચાણ માટે વધારે ભાર મુકતા જિલ્લામાં વેચાણ કેન્દ્રોની સંખ્યા વધે અને ડિઝિટલ માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી વધુ વેચાણ થાય તે માટે માર્ગદર્શન અને જરૂરી સુચનો આપ્યા હતા.

નવસારી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વધુ વેગવાન બનાવવા જિલ્લામાં પંચાયત દિઠ થતી તાલીમોમાં વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને ખેડૂતોને સારી રીતે પ્રાકૃતિક કૃષિની સમજ મળે તે રીતે તાલીમો કરવા ખાસ ભાર મુકયો હતો. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ.આર.ગજેરા, નાયબ ખેતી

અનુસંધાન પાના ૭ પર

# શુભેચ્છા એ મનનો ખોરાક છે, જે જીવનને સાકારાત્મક ઉર્જા આપે છે : કાનજી ભાલાળા

### અનુભવ જ માણસનું ઘડતર છે જે પ્રગતિનો મુખ્ય આધાર છે : કૌશીક ચિતલીયા



સુરત, તા.૨૨

લોકોને સકારાત્મક ઉર્જાવાન બનાવવા માટે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તારીખ ૨૧-૧૧-૨૦૨૪ ગુરૂવારે વરાછા બેંક ઓડીટોરીયમ ખાતે ૮૯માં અને આ વર્ષનો પ્રથમ થર્સ-ડે થોર્ટનું આયોજન થયું હતું. શ્રીકાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, આપણા શાસ્ત્રો વિચારોના પ્રવાહને મન કહે છે. મનમાં જેવા વિચારો ઉમેરીએ તેવા જીવનનું નિર્માણ થતું હોય છે. આપની સંસ્કૃતિ અજોડ છે. તેમાં વિજ્ઞાન પણ છે. જીવનની દિશા પણ છે. નવા વર્ષે લોકો શુભેચ્છાનો ઢગલો કરતા હોય છે. ત્યારે પ્રશ્ન થાય કે શું જીવનમાં મળેલી શુભેચ્છા કાર્ય કરે છે? ખરેખર મનથી કરેલી પ્રાર્થના, દિલથી આપેલા આશીર્વાદ કે સારા ભાવથી આપેલી શુભેચ્છા ચોક્કસ ઉર્જા આપે છે. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, શુભેચ્છા એમનો ખોરાક છે, જે જીવનને સકારાત્મક ઉર્જા આપે છે. શુભેચ્છા આપવી તે માણસના સ્વભાવમાં છે. આજકાલ તો માત્ર ઔપચારીકતા બની ગય છે. શુભેચ્છા ઉત્સાહભેર પુરા દિલથી આપવી જોઈએ અને એવા જ કૃતજ્ઞતા સાથે શુભેચ્છા સ્વીકારવી જોઈએ તે જીવનમાં હકારાત્મક અસર કરે છે. ખરેખર તો શુભેચ્છા આપવી અને સ્વીકારવી તે માનવી સહજપ્રકૃતિ છે. કોઈ કંઈ કહેતો તે તેનું છે. પરંતુ જયારે તે સ્વીકારો તો તે તમારૂં છે. કોઈની ટીકા કે કટુવાતો ન સ્વીકારો પરંતુ કોઈ શુભેચ્છા કે આશીર્વાદ આપે તો

અનુસંધાન પાના ૭ પર

# પુણા હેલ્થ સેન્ટરમાં દર્દીઓની તપાસ તથા સારવારમાં હાલાકી

સુરત, તા.૨૨

'આપ' કોર્પોરેટર શોભનાબેન કેવડિયાએ મ્યુનિ. કમિશ્નર શાલિની અગ્રવાલને પત્ર લખીને રજુઆત કરતા જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત વિવિધ હેલ્થ સેન્ટરો ખાતે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો નાણાંના અભાવમાં રાહત દરે સારવાર અર્થે આવતા હોય છે ત્યારે પ્રજાના વેરારૂપી નાણાંમાંથી પગાર અને વિવિધ ભથ્થાંઓ મેળવતા વિવિધ પાલિકાના કર્મચારીઓ, અધિકારીઓ પ્રજા પ્રત્યે તેમની ફરજ સંપુર્ણ નિષ્ઠાથી બજાવવાની હોય છે. પરંતુ આજરોજ શોભનાબેન કેવડિયાને મળેલ ફરિયાદ અંતર્ગત પુણા હેલ્થ સેન્ટર ખાતે તા.૧૯/૧૧/૨૦૨૪ના રોજ આવેલ દર્દીશ્રી લાલજીભાઈ તેમની સારવાર અર્થે ગયેલ હતા. જેમનો કેસ પેપર નંબર-જનરલ/૩૨૪૧૮/૦ છે. જેમને તેમની તબિયત બતાવતા ફરજ પરના ડોકટર દ્વારા તેમની શારીરિક તપાસણીમાં માત્ર બી.પી.ચેક કરવામાં આવેલ તેમજ તાવ ચેક કરેલ નહી, તથા તેમને એવું જણાવેલ કે, જો બાટલો આપને ચઢાવવામાં આવે તો આપની નસ ફાટી શકે એમ છે., એવું કહયાં પછી તેમને દવા આપીને રવાના કરી દીધા હતા. જે દવા લીધા પછી તેમની તબિયતમાં કોઇ ફેર નહી પડતા તેઓને તેમની કથળેલી તબિયતના કારણે ઘરના લોકો તે જ દિવસે ખાનગી દવાખાનામાં તેમની શારીરિક તપાસણી કરાવેલ હતી. જેમાં, તેમનો રિપોર્ટ કરાવતા ઝેરી મેલેરીયા ડિટેકટ થયેલ. જેથી

અનુસંધાન પાના ૭ પર

**પાલિકા સ્ટાફની બેદરકારીને લીધે દર્દીને ગંભીર શારીરિક અને માનસિક અસરો તેમજ આર્થિક નુકશાની વેઠવી પડે છે : શોભનાબેન કેવડિયા**

# વાંકલા ગામના આદિવાસી ખેડૂતે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીમાં મેળવી સફળતા

### ખેડૂત મિતુલભઆઈ ચૌધરીએ રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત ખેતીનો માર્ગ અપનાવ્યો

સુરત, તા.૨૨

રાસાયણિક દવા અને ખર્ચાળ ખાતરની ખેતીને તિલાંજલી આપીને ખેડૂતો ધીમે ધીમે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે, ત્યારે સુરત જિલ્લાના માંડવી તાલુકાના વાંકલા ગામના ખેડુત મિતુલભાઇ શંકરભાઇ ચૌધરીએ રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવ્યો છે. છેલ્લા ચાર વર્ષથી ગાયના છાણના ખાતર આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારૂ ખેત ઉત્પાદન અને આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે. તેમણે આ વર્ષે ૧.૫૦ વીઘા જમીનમાં નજીવા ખર્ચે શાકભાજી ટીંડોરાનું વાવેતર કરી મહિને રૂ.૩૦ હજારની આવક રળી રહ્યા છે. વાંકલા ગામના સરકણીયા ફળિયામાં રહેતા આદિવાસી ખેડૂત મિતુલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે,"પહેલાં અમે પરંપરાગત ખેતી કરતા હતા, પણ જ્યારથી મેં ખેતીમાં રસ લેવાનું શરૂ કર્યું,

અનુસંધાન પાના ૭ પર

ઈંડા પ્રેમી લોકોને સાવધાન થઈ જવાની ચોક્કસપણે જરૂર છે કારણ કે...

# દરરોજ બે ઈંડા ખાવાથી નુકસાન



જો તમે ઈંડા પ્રેમી છો તો આપના માટે ખરાબ સમાચાર છે. કારણ કે હાલમાં કરવામાં આવેલા વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો તમે દિવસમાં બે ઈંડા ખાઇ રહ્યા છો તો તે જીવલેણ બની શકે છે. આ નવા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે જો કોઇ વ્યક્તિ દિવસમાં બે અથવા તો વધારે ઈંડા ખાય છે તો તેના માટે હાર્ટ સંબંધિત રોગનો ખતરો વધારે છે. સાથે સાથે હાર્ટ સંબંધિત રોગોના કારણે મોતનો ખતરો વધારે છે. ૩૦ હજારથી વધારે લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. એક વર્ષના ગાળા સુધી ૩૦ હજાર લોકોની તબિયત અને ડાયટ પર ધ્યાન રાખીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમના આરોગ્ય અને ડાયટ પર ખાસ નજર રાખવામા આવી હતી. સાથે સાથે તેમની લાઇફસ્ટાઇલ કેવા પ્રકારની છે તે બાબતની પણ નોંધ લેવામાં આવી હતી. અમેરિકામાં વૈજ્ઞાનિકો એક વર્ષ સુધી સતત અભ્યાસ કરતા રહ્યા હતા. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ઈંડામાં જે કોલેસ્ટ્રોલ છે તે વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો આરોગ્ય પર માઠી અસર થાય છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે એક ઈંડામાં ૨૦૦ મિલિગ્રામ સુધી કોલેસ્ટ્રોલ હોય છે. આવી સ્થિતીમાં જો દરરોજ ૩૦૦ મિલિગ્રામથી વધારે ઉપયોગ કરવામા આવે તો હાર્ટ સંબંધિત બિમારી વધારે થવાનો ખતરો છે. સમય કરતા પહેલા મોતનો ખતરો ૧૮ ટકા સુધી વધી જાય છે. જાણકાર લોકો કહે છે કે બે ઈંડાથી વધારેનો ઉપયોગ દરરોજ કરવાથી બચવવાના પ્રયાસ કરવા જોઈએ. અગાઉ કરવામાં આવેલા અભ્યાસ કરતા બિલકુલ અલગ તારણ હવે જારી કરવામાં આવ્યા છે. અગાઉના અભ્યાસમાં અમેરિકામાં કહેવામાં આવ્યુ હતુ કે ઈંડા આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે. અગાઉના અભ્યાસમાં કહેવામાં આવ્યુ હતુ કે હાર્ટ માટે ઈંડા આદર્શ છે. અમેરિકાનાં ઈંડા સાથે સંબંધિત નિષ્ણાંત ડૉ. ડોન મેકનામારાએ ભારપૂર્વક કહ્યું છે કે, ઈંડાને લઈને લોકોમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. ઈંડા ખતરનાક છે તેવું તારણ ઘણાં અભ્યાસમાં આપવામાં આવી ચૂક્યું છે પરંતુ હવે ઈંડા હાર્ટ માટે આદર્શ હોવાની વાત કરવામાં આવી છે. હાર્ટ ફાઉન્ડેશને પણ પોતાની પ્રતિક્રિયા અગાઉ આપી હતી. એક સપ્તાહમાં છ ઈંડા અગાઉ ખાવા જોઈએ તેવી સલાહ આપવામાં આવી હતી. વરિષ્ઠ લોકો ઈંડા ખાતા ભય અનુભવે છે કારણ કે ૪૦થી વધુની વયમાં ડાયટ અને કોલેસ્ટેરોલને લઈને મોટી વયનાં લોકો ચિંતિત રહે છે પરંતુ અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, તમારી ખાવાની ચીજ-વસ્તુઓમાંક કોલેસ્ટેરોલ હાર્ટની તકલીફ માટે જોખમમાં ઉમેરો કરતાં નથી. ઈંડામાં ઘણાં મહત્વપૂર્ણ ઘટક તત્વો રહેલાં છે. ઈંડામાં લુટીન નામનું તત્વ રહે છે જે શરીરમાં ઘણી ખામીઓને દૂર કરે છે. અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, બ્રેકફાસ્ટમાં ઈંડાનો ઉપયોગ કરનાર લોકો વધુ સ્વસ્થ અને વધુ લાંબુ આયુષ્ય ધરાવે છે, આવા લોકોમાં બપોરનાં ભોજનમાં જમવાનો ખતરો પણ રહેતો નથી. તેમનું કહેવું છે કે, ઈંડામાં સર્વોચ્ચ ક્વૉલિટીનાં પ્રોટીનનાં તત્વો રહે છે તેમાં દરેક પ્રકારનાં વિટામિન અને ખનીજ તત્વો રહેલાં છે. ઈંડા ખાનાર લોકોને માત્ર વિટામિન-સીની જરૂર રહે છે. આ વર્ષની શરૂઆતમાં હાર્ટ ફાઉન્ડેશન દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં પોતાની માર્ગદર્શિકામાં સુધારા કર્યા હતાં અને એક સપ્તાહમાં છ ઈંડા ખાવાની સલાહ આપવામાં આવી હતી. ઈંડામાં રહેલા પોષક તત્વોને લઈને જુદા જુદા તારણ સપાટી પર આવી રહ્યા છે. હવે ઈંડાથી નુકસાન થાય છે તે બાબત સપાટી પર આવી છે. દરરોજ બે ઈંડા ખાવાથી નુકસાન થાય છે. અભ્યાસના તારણ સાથે કેટલાક લોકો હજુ પણ સહમત નથી. તેમનુ કહેવુ છે કે અભ્યાસમાં ઈંડાથી નુકસાન થાય છે તે અંગે કોઇ નક્કર કારણ આપવામાં આવ્યા નથી.

# હાઈટેક યુગમાં દાદા-દાદીઓની વાર્તાઓ વિસરાઈ ગઈ!

સુમારે અર્ધી સદી પૂર્વે દાદા-દાદીઓ ખાસ કરીને અકબર બીરબલની ખાસ વાર્તાઓ રાત્રિએ બાળકોને વેળાસર ઊંઘ આવી જાય એ વાસ્તે નિયમિત રીતે સંભળાવતા હતા! ખેર એ પૈકીની એક વાર્તા " બુંદ સે ગઈ વો હોજ સે નહીં આતી " ખૂબ રસપ્રદ અને હૃદયસ્પર્શી હોય જે અત્રે વાચકો અને ચાહકો સહિત હાઈટેક યુગ સારું પેશ કરેલ છે! મૂળે અને મુદ્દે...!અકબર રાજા ખૂબ શોખીન રાજા હતા, તેમને અત્તરનો બહુ શોખ હતો, તો એક વખત તેમને કોઈએ અત્તર ભેટમાં આપ્યું, તે અત્તરની શીશી લઈને પોતાના રૂમમાં બાદશાહ સલામત ગયા અને ત્યાં એમણે શીશી ખોલવાનો પ્રયત્ન કર્યો શીશી તો ખુલી પણ શીશીમાંથી અત્તરના બે ત્રણ ટીપાં નીચે પડી ગયા!તો અકબર રાજા નીચે વળી આંગળી વડે તેં ટીપાં લેવાનો પ્રયત્ન કરતા હતા તેજ દરમિયાન ત્યાં બીરબલ આવ્યો રાજાનું નીચે ટીપાં માંટે વળવું અને બીરબલનું આવવું!બીરબલ જોઇ રાજા તરત જ ઊભા થઈ ગયા!તે બંનેની નજર એકબીજા સામે મળી બીરબલ જોઈ અને અચરજ પામ્યો ! ભારતના શહેનશાહ રાજા અકબર જે મહાન રાજાઓમાં ગણતરી થાય છે એ એક નાનકડા ટીપા માટે નીચા નમીને આંગળીથી લઈ રહ્યા છે, તેમાં અડધું તો જમીનમાં શોષાઈ ગયું હશે!બીરબલને લાગ્યું કે આ આટલા બધા કંજૂસ રાજા હશે!?આમ તો દાનને ઘણું બધું કરતા હતા! બીરબલ કશું બોલ્યો નહી, અકબર રાજાને શરમ આવી પણ હવે શું થાય!? બિરબલ તો જે કામથી આવ્યો તો તે કામ પતાવીને જતો રહ્યો અને રાજાએ પોતાના રૂમમાં બેઠા બેઠા વિચારે ચડી - ગોટાડે ચઢી ગયા કે આ બીરબલ મારા માટે શું વિચારતો હશે!? કે આ રાજા આટલા બધા કંજૂસ છે!?આવું વિચાર તો હશે?

આખી રાત અકબર રાજાને ઊંઘ નહિ આવી!અકબર રાજાએ બીજા દિવસે સવારે વહેલા ઊઠીને પોતાનો હોજ હતો નાહવાનો એમાં અત્તર ભરી દીધું!ગામમાં એલાન કર્યુ અને જાહેરાત કરી કે જેને જેટલું અત્તર જોઈએ એટલું લઈ જાય! લોકો ડોલ ભરી ભરીને લઈ જતા હતા! અકબર રાજાએ આ દ્રશ્ય જોવા બીરબલને ત્યાં બોલાવ્યો! જો બીરબલ મારા રાજ્યમાં લોકો કેટલા સુખી છે,! ડોલ ભરીભરીને અત્તર લઈ જાય છે!તારે શું કહેવું છે!? આ બાબતમાં તો બિરબલ એ રાજાને કહ્યું, કે રાજાજી, "છોટા મુહ બડી બાત" મેરી કોઈ ગલતી હો તો માફ કરના જીહુઝૂર...! લેકિન આજ આપકો બતાતા હું કે, " બુંદ સે ગઈ વો હોજ સે નહીં આતી"! અકબર રાજા તો શરમના મારે કાંઈ બોલી પણ શક્યા અને ત્યાંથી ચાલ્યા ગયા! "બુંદ સે ગઈ વો...!હોજ સે નહીં આતી"! અલબત, હાઈટેક યુગમાં દાદા દાદીઓની વાર્તાઓ ખોવાઈ ગઈ!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**

# શિવલિંગની હિન્દુ ઉપરાંત બીજા કયા ધર્મોમાં પૂજા થાય છે?!

શિવમાં મ્હારો પોતીકો જીવ રહેલો હોવાથી તથા વારસામાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ પ્રાપ્ત થયેલ ધાર્મિક સંસ્કારો અન્વયે એક આધ્યાત્મિક ગહન અભ્યાસ મુજબ અત્રેથી શિવલિંગ વિષયક...! હિંદુ ધર્મમાં શૈવ મતના અનુયાયીઓ અને શિવમાં આસ્થા રાખનારા શ્રદ્ધાળુઓ માટે શિવમંદિરોમાં સ્થાપિત થયેલાં શિવલિંગની પૂજા એક મહત્ત્વપૂર્ણ વિધિ છે. જોકે, શિવલિંગનું મહત્ત્વ માત્ર હિંદુ ધર્મમાં જ છે, એવું નથી. અન્ય ધર્મોમાં પણ શિવલિંગની પૂજાનું વિધિવિધાન જોવા મળે છે! ખેર,હિન્દુ ધર્મમાં શિવને શંકર, મહાદેવ, રુદ્ર, પશુપતિ, નટરાજ જેવાં અનેક નામોથી ઓળખવામાં આવે છે. આ દેવતાનાં વિવિધ સ્વરૂપો છે, પરંતુ ભારતમાં મોટી સંખ્યામાં શિવપૂજા શિવલિંગના રૂપમાં થાય છે!અલબત્ત, શિવલિંગના સ્વરૂપમાં પણ પ્રાંત અને પરંપરા પ્રમાણે તફાવતો છે. ઉદાહરણ તરીકે, મુખલિંગ (શિવલિંગ પર શિવનું મુખ), લિંગોદ્ભવમૂર્તિ (શિવલિંગમાં બનેલી સંપૂર્ણ શિવ મૂર્તિ), પિંડિકા અથવા પિંડી અને લિંગાયત સંપ્રદાયોના ઇષ્ટલિંગ!અંતે,

શિવલિંગનો આકાર શેનું પ્રતીક છે!? તે અંગે ઘણા મતભેદો છે. કેટલાક લોકોના મતે, શિવલિંગ એ અગ્નિના સ્તંભનું પ્રતીક છે, જેને શિવપુરાણમાં 'અનલસ્તંભ' તરીકે ઓળખવામાં આવે છે. પુરાણકથા એમ પણ કહે છે કે આ સ્તંભનો કોઈ અંત નથી અને શરૂઆત નથી. આમ, જ્યોર્તિલિંગનો વિચાર અહીંથી આવ્યો હતો!શિવલિંગનો આકાર : જે સામાન્ય રીતે લંબચોરસ, નળાકાર આકારનું અને શાલુંકથી ઘેરાયેલું હોય છે, તે મોટા ભાગના લોકો માટે પરિચિત છે! આ આકારને શાયોનિક શિવલિંગ પણ કહેવામાં આવે છે અને એવી માન્યતા છે કે ટટ્ટાર લિંગ એ પુરુષની જનનેન્દ્રીયનું પ્રતીક છે અને શાલુંક સ્ત્રીની યોનિનું પ્રતીક છે!બલ્કે, નિષ્ણાતોનાં ભિન્નભિન્ન મતાનુસાર તે ગુપ્તાંગનું પ્રતીક હોવા છતાં તેની પાછળ કોઈ કામુક લાગણી નથી કિન્તુ તે પવિત્રતાની નિશાની છે! કેટલાકના અંગત મતે આ એક પ્રકારનું 'અદ્વૈત' છે! વધુ જાણકારી અને માહિતી કાશીનાં વિદ્વાન અને / અથવા ધર્મ ધૂરંધર પરમપુજનીય ૧૦૮ કનેથી પ્રાપ્ય...! શિવ શિવ શિવ!

# વિશેષ: ફ્રિલાન્સિંગ કામ કરીને મેળવો અઢળક આવક

આજકાલ ઑનલાઇન અને ફ્રિલાન્સિંગ કામ કરવાનું ચલણ ખૂબ વધ્યું છે અને એમાં કમાણી પણ અઢળક છે. કોરોનાકાળમાં લાગેલા લૉકડાઉનમાં મોટાભાગે કામ ઑનલાઇન થતું હતું. ત્યારબાદ હવે એ ઑનલાઇન કામ કરવાનો સિલસિલો હજી પણ ચાલુ જ છે. જોકે એમાં કમાણી ઘણી છે. આવા જ કામ વિશે આજે આપણે ચર્ચા કરીશું. ઑનલાઇન ટ્યુટર, અકાઉન્ટન્ટ અને ગ્રાફિક ડિઝાઇનરની એમાં બોલબાલા છે. આ ત્રણેય પ્રોફેશન્સ એવા છે કે જેની વધુ ડિમાન્ડ છે. જોકે એક વર્ગ એવો પણ છે કે જે ફ્રિલાન્સિંગથી ડરે છે.તેમને ફ્રિલાન્સિંગનું જોખમ નથી લેવું. કેટલાંય ક્ષેત્રો એવાં છે કે જેમાં સ્વતંત્ર નિષ્ણાતો ફ્રિલાન્સિંગ કામમાં રુચી દેખાડી રહ્યાં છે. સાથે જ તેઓ કાયમી નોકરીની સાથે પણ આવક રળી રહ્યા છે.કોવિડને કારણે આપણી રહેણી-કરણીની સાથે વિચારસરણી અને સ્થિતિને જોવાના નજરિયામાં પણ ફેરફાર આવ્યો છે. કરિયરને લઈને પણ પરિવર્તન આવ્યું છે. કોવિડ દરમિયાન જ લોકોએ ફ્રિલાન્સિંગ કામ કરવાની શરૂઆત કરી હતી. એને કારણે જે સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યો એને કારણે ફ્રિલાન્સર્સની સંખ્યામાં પણ વધારો થયો છે.

ખાસ કરીને ટ્યૂટર્સ, જેઓ ઑનલાઇન ક્લાસીસ ચલાવીને ઘરે બેઠા પૈસા કમાય છે. તેમને ટ્યૂશન આપવા માટે કોઈના ઘરે જવાની જરૂર નથી પડતી. દિવસ દરમિયાન અમુક કલાકો ઘરે રહીને વિદ્યાર્થીઓને ઑનલાઇન ભણાવવાનાં હોય છે અને બાદમાં આખો દિવસ ઘરમાં આરામ કરવાનો હોય છે.અકાઉન્ટન્ટ અને ગ્રાફિક ડિઝાઇનર પણ એવા બે પ્રોફેશનલ છે જેમને ફ્રિલાન્સિંગથી ઈન્કમ તો મળે જ છે, પરંતુ સાથે જ તેમનું ભવિષ્ય પણ સુરક્ષિત રહે છે. વર્તમાનમાં ભારતમાં અકાઉન્ટમાં વધેલી પ્રવૃત્તિઓને કારણે અકાઉન્ટની માહિતીની ખૂબ જરૂર હોય છે. જીએસટી લાગુ થવાથી દેશમાં લગભગ એકથી દોઢ કરોડ દુકાનદારો અને વેપારીઓને દર ત્રણ મહિને જીએસટી ભરવી પડે છે. આ કામ માત્ર અકાઉન્ટન્ટ જ કરી શકે છે.

જોકે અહીં નોંધવા જેવી બાબત એ છે કે તેમના પાસે એટલુ કામ નથી કે તેઓ એક જ ફર્મમાં રહીને આકર્ષક પગાર મેળવે. આ જ કારણ છે કે છેલ્લાં બે-ત્રણ વર્ષમાં કેટલીક કંપનીઓ મોટી સંખ્યામાં ફ્રિલાન્સિંગ અકાઉન્ટન્ટ પાસે કામ કરાવે છે. એથી ઑનલાઇન ટ્યૂશનની જેમ ઑનલાઇન અકાઉન્ટન્ટનું પણ સારું એવું કામ છે. આવી રીતે ફ્રિલાન્સિંગની પણ વધુ માગ છગ્રાફિક ડિઝાઇનર તો પહેલેથી જ ફ્રિલાન્સિંગ કામ કરે છે. ઑનલાઇન કામ કરવાની સગવડ હોવાથી હવે તેમને કામ માટે ક્યાંય જવાની જરૂર નથી. તેમને પોતાના ઘરે જ આરામથી કામ કરવાની સવલત મળી રહે છે. આ જ કારણ છે કે ગ્રાફિક ડિઝાઇનર ત્રીજું એવું પ્રોફેશન છે, જેને કામમાં કોઈ તકલીફ નથી પડતી.

આ ત્રણેય નોકરીઓ ફ્રિલાન્સિંગ માટે અનુકૂળ છે, કેમ કે તેમની પાસે ઑનલાઇન કામ કરવાનો પર્યાય છે. બાળકોને ભણાવવા માટે ટીચર્સને હવે લોકોના ઘરે જવાની જરૂર નથી. અકાઉન્ટ કે પછી ગ્રાફિકસના કામ માટે પ્રોફેશનલ્સ ઑફિસમાં જાય એવું જરૂરી નથી. તેમનો અવર-જવરનો સમય બચી જશઆ ત્રણેય પ્રોફેશન્સની ખૂબ ડિમાન્ડ છે અને આ ત્રણેય મજબૂત અને શાનદાર કરિયર બનાવી શકે છે. તેમને સમાજમાં પણ માન-સન્માન મળે છે. ઑનલાઇન ટ્યૂટરની વાત કરીએ તો તેમને વર્ષના દસથી પંદર લાખ રૂપિયા મળે છે.વાત કરીએ ગ્રાફિક ડિઝાઇનર અને અકાઉન્ટન્ટની તો તેઓ પણ વર્ષના છથી દસ લાખ રૂપિયા રળી લે છે.આ જ કારણ છે કે વર્તમાનમાં વિશેષ ક્ષેત્રે ફ્રિલાન્સિંગ કામનું ચલણ વધ્યું છે.

# મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાની થયેલી યોગ્ય કદર!



વડોદરા ગેંગરેપમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે સુરતના ડીજીપી નયન સુખડવાળાની નિમણૂક કરી સત્તાવાળાઓએ ખાસ કરીને નયન સુખડવાળાની ઉચિત કદર કરી તેમની સિદ્ધિઓનો સ્વીકાર કર્યો છે! જનધ્ય અપરાધીઓને ફાંસીનો માંચડો બતાવનાર મહારાષ્ટ્રના જાણીતા પબ્લિક પ્રોસિક્યુટર ઉજ્જવલ નિકમની સિદ્ધિઓને આપણે બિરદાવીએ છીએ પણ સાચી વાત એ છે કે નયન સુખડવાળા અત્યાર સુધીમાં આઠ જઘન્ય અપરાધીઓને ફાંસીનો માંચડો બતાવી શક્યા છે!જીવન અને મરણનો પ્રશ્ન આવે ત્યારે અપરાધીઓ પબ્લિક પ્રોસિક્યુટરને ખરીદવાની અથવા મારી નાખવાની ધમકી આપવાની કામગીરી કરતા હોય પણ નયન સુખડવાળાએ આવી અનેક લાલચો આવી હોઈ શકે છતાં ન્યાયનો પક્ષ લઈને અપરાધીઓને સજા થાય તે માટે કર્તવ્ય નિષ્ઠા બજાવી છે એ નિષ્ઠાને બિરદાવી સરકારે તેમનું ખરેખર તો પદ્મ એવોર્ડ આપી સન્માન કરવું જોઈએ! હજી પણ મોડું થયું નથી! કેન્દ્ર સરકારમાં સુરતનું સારું એવું પ્રતિનિધિત્વ છે અત્યારે તેમની પાસેથી આ બાબતમાં કંઈ નક્કર કામગીરી થાય એવી અપેક્ષા સહેજે રહે છે!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**

# સ્પોટ લાઈટ : બાળકોએ મનોબળ વધુ મજબૂત બનાવ્યું

જીવનમાં ઘણી વાર કેટલાક નિર્ણયો આવેગમાં લેવાઈ જતા હોય છે. આવેગ શાંત પડ્યા પછી એ નિર્ણય ઉતાવળે લીધો અને ભૂલભરેલો હતો એવા વિચારો દિલ-દિમાગને ઘેરી વળતા હોય છે. ખૂબ મહેનત કરીને, પૈસા બચાવી જોગેશ્વરીમાં ઊભું કરેલું ઘર, પતિ (માસ્તર) સાથેનું સહજીવન અસહ્ય થઈ પડતાં તાત્કાલિક છોડી તો દીધું, પણ પછી એક ઘેરથી બીજે ઘર મારે જે રીતે રઝળપાટ કરવો પડી રહ્યો હતોએ જોઈ ઘર છોડવાની ઉતાવળ તો નથી કરી ને એવા વિચારો ઘેરી વળ્યા. જોકે, માસ્તર સાથે રહેવાથી જે પીડા ભોગવતી હતી એની સામે ઘર બદલવાની તકલીફ તો મામૂલી હતી. ભવિષ્યનું ઘડતર હવે આપબળે જ કરવાનું હતું. કોઈ પણ લક્ષ્ય જાતે આપણી સાથે નથી આવતું. રસ્તામાં અનેક મુશ્કેલીઓ-વિઘ્નો આવે, પણ એનાથી અકળાયા વિના, એમાં અટવાયા વિના આગળ વધતાં રહેવાથી સફળતા મળે જ. ઘર બદલતાં રહેવાનો શારીરિક થાક લાગતો હતો, પણ હું નાસીપાસ નહોતી થઈ.

જોગેશ્વરીનું પોતાનું ઘર છોડી ભાઈના ઘરે દહિસર ગઈ અને ત્યાંથી ઉચાળા ભરી વિલે પાર્લે ભાડાંના ઘરમાં રહેવા ગઈ. જોકે, ત્યાં પણ સમસ્યા ઊભી થતાં બહુ જલદી ઘર છોડવું પડ્યું. જુહુમાં દરિયાકિનારા નજીક એક સેનેટોરિયમ હતું (આજે છે કે નહી એ હું નથી જાણતી) જ્યાં નજીવી રકમ ભરી ત્રણેક મહિના માટે રહેવા આપતા હતા.

આજે આપણે જોઈએ છીએ એ મુંબઈ તો કૉન્ક્રિટ જંગલ છે. દેશી નાટક સમાજમાં હતી ત્યારે મોટી ઉંમરના કલાકાર-કસબીઓ પાસે સેનેટોરિયમ વિશે સાંભળેલી વાત જણાવું છું. વર્ષો પહેલાં જ્યારે મુંબઈ વિસ્તર્યું નહોતું ત્યારે તળ મુંબઈ (ચર્ચગેટ, કાલબાદેવી, ગિરગામ વગેરે)માં રહેતા લોકો, વિશેષ કરીને ગુજરાતીઓ વૅકેશન પડે ત્યારે હવાફેર કરવા કાંદિવલીના સેનેટોરિયમ જતા. વિચાર કરો કે એ મુંબઈ કેવું હશે જ્યારે કાંદિવલી હવાફેરનું સ્થળ ગણાતું. આજે તો પ્રદૂષણે એવી માઝા મૂકી છે કે મુંબઈના લોકો હવાફેર માટે લોનાવલા, માથેરાન — મહાબળેશ્વર કે પંચગિની ઊપડી જાય છે. જાણવા જેવી વાત એ છે કે આજની તારીખમાં પણ મુંબઈમાં છૂટાછવાયાં સેનેટોરિયમ છે ખરાં. અલબત્ત સેનેટોરિયમમાં કંઈ બધાને રહેવા ન મળતું. માંદા-બીમાર અથવા વૃદ્ધજનો અરજી કરી રહેવા આવી શકતા હતા. આ સિવાય ભારે વરસાદ કે અન્ય કોઈ કારણસર કોઈ લોકો ઘરબાર વિનાના થઈ ગયા હોય એમને પણ આશરો મળી જતો હતો. મેડિકલ સર્ટિફિકેટ પણ આપવું પડતું જેમાં ડૉક્ટર સંબંધિત વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી એને માટે હવાફેર જરૂરી છે એવું લખી આપતા.



બદલાયેલા વાતાવરણમાં પૂરતી સારવાર મળવાથી લોકો સાજા-નરવા થઈ ત્યાંથી નીકળી પોતાના ઘરે જતા રહેતા. મેં પણ અરજી કરી અને મેડિકલ સર્ટિફિકેટ સુદ્ધાં આપ્યું. જોકે, મને કોઈ કરતાં કોઈ માંદગી નહોતી, પણ મારી પાસે રહેવા માટે ઘર નહોતું. સદ્નસીબે બે મહિના માટે રહેવાની પરવાનગી તો મળી ગઈ.બે મહિના પૂરા થાય એ પહેલાં વધુ એક મહિનો રોકાણ લંબાવવા માટે વિનંતી કરી શકાતી હતી. સંચાલકને કારણ યોગ્ય લાગે તો વધુ એક મહિનો રહેવાની છૂટ આપવામાં આવતી હતી. એટલે ત્રણ મહિના પૂરતો તો માથા પરના છાપરાનો પ્રૉબ્લેમ સોલ્વ થઈ ગયો. બાળકો અને બોરિયા-બિસ્તરાં લઈ પહોંચી ગઈ જુહુ સેનેટોરિયમ.બાળકોને ખબર પડી કે નજીકમાં જ દરિયો છે તો એકદમ આનંદમાં આવી ગયાં. મને કહેવા લાગ્યાં કે 'આઈ, આતા આપણ હે ઘર બદલાયચં નાહી. (મમ્મી, હવે અહીંથી ઘર નથી બદલવું.) નજીકમાં કેવો સુંદર દરિયાકિનારો છે.' એમની નિર્દોષતા, એમનું ભોળપણ જોઈ હું હસી પડી. એમનો ઉત્સાહ ટકાવી રાખવા માટે 'સારું. હવે આપણે અહીં જ રહેશું' એમ કહ્યું. અંદરખાને હું જાણતી હતી કે ત્રણ મહિના પછી કાં તો બીજું ભાડાંનું ઘર શોધી કાઢવું પડશે અથવા બીજા સેનેટોરિયમ માટે કોશિશ કરવી પડશે.

એક સમી સાંજે હું બાળકોને દરિયા કિનારે ફરવા લઈ ગઈ. ખુશનુમા દિવસ હતો. બાળકો રેતીમાં રમવા લાગ્યાં. નજીકમાં બીજાં બાળકો રેતીનો કિલ્લો બનાવી રહ્યાં હતાં એ જોઈ તેમને પણ ઇચ્છા થઈ આવી. પહેલાં ક્યારેય આવી કોશિશ નહોતી કરી, પણ પોતાની ઉંમરનાં જ અન્ય બાળકોને જોઈ તેમનો ઉત્સાહ વધી ગયો અને મહેનત કરી કિલ્લો તો નહીં, પણ એક નાનકડું ઘર બનાવી નાખ્યું. એ બંધાઈ ગયા પછી તેમના ચહેરા પર જે આનંદનો સાગર દેખાયો એમાં મેં મનોમન ડૂબકી મારી લીધી. 'કેવું લાગે છે?' એવા સવાલમાં મેં કહ્યું કે 'છાન' (છાન એટલે સુંદર) અને એ સાંભળી બાળકો જે મલકાયાં એ દૃશ્ય મારા માનસપટ પર અંકિત થઈ ગયું. જીવનમાં રહેલી વિષમતાઓ થોડી વાર માટે ઓગળી ગઈ. બાળકોના સહવાસમાં પરિસ્થિતિ સામે લડી લેવાનું મનોબળ વધુ મજબૂત બન્યું. એ દિવસ પછી જ્યારે પણ હું દરિયાકિનારે ગઈ છું, ખિલખિલાટ કરતાં મારાં બાળકોના ચહેરા મારી આંખો સામે તરવરવા લાગે છે અને મારામાં ગજબના ઉત્સાહનો સંચાર થાય છે.

ખુશખુશાલ બાળકો મારી આંગળી પકડી દરિયાનાં પાણીમાં છબછબિયાં કરવા જવા માટે કહેવા લાગ્યાં. મને પણ મારું બાળપણ યાદ આવી ગયું. 'સુજાતા'ના ગીતની પંક્તિઓમાં મારા કાનમાં ગુંજવા લાગી 'બચપન કે દિન ભી ક્યા દિન થે, ઊડતે ફિરતે તિતલી બન'પ દરિયાકિનારા પર બાળકો સાથે વિતાવેલી એ સાંજ મને બહુ હિંમત આપી ગઈ. ભરતી અને ઓટ તો દરિયામાં કાયમ થયા કરે, પણ એનાથી દરિયાની વિશાળતા ઓછી નથી થઈ જતી.સંધ્યાકાળ થવા આવી હતી અને ડૂબી રહેલો સૂરજ આવતી કાલે સવારે ફરી પ્રકાશ પાથરવા આવવાનો છે એની હૈયાધારણ આપતો ગયો.

'ભટનું ભોપાળું': કધયાવિક્રયનાં દૂષણનું નાટક

વિદેશી નાટકોથી પ્રભાવિત થઈ ગુજરાતીમાં અનેક નાટ્ય રૂપાંતર થયાં હતાં અને ભજવાયાં સુદ્ધાં હતાં. દલપતરામે ઈ. સ. પૂર્વે ૩૮૮માં પ્રાચીન ગ્રીક ભાષામાં લખાયેલાં અને પછી અંગ્રેજીમાં અનુવાદ થયેલાં 'પ્લુટસ' નાટક પરથી 'લક્ષ્મી' નામનું નાટક આપ્યું હતું. અમદાવાદની લોકપ્રિય નાટ્યસંસ્થા જવનિકાનું સર્વપ્રથમ નાટક હતું જ્યોર્જ બર્નાર્ડ શોના 'ડેવિલ્સ ડિસાઈપલ' ઉપરથી નિરંજન ભગત અને શશિકાન્ત નાણાવટીએ મળીને રૂપાંતર કરેલું 'શયતાનનો સાથી'. કવિ, નાટ્યકાર અને વિવેચક તરીકે આદર અને પ્રતિષ્ઠા મેળવનારા નવલરામ પંડ્યાએ 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' એ બે મહત્ત્વનાં નાટક આપ્યાં. 'ભટનું ભોપાળું' (૧૮૬૭) બ્રિટિશ મૅજિસ્ટ્રેટ અને લેખક હેન્રી ફિલ્ડિંગનાં અંગ્રેજી નાટક 'ધ મોક ડૉક્ટર' (૧૭૩૨) પર આધારિત હતું.જોકે, મિસ્ટર ફિલ્ડિંગનું નાટક ફ્રેન્ચ નાટ્યકાર મોલિયરના પ્રહસન (૧૬૬૬)નું રૂપાંતર હતું. ફ્રેન્ચ અને અંગ્રેજી રૂપાંતરનું હાર્દ જાળવી નવલરામે કધયાવિક્રય જેવા દૂષણને ઉઘાડું પાડવાના આશયે 'ભટનું ભોપાળું' લખ્યું હતું. સમકાલીન સમસ્યા સાથે તાલ મેળવી નાટક ધારી અસર ઉપસાવવામાં સફળ રહ્યું હતું.વયોવૃદ્ધ સાથે એક કધયાને પરણાવવાનો પેંતરો નિષ્ફળ બનાવી કધયાને તેના પ્રિય પાત્ર સાથે પરણાવવાનો નાટ્યકારનો આશય છે. ૧૯મી સદીમાં પૈસા માટે કુમળી કધયાને વૃદ્ધ સાથે પરણાવી દેવાની કુપ્રથા ફેલાયેલી હતી.

## તંત્રી લેખ...

શુક્રવાર, તા.૨૨ નવેમ્બર ૨૦૨૪

# આપને ભારે આંચકો

વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં લાગેલા આમ આદમી પક્ષને ભારે આંચકો લાગ્યો છે. દિલ્હી સરકારના પ્રધાન કૈલાશ ગેહલોતે પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. પક્ષના સંયોજક અરવિંદ કેજરીવાલને લખેલા પત્રમાં ગેહલોતે કહ્યું છે કે રાજ્ય સરકાર કેન્દ્ર સાથે ઝઘડામાં સમય વેડફી રહી છે. રાજ્ય સરકાર વિકાસ પર ધ્યાન આપવાને બદલે કેન્દ્ર સાથેની લડાઈમાં અટવાઈ છે; જેનાથી દિલ્હીને નુકસાન પહોંચી રહ્યું છે. તેમણે 'આપ'ની કાર્ય પ્રણાલી પર ગંભીર સવાલ કર્યો છે. મુખ્ય પ્રધાન નિવાસસ્થાનના નવીનીકરણ બાબતે વિવાદ અને યમુનાની દુર્દશા માટે પણ 'આપ'ને જવાબદાર ઠેરવી છે. મુખ્ય પ્રધાન આતિષીએ ગેહલોતના રાજીનામાનો સ્વીકાર કર્યો છે. વિધાનસભા ચૂંટણી પહેલાં પ્રધાન પદ અને પક્ષમાંથી રાજીનામાને લઈને કૈલાશ ગેહલોતે 'આપ'ની મુશ્કેલીઓ વધારી દીધી છે. ગેહલોત દિલ્હી સરકારના પ્રધાનમંડળના સ્તંભ માનવામાં આવતા હતા. તેમની પાસે પરિવહન, શાસનિક સુધાર, માહિતી અને ટેક્નૉલૉજી, ગૃહ, મહિલા અને બાળ વિકાસ વિભાગ હતા. નાયબ ગવર્નર વી. કે. સક્સેના સાથે સારા સંબંધ હોવાના પગલે સરકારમાં કામ કરાવવાનો ગેહલોતને લાભ મળી રહ્યો હતો. તેમના જેવા અનુભવી નેતાના રાજીનામાથી નવા પ્રધાનનું નામ પસંદ કરવાનું સંકટ 'આપ' માટે હવે છે. વાસ્તવમાં ગેહલોતે કેજરીવાલને પત્રમાં લખેલી વાતોમાં સચ્ચાઈ છે. 'આપ' યમુનાને સ્વચ્છ નથી કરી શકી અને સ્થિતિ એ છે કે તે પહેલાં કરતાં પણ વધુ ગંદી થઈ ગઈ છે. આ ઉપરાંત આપ સરકારનો બધો સમય કેન્દ્ર સરકાર સાથે વિવાદ કરવામાં જ વીતે છે. ગેહલોતની વાતોને નકારી ન શકાય કે તેઓ ભાજપની ભાષા બોલી રહ્યા છે અને તેમના પર ઈડી, સીબીઆઈ વગેરેનું દબાણ છે. દિલ્હી અને કેન્દ્ર સરકાર વચ્ચે દરેક મુદ્દા પર ખેંચતાણ ચાલુ રહેવાથી સૌથી અધિક નુકસાન દિલ્હીની જનતાને થયું છે. કારણ કે દિલ્હીની સમસ્યાઓ ઉકેલી નથી શકાતી કારણ કે બન્ને સરકારો વચ્ચે સરળ-સહજ-સહયોગ અને સમન્વયનો સદા અભાવ રહ્યો છે. ગેહલોતે પત્રમાં કેજરીવાલના નિવાસસ્થાનનો ઉલ્લેખ કર્યો છે તે કેજરીવાલ ઉપરાંત 'આપ'ની શાખને ભારે નુકસાન પહોંચાડનારો છે. કેજરીવાલના નિવાસસ્થાનના નૂતનીકરણ પર ૪૫ કરોડ રૂપિયાના થયેલા ખર્ચનો આજ સુધી 'આપ'નો સંતોષકારક જવાબ મળ્યો નથી. મુખ્ય પ્રધાન નિવાસસ્થાન નૂતનીકરણમાં કરોડોના ખર્ચ સહિત અનેક એવી માહિતી, અહેવાલ આવ્યાં છે જેનાથી 'આપ'ની ભ્રષ્ટાચાર વિરોધ પક્ષની છબીનો અધિક ક્ષય થયો છે. નવા પ્રચારની રાજનીતિ કરવાના 'આપ'ના તમામ દાવાઓ ખોટા પુરવાર થયા છે અને આ માટે માત્ર અરવિંદ કેજરીવાલ જવાબદાર છે. તેમના સહયોગી કે બીજાઓને આ માટે ગુનેગાર કેવી રીતે ઠેરવી શકાય?

**ગેહલોતે પત્રમાં કેજરીવાલના નિવાસસ્થાનનો ઉલ્લેખ કર્યો છે તે કેજરીવાલ ઉપરાંત ્રઆપ'ની શાખને ભારે નુકસાન પહોંચાડનારો છે. કેજરીવાલના નિવાસસ્થાનના નૂતનીકરણ પર ૪૫ કરોડ રૂપિયાના થયેલા ખર્ચનો આજ સુધી ્રઆપ'નો સંતોષકારક જવાબ મળ્યો નથી.**

# વિચારાધીન કેદીઓની મુશ્કેલી

એ તથ્ય ચિંતાજનક છે કે ભારતીય જેલોમાં ક્ષમતાથી વધુ કેદીઓને રાખવામાં આવી રહ્યા છે. આ કેદીઓમાં ૭૫ ટકા એ કેદીઓ છે જે વિચારાધીન છે. એવામાં કેન્દ્રીય ગૃહમંત્રીની એ ઘોષણા આશા જગાવે છે જેમાં કહેવામાં આવ્યું છે કે ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ સુધી પોતાની વધુમાં વધુ સજાની એક તૃતિયાંશ અવધિ કાપી ચૂકેલા કેદીઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.આ પગલાનું સ્વાગત થવું જોઈએ, પરંતુ તેમ છતાં ન્યાય સુનિશ્ચિત કરવાના માર્ગમાં ઘણાં રોડાં છે. મુશ્કેલી એ છે કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૭૯ જેવા હાલના વિધાયી સુધારા છતાં પ્રણાલીગત વિસંગતિઓ ઊભી જ છે. વિચારાધીન કેદીઓના છૂટકારામાં તેજી લાવવાના સુપ્રીમ કોર્ટના વલણે એક જટિલ સમસ્યાના નિરાકરણની જરૂર વ્યક્ત કરી. અસલમાં નોકરશાહીની સુસ્ત કાર્યપ્રણાલીને કારણે જેલમાં બંધ વિચારાધીન કેદીઓના છૂટકારામાં વિલંબ થતો રહ્યો છે. આ જ કારણ છે કે ગરીબ કેદીઓ માટે આર્થિક સહાયતાની જોગવાઈ જેવી સહાયક યોજનાઓ છતાં અમલ અસંગત રીતે થાય છે. જેને કારણે મોટી સંખ્યામાં વિચારાધીન કેદીઓ જેલોમાં બંધ છે. અસલમાં સમસ્યાનું મૂળ અપરાધિક ન્યાય પ્રણાલીમાં છે. જે સુધારાત્મક અને પુનર્વાસની પ્રાથમિકતાઓવાળા ન્યાયને બદલે દંડાત્મક ઉપાયોને પ્રાથમિકતા આપે છે. જ્યારે જામીન શરતો ઉદાર બનાવવામાં ન્યાયિક ખચકાટ, લાયક કેદીઓની ઓળખ કરવામાં પ્રણાલીગત વિલંબને કારણે આ મુદ્દાને જટિલતામાં ગૂંચવી નાખે છે. જ્યારે બીજી તરફ કાનૂની સેવા ઓથોરિટીને બદલે જિલ્લા કલેક્ટરો પર આ યોજનાની નિર્ભરતાએ આ પ્રાથમિકતાને ગૌણ બનાવી દીધી છે. અસલમાં જેલોમાં કેદીઓની ભીડ ઓછી કરવા માટે દેશને પ્રતીકાત્મક સમય સીમા કરતાં આગળ જવાની જરૂર છે. ન્યાય સુનિશ્ચિત કરવા માટે આપણે સમીક્ષા સમિતિઓના માધ્યમથી ઓળખ અને છૂટકારાની પ્રક્રિયા સુવ્યવસ્થિત કરવી પડશે, જ્યારે સામાજિક કાર્યકર્તાઓએ પણ આ પહેલમાં સામેલ થવું જરૂરી છે.જોકે ટેક્નોલોજી એકીકરણ અને સુધારાના ગૃહમંત્રી અમિત શાહના આશ્વાસન આશા જગાવે છે પરંતુ અમલમાં ઝડપ લાવવાની જરૂર છે. નિઃસંદેહ પ્રણાલીગત અડચણોને દૂર કરવા માટે ન્યાયપાલિકા, કાયદા પ્રવર્તન એજન્સીઓ તથા નાગરિક સમાજના પ્રતિનિધિઓ મળીને કામ કરવું જોઈએ. આપણે યાદ રાખવું જરૂરી છે કે ન્યાય મળવામાં વિલંબ થવો ન માત્ર કેદીઓને ન્યાયથી વંચિત કરે છે બલ્કે તે બંધારણમાં રહેલ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું પણ અતિક્રમણ છે. વિચારાધીન કેદીઓની દશામાં સુધાર કરવો માનવીય ગરિમા પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાની પરીક્ષા પણ છે. એવામાં જેલના સળિયા પાછળ કેદ લગભગ પાંચ લાખ કેદીઓનો અવાજ સાંભળવો જ જોઈએ. આ તાર્કિક અને ઠોસ કાર્યવાહી કરવાનો સમય પણ છે. ત્યારે જ વિચારાધીન કેદીઓને ખુલ્લી હવામાં શ્વાસ લેવાનો મોકો મળી શકશે. એ તથ્ય કોઈથી છૂપું નથી કે જેલોમાં જે જરૂરિયાતથી વધારે કેદી ભરેલા છે તેમાં મોટાભાગના ગરીબ એ વંચિત વર્ગના લોકો છે. તેમાં એવા ગરીબ લોકોની સંખ્યા વધારે છે જેમના જામીન લેનારું પણ કોઈ નથી. નીતિ નિયંતાઓએ યાદ રાખવું જોઈએ કે જેલોનો હેતુ પરિસ્થિતિવશ અપરાધની ગલીઓમાં જઈ પડેલા લોકોના જીવનમાં સુધાર લાવવાનો હોયછે, નહિ કે માત્ર દંડિત કરવાનો. ખૂંખાર અને ધીટ અપરાધીઓને છોડી દઈએ તો વિષમ હાલત કે આવેશમાં અપરાધ કરી બેઠેલા કેદીઓની માનસિકતા બદલીને તેમને જવાબદાર નાગરિક બનાવવા જેલોનો પહેલો મકસદ હોવો જોઈએ. ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે પણ નિર્દેશ આપ્યા હતા કે વિચારાધીન કેદીઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતઓ પર રિપોર્ટ તૈયાર કરવો જોઈએ, જેથી છૂટકારાની શરતોમાં ઢીલ આપી શકાય. એવામાં ખચાખચ ભરેલી જેલોને સુચારુ રૂપે સંચાલિત કરવા માટે વિચારાધીન કેદીઓને સમય રહેતાં ન્યાય અપાવવાની જરૂર છે. ભારત જેવા લોકતાંત્રિક દેશમાં ન્યાયિક વ્યવસ્થાને ચહેરો માનવીય હોવો જોઈએ. આ દૃષ્ટિકોણ પ્રગતિશીલ તો છે જ, સાથે જ ન્યાયપૂર્ણ પણ છે.

### દેખીતું છેકે આ બધાની પ્રવાસી ભારતીયો અને ભારત મોકલાતા ધન પર ગંભીર અસર કરશે.

# ઈમિગ્રેશન પ્રતિબંધોથી યુવાઓનાં સપનાં પર ગ્રહણ

૧૯૯૦ના દાયકાના મધ્યથી ભારતથી વિભિન્ન દેશોમાં જઈને કામ કરનારા લોકોનું પ્રવાસન વધતું ગયું, જેનાથી વિદેશોમાં આપ્રવાસી ભારતીયોની સંખ્યા દુનિયાભરમાં સૌથી મોટી બની ગઈ. પરિણામે, ભારતને મળનારી વિદેશી મુદ્રામાં પણ વધારો થયો અને સર્વાધિક વિદેશી ધન પ્રાપ્તકર્તાઓમાં એક બન્યું. કેનેડાની ઈમિગ્રેશન નીતિઓમાં થયેલ હાલના બદલાવ અને સંભવતઃ અમેરિકા પણ એવું જ કરશે, તેની અસર વિશેષ રૂપે દેશના એ રાજ્યો પર પડવાની સંભાવના છે, જ્યાંથી મોટી સંખ્યામાં લોકો ત્યાં ગયા છે. આ રાજ્યોમાં કેરળ, ગુજરાત, પંજાબ અને આંધ્ર પ્રદેશ સામેલ છે.ભારતના ઉલ્લેખનીય આર્થિક પ્રદર્શનમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણ (૧૯૯૧)ની ભૂમિકાનો ઉલ્લેખ કેટલાય અર્થશાસ્ત્રીઓ અદ્ધે વૈશ્વિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. આ પ્રયાસમાં આર્થિક નીતિમાં પરિવર્તનો સાથે જી-૭ રાષ્ટ્રો સાથે ભારતના સંબંધોનું પુનર્ગઠન પણ થયું, જી-૨૦માં ભારતની ભાગીદારીથી તેમાં ઓર વિસ્તાર થયો. તેનાથી ભારતને ભારે માત્રામાં વિદેશી મૂડી રોકાણ આકર્ષિત કરવા ઉપરાંત ઘરેલુ બચતના ઉચ્ચ દર અને રોકાણ મેળવવામાં મદદ કરી. ગયા વર્ષે દિલ્હીમાં જી-૨૦ બેઠકમાં ચીની બેલ્ટ એન્ડ રોડ પહેલ પરિયોજનાના વિકલ્પ રૂપે મધ્ય-પૂર્વ દેશોથી થઈને યુરોપ સુધી રેલ સંપર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.મોટી સંખ્યામાં શિક્ષિત ભારતીય કુશળ અને અર્ધકુશળ શ્રમિકોને પણ વિદેશોમાં નોકરીઓ મળેલી છે. તેને કારણે વિદેશોમાં આપ્રવાસી ભારતીયોની સંખ્યા વધતી ગઈ, હાલનાં વર્ષોમાં દુનિયાભરના આપ્રવાસી કામદારો દ્વારા પોતાના ઘરે મોકલાતા પૈસા મામલે ભારતીયોનું યોગદાન સૌથી ઉપર અને મોટું છે. આ આર્થિક નીતિ અને દેશના આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં સંતુલનને કારણે થયું છે. ભારતીય આપ્રવાસીઓની સંખ્યા ૨૦૦૦માં ૭૯ લાખથી વધીને ૨૦૨૩માં ૧.૮૯ કરોડ થઈ ગઈ. તે પોતાના ઘરે જે કમાણી મોકલે છે, તેનાથી પરિવારની ખરીદ શક્તિ વધે છે, સાથે જ આવાસ અને કારોબારમાં રોકાણ પણ. ભારતની વિદેશી મુદ્રા આવકમાં તેમનું યોગદાન ઉલ્લેખનીય છે. ભારતીય આપ્રવાસીઓની સૌથી મોટી ગણતરી અમેરિકામાં (૪૪.૬૦ લાખ) છે. અમેરિકાના ચાર નજીકના સહયોગી દેશોમાં આ ગણતરી - ઓસ્ટ્રેલિયા (૪.૯૬ લાખ), કેનેડા (૧૬.૮૯ લાખ), ન્યૂઝિલેન્ડ (૨.૪૦ લાખ) અને યુકે (૧૭.૬૪ લાખ) છે જેનાથી આ બધામાં કુલ સંખ્યા ૮૬.૪૯ લાખ થાય છે. જો યુરોપ ગયેલા આપ્રવાસીઓને પણ તેમાં ઉમેરી દેવામાં આવે તો આ ગણતરી ૧.૮૯ કરોડ થઈ જાય છે. મધ્ય પૂર્વના દેશો એક બીજું ક્ષેત્ર છે, જ્યાં ભારતીયોની હાજરી બહુ વધારે છે. યુએઇ, સઉદી અરબ, ઓમાન, કુવૈત અને કતરમાં ૮૫.૭૭ લાખ ભારતીય આપ્રવાસીઓ વસે છે.આ બંને ક્ષેત્રોની ઈમિગ્રેશન નીતિમાં એક મોટું અંતર છે. જ્યાં પશ્ચિમી દેશ આપ્રવાસીઓને સ્થાયી રૂપે વસવા અને તેમને નાગરિકતા પ્રદાન કરવાની અનુમતિ આપે છે, ત્યાં જ ખાડી દેશોમાં તેની પરવાનગી નથી અપાતી. તેથી ઈમિગ્રેશન માટે પશ્ચિમી દેશો પસંદગીનાં ગંતવ્ય બન્યાં. ૨૦૨૩માં ભારતને પ્રાપ્ત વિદેશી મુદ્રા પ્રેષણમાં અમેરિકા અને તેના ચાર નજીકના સહયોગીઓનો હિસ્સો ૩૫ ટકાથી વધારે રહ્યો. પ્રાપ્ત કુલ ૧૨૦ બિલિયન ડોલરમાં એકલા અમેરિકાનું યોગદાન ૨૩ ટકા રહ્યું, તેના બાદ યુકે (૬.૮ ટકા), કેનેડા (૨.૪ ટકા), ઓસ્ટ્રેલિયા (૧.૯ ટકા) અને ન્યૂઝીલેન્ડ (૧ ટકાથી ઓછું)નો હિસ્સો રહ્યો. યુરોપ સહિત પશ્ચિમી રાષ્ટ્રોનું સંયુક્ત યોગદાન ખાડી દેશોથી કંઈક વધારે છે, જેની કુલ વિદેશી મુદ્રા આવકમાં હિસ્સેદારી ૪૨ ટકા છે. આ પ્રકારે આ બંને ક્ષેત્રોનું સંયુક્ત યોગદાન ૮૫ ટકાથી વધારે છે. જેનાથી ભારતને પોતાના ભારે વિદેશી વેપાર ખાધને પૂરી કરવામાં મોટા પાયે મદદ મળે છે. ધન પ્રેષણના રાજ્યવાર આંકડાથી ખબર પડે છે કે યાદીમાં કેરળ સૌથી ઉપર છે, તેના પછી મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુ આવે છે.વિભિન્ન દેશોમાં મોટી સંખ્યામાં પંજાબી આપ્રવાસીઓ છતાં પંજાબ હજુ પણ આ રાજ્યો કરતાં પાછળ છે. તે એટલા માટે કે મોટાભાગના પંજાબી આપ્રવાસી યુકે, કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોમાં કેન્દ્રિત છે. જ્યાં તેઓ સ્થાયી રૂપે વસી ગયા છે, તેથી સમય સાથે તેમના દ્વારા મોકલાતા ધનનો પ્રવાહ ઓછો થતો ગયો. કેરળના આપ્રવાસી મોટાભાગે યુએઇ અને અન્ય અરબ દેશોમાં રહે છે, જ્યાં તે સ્થાયી રૂપે વસી નથી શકતા. જેને કારણે તેમના દ્વારા મોકલાતા પૈસા સૌથી વધારે છે. અન્ય દેશોના ઈમિગ્રેશન ભારતના શિક્ષિત અને કુશળ કર્મચારીઓ વચ્ચે બેરોજગારીનો બોજ ઓછો કરવામાં સહાયક રહ્યો છે. ભારતના આપ્રવાસી ન માત્ર વિદેશી મુદ્રા આવકનો બહુ મોટો સ્રોત છે, બલ્કે વિદેશોમાં ભારતીય સંસ્કૃતિ અને સદ્ભાવનાને પણ ઉત્તેજન આપે છે. તેઓ વિદેશોમાં પરંપરાગત વસ્તુઓની માંગ પણ પેદા કરે છે.૧૯૯૧માં ઉદારીકરણની નીતિ અપનાવ્યા બાદ, ભારત પોતાની ઘરેલુ જરૂરિયાતો, વધારાના ઉત્પાદન અને સેવાઓને વિદેશોમાં નિકાસ કરવા ઉપરાંત પોતાના પ્રશિક્ષિત કર્મચારીઓ માટે રોજગારના મામલે પણ વિદેશી અર્થવ્યવસ્થાઓ પર વધુ નિર્ભર થતું ગયું. આ જ કારણ છે કે પશ્ચિમી દેશોની ઈમિગ્રેશન નીતિઓમાં બદલાવ તેને ગંભીર રૂપે પ્રભાવિત કરી શકે છે. કેનેડાની ઈમિગ્રેશન નીતિમાં હાલમાં જ કેટલાય બદલાવ થયા છે જેમ કે મલ્ટીપલ એન્ટ્રી વિઝા ખતમ કરવા. એક અન્ય મહત્ત્વપૂર્ણ બદલાવ છે, સ્થાયી નિવાસ એટલે કે પીઆર જોગવાઈને લઈને. તેના પહેલાં, જે છાત્રોએ પોતાની ડિગ્રી કે ડિપ્લોમા પૂરા કરી લીધા હોય તેમને અસ્થાયી વર્ક પરમિટ મળી જતી હતી અને થોડા સમય બાદ તેમને પીઆર એટલે કે સ્થાયી નિવાસ અનુમતિ મળી જતી હતી. પરંતુ આ જોગવાઈના નિયમોને હવે કડક કરી દેવાયા છે અને બહુ સીમિત સંખ્યામાં જ છાત્રોને પીઆર મળી શકશે.ગયા વર્ષે કેનેડા સરકારે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે એક શરત રૂપે વિદેશી છાત્રોની ગુજારા ખર્ચની અગ્રીમ જમા રકમ બેગણી કરી દીધી હતી. પીઆર નિયમો અને વિઝા નીતિમાં બદલાવોએ ભારતીયો સહિત મોટી સંખ્યામાં વિદેશી છાત્રો માટે પોતાનું શિક્ષણ પૂરું કર્યા બાદ કેનેડા છોડવા મજબૂર થવાનો ખતરો પેદા કરી દીધો છે. પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના છાત્રો અને શ્રમિકો માટે કેનેડા એક પસંદગીનું ગંતવ્ય સ્થળ રહ્યું છે. ૨૦૨૩માં કેનેડામાં ભારતીય છાત્રોની સંખ્યા ૪.૨૭ લાખ હતી, જેમાંથી ૧.૪૭ લાખ પંજાબના હતા. તે ઉપરાંત મોટી સંખ્યામાં યુવા પંજાબીઓ પાસે અસ્થાયી નિવાસ પરમિટ છે જે ખતમ થવાના આરે છે. તેમાંથી ૧.૫ લાખથી વધારે પર નિર્વાસનની તલવાર લટકી રહી છે. તેમાંના કેટલાય યુવા પોતાની સમસ્યાઓને ઉજાગર કરવા કેનેડાભરમાં પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ તેમની પરેશાનીઓ તરફ કોઈ ધ્યાન નથી આપતું.હાલમાં અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની સત્તામાં પાછાફર્યા છે. તેઓ અમેરિકા ફર્સ્ટ નીતિ માટે પ્રતિબદ્ધ છે અને ઈમિગ્રેશન નીતિઓને કડક કરી શકે છે. આ પ્રકારના બદલાવના સંકેત અન્ય પશ્ચિમી દેશોમાં પણ દેખાઈ રહ્યા છે.

### ભારત જ્યારે પણ પાકિસ્તાની હરકતોને કારણે તેની સાથે ક્રિકેટ રમવાનો ઈનકાર કરે છે

# ક્રિકેટ અને આતંકવાદ સાથે ન ચાલે

પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી મામલે હાલમાં તો ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બોર્ડ (આઈસીસી)ને એ જણાવી દીધું છે કે તેમની ટીમ પાકિસ્તાનમાં રમવા નહીં જાય. સમાચાર છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ આઈસીસીને પૂછ્યું છે કે બીસીસીઆઇ એ જણાવે કે તે કયાં કારણોસર પોતાની ટીમને તેમના દેશમાં નથી મોકલી રહી. ખબર નહીં બીસીસીઆઇ શો જવાબ આપે છે અને તેના જવાબથી પીસીબી સંતુષ્ટ થા છે કે નહીં, પરંતુ કહેવું મુશ્કેલ છે કે ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન જશે. હાલમાં એ પણ નક્કી નથી કે જો ભારતીય ટીમ પાકિસ્તાનમાં નથી જતી તો ત્યાં ચેમ્પિયન્સ ટ્રોફી થશે કે નહીં? એ પણ સ્પષ્ટ નથી કે જો ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં નહીં થાય તો પછી અન્ય દેશમાં હાઈબ્રિડ રીતે થશે? તે અંતર્ગત કેટલીક મેચો પાકિસ્તાનમાં રમાઈ શકે છે અને કેટલીક અન્ય દેશમાં. એશિયા કપ પણ આ જ પ્રકારે યોજાઈ ચૂક્યો છે, તેથી આ સંભાવનાનો ઈનકાર ન કરી શકાય. આ બધા વચ્ચે પીસીબી એના પર ભાર મૂકી રહ્યું છે કે અમે હાઈબ્રિડ મોડલ નહીં અપનાવીએ, પરંતુ કદાચ તેને એવું કરવા માટે મજબૂર થવું પડે, કારણ કે જો બીસીસીઆઇ જીદે ચડી જાય કે તે પોતાની ટીમ પાકિસ્તાન નહીં મોકલે તો પછી પીસીબી અને આઈસીસી સામે ભારત વિના ચેમ્પિયન્સ ટ્રોફી કરાવવાની નોબત આવી શકે છે. જો એવું થાય છે તો આ ટ્રોફીનું આકર્ષણ જ ફિક્કું પડી શકે છે. એટલું જ નહીં, આઈસીસીને આર્થિક ક્ષતિનો પણ સામનો કરવો પડશે, કારણ કે જે પ્રતિયોગિતામાં ભારત નહીં રમે, તેમાં ભારતીય કંપનીઓ પણ શું કામ જાહેરાત આપે?

ક્રિકેટના સૌથી વધુ દર્શક ભારતમાં છે અને ભારતીય કંપનીઓ મોટી સંખ્યામાં એ મેચોમાં આયોજક-પ્રાયોજક બને છે, જેમાં ભારતની ભાગીદારી હોય છે. જો પાકિસ્તાન ભારત વિના ચેમ્પિયન્સ ટ્રોફી કરાવવા અડગ રહે તો બ્રોડકાસ્ટર પોતાના હાથ ઊંચા કરી શકે છે. આમ ચેમ્પિયન્સ ટ્રોફીનું ભવિષ્ય અધ્ધરતાલ છે, તેથી તેના પર ખૂબ ચર્ચા થઈ રહી છે કે ભારતીય ટીમે પાકિસ્તન જવું જોઈએ કે નહીં? આ ચર્ચા વચ્ચે જ પીસીબીએ એ નક્કી કર્યું કે તે ચેમ્પિયન્સ ટ્રોફીનું પ્રદર્શન પોતાના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરના શહેરોમાં પણ કરાવશે. બીસીસીઆઈએ તેના પર વાંધો ઉઠાવ્યો એટલે આઈસીસીએ પીસીબીનો કાન આમળીને એમ ન કરવા ચેતવણી આપી.

પીસીબીએ પોતાનાં પગલાં પાછાં ખેંચવાં પડ્યાં. તેનાથી પીસીબીની સાથે પાકિસ્તાનની પણ ફજેતી થઈ. આખરે પીસીબીએ આ હરકત કેમ કરી? શું તેને ખબર ન હતી કે એના પર બીસીસીઆઇ જ નહીં, ભારત સરકાર પણ વાંધો ઉઠાવશે? સ્પષ્ટ છે કે પીસીબી ભારતને ઉશ્કેરવા માગતું હતું. કોઈપણ સમજી શકે છે કે પીસીબીએ આ કામ સરકાર અદ્ધે તેને નિયંત્રિત કરનારી સેનાના ઈશારે જ કર્યું હશે. ખુદ પીસીબીના ચેરમેન રહેલા નજમ શેઠીનું એવું માનવું છે કે ચેમ્પિયન્સ ટ્રોફીની ગુલામ કાશ્મીરમાં પ્રદર્શનનો ફેંસલો પાકિસ્તાની સેનાના કહેવા પર જ લેવામાં આવ્યો. સ્પષ્ટ છે કે પાકિસ્તાન મુદ્દે એ વાતનો કોઈ મતલબ નથી કે ક્રિકેટને રાજકારણથી અલગ રાખવું જોઈએ.

ભારત જ્યારે પણ પાકિસ્તાની હરકતોને કારણે તેની સાથે ક્રિકેટ રમવાનો ઈનકાર કરે છે તો તેને દુનિયાભરમાંથી એવો ઉપદેશ સાંભળવા મળે છે કે રમતને રાજકારણથી અલગ રાખવી જોઈએ. ભારતમાં પણ અમન કી આશાના ઝંડા લઈને ફરતા કેટલાય લોકો આવી સલાહો આપતા ફરે છે. પરંતુ યાદ કરો કે આવો ઉપદેશ આપનારા લોકોએ હાલમાં જ રશિયાને પેરિસ ઓલિમ્પિકમાંથી બહાર કરી દીધું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીનું ભવિષ્ય જે થાય તે, એ જાણવું જરૂરી છે કે ભારતીય ટીમે પાકિસ્તાન જવાનું ક્યારથી બંધ કર્યું. એવું નવેમ્બર ૨૦૦૮માં મુંબઈમાં ભીષણ આતંકી હુમલા બાદથી કરવામાં આવ્યું. આ હુમલામાં ૧૬૦થી વધારે લોકો માર્યા ગયા હતા. આ હુમલામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ અને તેની સેનાનો હાથ હતો. વિટંબણા એ છે કે નવેમ્બરમાં જ તેના પર ચર્ચા થઈ રહી છે કે ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાન જવું જોઈએ કે નહીં? જેમને લાગે છે કે ભારતે ખેલ ભાવના અંતર્ગત પોતાની ટીમ પાકિસ્તાન મોકલવી જોઈએ, તેમણે ધ્યાન આપવું જોઈએ કે શું પાકિસ્તાને મુંબઈ હુમલાના ગુનેગારોને દંડિત કરવા માટે કશું કર્યું છે? તેણે કશું જ નથી કર્યું.

મુંબઈ હુમલાનું ષડયંત્ર કરનારા આજે પણ પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે - ઠીક એવી જ રીતે જેમ પઠાણકોટ અને અન્યત્ર આતંકી હુમલાનું કાવતરું કરનારા ફરી રહ્યા છે. મુંબઈમાં હુમલો કરવા આવેલા આતંકીઓને ફોન પર નિર્દેશ આપનારા લશ્કરના આતંકી વડા ઝકીઉર રહમાન લખવીને ભારતના દબાણમાં જેલમાં મોકલવાનું કામ અવશ્ય કરવામાં આવ્યું હતું, પરંતુ તે ભારત અને દુનિયાની આંખોમાં ધૂળ નાખવા માટે જ હતું, તેની જાણ ત્યારે થઈ, જ્યારે એ સમાચાર આવ્યા કે 'જેલ'માં રહેવા દરમ્યાન જ તે પિતા બની ગયો! હાલમાં જ તેને રાવલપિંડીમાં ખુલ્લેઆમ ફરતો જોવામાં આવ્યો. સ્પષ્ટ છે કે પાકિસ્તાનની મુંબઈ હુમલાના ગુનેગારોને દંડિત કરવામાં કોઈ દિલચસ્પી નથી. તેને એ પૂછવું જોઈએ કે જો તેને એમાં રસ હોય કે ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન આવે તો એમાં કોઈ રુચિ કેમ નથી કે મુંબઈ હુમલાના ગુનેગારો દંડિત થાય?

એ સાચું કે પાકિસ્તાનના તમામ લોકોની એ બહુ ચાહત હોય છે કે ભારતીય ક્રિકેટરો તેની ધરતી પર રમવા આવે, પરંતુ શું ભારત એ ભૂલી જાય કે મુંબઈ હુમલાના ગુનેગાર પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે? પાકિસ્તાનને એ ખબર પડવી જોઈએ કે મુંબઈ હુમલાના ગુનેગારોને પોષવાને કારણે જ ભારતીય ટીમ તેને ત્યાં રમવા નથી આવતી. અને એમ પણ કોઈપણ રમત-કલા કરતાં દેશ સર્વપ્રથમ જ હોવો જોઈએ.

### સરકારે ઘણા દેશોમાંથી ભારતીયોનાં ખાતાંની માહિતી મેળવવાનું શરૂ કરી દીધું છે

# ગોલ્ડ સ્કીમમાં બેહિસાબી સોનું?

## સરકારે કરેલી જાહેરાત અનુસાર આ સ્કીમ હેઠળ ડિપોઝિટ પર વેલ્થ ટેક્સ, ઈન્કમ ટેક્સ કે કેપિટલ ગેઈન ટેક્સ નહીં લાગે,

ગોલ્ડ મનીને લગતી યોજનાની જાહેરાત થઇ ત્યારથી તેને માટે ઝેવરી બજારથી માંડીને આમ વર્ગમાં ભારે ઉત્સુકતા જાગી છે. ઘરના કબાટમાં કે બેન્કના લોકરમાં પડી રહેલા સોનાને જો આ યોજના હેઠળ મૂકવામાં આવે તો તે કમાણી કરાવી આપે એ વિચાર જ ઉત્સુકતા પ્રેરક છે. જોકે, આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે, તેમાં કેટલીક ખામીઓ પણ છે અને સૌથી મોટો ભય બ્લેકમનીને લગતો છે. એક તરફ સરકાર બ્લેક મનીને ધોઇ નાંખવાના મિશનની વાત કરે છે, બીજી તરફ વિદેશમાંથી કાળું નાણું પાછું લાવવાના બ્યુગલો વગાડવામાં આવે છે અને સાથે એવી યોજનાઓ પણ રજૂ કરે છે કે જેનો ઉપયોગ મની લોન્ડરીંગ માટે થઇ શકે? એક તર્કની દૃષ્ટિએ જોઇએ તો સામાન્ય અને નીચલા થરના લોકો આ યોજનામાં સહેલાઇથી સોનું મૂકવા તૈયાર થાય એવી શક્યતા ઓછી છે. આ વર્ગ પોતાના વારસામાં મળેલા કે દહેજમાં મળેલા ઘરેણાં તોડાવવા તૈયાર થાય એ માનવામાં આવે એવી વાત નથી. એ જ રીતે, જે શ્રીમંત વર્ગ છે તેમની પાસે સોનાના બિસ્કીટ તો પડ્યાં હશે, પરંતુ માત્ર બે ટકા જેવા મામૂલી વ્યાજ માટે આ વર્ગના લોકો સરકારની આંખમાં આવી જવાનું જોખમ લેવા તૈયાર થાય એવું લાગતું નથી. આ જ દિશામાં વિચારને આગળ વધારતા નાણાકીય ક્ષેત્રના નિષ્ણાતો એવો તર્ક રજૂ કરે છે કે, સરકારે ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમનો જે મુસદ્દો તૈયાર કર્યો છે તેના હેઠળ સોનાના સ્વરૂપમાં બેહિસાબી આવક ધરાવતા લોકો તેને કાયદેસરની મિલકતમાં ફેરવી શકે છે.

આ સંદર્ભે બુલિયન એનાલિસ્ટે એવી માહિતી આપી હતી કે નાણાં મંત્રાલયે આ યોજનાનો મની લોન્ડરિંગ માટે ઉપયોગ ન થાય તેની કાળજી લેવાની વાતો કરી છે, જોકે અનેક બાબતો અસ્પષ્ટ અને અદ્ધર જણાય છે. સરકાર રોકડમાં છૂપાવાયેલા બ્લેક મની સામે આકરા પગલાં લઇ રહી છે, પરંતુ ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ સફળ થાય તેવું ઇચ્છે છે,

તે જોતાં લોકો બેન્કમાં સોનું ડિપોઝિટ કરાવવા જશે ત્યારે તેને સોનું કઇ આવકમાંથી ખરીદવામાં આવ્યું તેના સવાલ પૂછવામાં નહી આવે તેમ નિષ્ણાતો માને છે. સરકારે કરેલી જાહેરાત અનુસાર આ સ્કીમ હેઠળ ડિપોઝિટ પર વેલ્થ ટેક્સ, ઇન્કમ ટેક્સ કે કેપિટલ ગેઇન ટેક્સ નહી લાગે, પરંતુ બેન્કોએ તેમાં નો યોર કસ્ટમર (કેવાયસી) પ્રક્રિયા કરવી પડશે. આ સ્કીમમાં ખાતેદારે સોનાની ખરીદીના કે ભૂતકાળમાં વેલ્થ ટેક્સ ભર્યાના પૂરાવા આપવા પડશે કે નહી તેની ડ્રાફ્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી. જો આ પૂરાવા માંગવામાં નહી આવે તો લોકો માટે બેન્કમાં સોનું મૂકવું સરળ બનશે. નિષ્ણાતો માને છે કે આ પરિસ્થિતિમાં માલેતુજાર લોકો (એચએનઆઇ) આ સ્કીમનો ગેરફાયદો ઉઠાવે તેવી શક્યતા છે, કારણ કે આ રીતે તેમને એક પ્રકારે મની લોન્ડરીંગ જેવો લાભ મળી શકે છે. ટોચની બ્રોકીંગ ફર્મના કોમોડિટી એન્ડ કરન્સીના હેડે જણાવ્યું કે સ્વાભાવિક છે કે જો કોઇ સવાલ પૂછવામાં નહી આવે તો સ્કીમ ભારે સફળ રહેશે. એચએનઆઇ ઇચ્છે છે કે તેમને કરવેરાને લગતી કોઇ સમસ્યાનો સામનો ન કરવો પડે. કરવેરા ક્ષેત્રના નિષ્ણાતે કહ્યું કે, સોનાની ખરીદી કે વેલ્થ ટેક્સ ચુકવણી વિશે કોઇ પ્રશ્ન ન પૂછાય તો લોકોને ચોક્કસ રાહત મળશે. જોકે, સરકાર બ્લેક મનીને અવરોધવાનું મિશન ધરાવતી હોવાથી હાલ એવી સંભાવના હાલ તો જણાતી નથી. સરકારને ખાધ ઘટાડવાની ચિંતા પણ સતાવી રહી છે અને સામે ક્રૂડ ઓઇલના ભાવ ફરીથી વધવા માંડ્યું છે, ત્યારે કદાચ કુણું વલણ અપનાવે એવી શક્યતા પણ નકારી ન શકાય. એ બાબત નોંધવી રહી કે, ભારતીયો પાસે લગભગ ૨૪,૦૦૦ ટન સોનું હોવાનો અંદાજ છે જેનું મૂલ્ય રૂ. ૬૩ લાખ કરોડ થાય છે. આ રકમ દેશના અડધા જીડીપી જેટલી છે.

જોકે, એક વર્ગ માને છે કે આખરે જે નીતિ લાગુ થશે તે વધારે કડક રહેવાની શક્યતા છે. તેમના મતે સરકાર બ્લેક મની સામે આકરી કાર્યવાહી કરી રહી છે ત્યારે સોનામાં આવી છૂટ અપાય તે અંગે શંકા છે. એવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવે છે કે લોકો બ્લેક મનીથી સોનું ખરીદશે અને પછી એ જ સોનું આ સ્કીમ હેઠળ બેન્કમાં મૂકશે. જોકે, સરકારે બ્લેક મની સામે કડક કાયદો પસાર કરાવ્યો છે જેમાં ભારતીયોની વિદેશસ્થિત એસેટ્સ આવરી લેવાઇ છે.

દેશની અંદર બ્લેક મનીને નિયંત્રણમાં રાખવા સરકારે બેનામી પ્રોપર્ટી લો પણ ઘડ્યો છે. વધારે પડતા નિયમોના કારણે ગોલ્ડ ડિપોઝિટ સ્કીમને અસર થઇ શકે છે.ગોલ્ડ ડીલરો અને ખુદ કેટલાક બેન્કરો પણ એવો અભિપ્રાય ધરાવે છે કે, આવકવેરા વિભાગ દ્વારા વધારની કોઇ સ્ક્રુટિની કરવામાં નહી આવે તો જ આ યોજના સફળ થઇ શકશે.બાકી બે શક્યતા ચોખ્ખી ઉપસી આવે છે કે કરવેરા અધિકારીઓ નહી ત્રાટકશે એવી ખાતરી મળશે તો જ આ યોજના ખરા અર્થમાં સફળ થશે, અને જો એવી ખાતરી મળશે તો બ્લેક મનીને વ્હાઇટ મનીમાં ફેરવવા માટે લોકોને આ સરળ માધ્યમ મળી રહેશે. એક અંદાજે ભારત દર વર્ષે ૧,૦૦૦ ટન સોનાની આયાત કરે છે.સરવાળે જો સરકાર સોનું ક્યાંથી લાવ્યાં અને તેના નાણાં ક્યાથી લાવ્યાં એવી પૂછપરછની શરત ન રાખે તો આ યોજનાને બહોળો પ્રતિસાદ મળે એવી શક્યતા બુલિયન ડીલરોને દેખાઇ રહી છે. જોકે, એવું ન કરે તે બ્લેકમનીના મનીલોન્ડરિંગને મોકળું મેદાન મળી જાય એવો ભય પણ ઊભો છે. આમ જોવા જઇએ તો સરકારની હાલની કવાટત પરથી એવું લાગે છે કે તે કાળું નાણું પકડી પાડવા માટે ખરેખર તત્પર છે.



# અનુરાગની મ્યુઝિકલ લવ સ્ટોરીમાં શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી

## કાર્તિક -તૃપ્તિ ‘ભૂલભુલૈયા ૩’માં કામ કરી ચૂક્યા હોવાથી ફ્રેશ જોડી દર્શાવવા લેવાયો નિર્ણય

અનુરાગ બાસુ એક રોમેન્ટિક અને મ્યુઝિકલ લવ સ્ટોરી બનાવી રહ્યા હોવાના અહેવાલો છેલ્લાં ઘણા વખતથી આવી રહ્યા છે. ત્યારે હવે આ ફિલ્મ અંગે નવી અપડેટ આવી છે. પહેલાં આ ફિલ્મમાં કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરી લીડ રોલ કરવાના હતા. હવે નવા અહેવાલો અનુસાર હવે શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી છે. લોકો કાર્તિક અને તૃપ્તિને ‘ભૂલભુલૈયા ૩’માં જોઈ ચૂક્યા છે, તેથી અનુરાગ બાસુ અને ફિલ્મના પ્રોડ્યુસર ભુષણ કુમારે લોકોને એક નવી અને તાજગીસભર જોડી બતાવવા માટે આ નિર્ણય લીધો છે.

એવી ચર્ચા છે કે આ ‘આશિકી ૩’નું જ એક વર્ઝન છે, પરંતુ મુકેશ ભટ્ટ સાથે ફિલ્મના અધિકારો અંગે વિવાદ થતાં આ ફિલ્મને અલગ મ્યુઝિકલ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ માટે યાદગાર ગીતો આપવા માટે જાણીતા પ્રિતમ દ્વારા સંગીત તૈયાર કરવામાં આવી રહ્યું છે, એવા ગીતો કમ્પોઝ કરી રહ્યા છે જે ફિલ્મની ભાવનાત્મક બાજુની તીવ્રતાને પણ અનુરૂપ થઈ શકે.

આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થવાનું હોવાની ચર્ચા છે. ત્યાં સુધી કાર્તિક અને શર્વરી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચશે અને ફિલ્મ માટે વર્કશોપ કરીને રોલની તૈયારીઓ કરશે. આ બંને કલાકારો ફિલ્મ કરવા માટે ઉત્સુક છે તેમજ દર્શકોને તરોતાજા રોમેન્ટિક ફિલ્મ આપવા તૈયાર છે.

આ પહેલાં અનુરાગ બાસુ તેમની ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’નું કામ પૂરું કરશે, જેમાં આદિત્ય રોય કપુર, સારા અલી ખાન અને પંકજ ત્રિપાઠી જેવા કલાકારો કામ કરી રહ્યાં છે.

હાલ કાર્તિક ‘ભૂલભુલૈયા ૩’ની સફળતાનો આનંદ લઈ રહ્યો છે. હવે પછી તે ‘પતિ પત્ની ઔર વો ૨’માટે કામ શરૂ કરશે.

# ટ્રાફિક ભંગ થતો જોઈ બિગ બી એન્ગ્રી યંગ મેન બની જાય છે

અભિષેક બચ્ચનની ફિલ્મ ‘આઈ વોન્ટ ટુ ટોક’ આવી રહી છે, જે શુજિત સરકાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મના પ્રમોશન માટે અભિષેક, શુજિત તેમજ ફિલ્મના લેખક અર્જૂન સેન કૌન બનેગા કરોડપતિ ૧૬ના સેટ પર આવવાના છે. આ એપિસોડ અમિતાભ અને અભિષેક સાથે મળીને હોસ્ટ કરવાના છે. આ એપિસોડમાં અભિષેકે જણાવ્યું હતું કે, ટ્રાફિક ભંગ થતો જોઈને બિગ બી એન્ગ્રી યંગ મેન જેવા બની જાય છે.

સોની દ્વારા આ એપોસિડનો પ્રોમો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં અમિતાભ અને અભિષેકને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કાર કોણ સારી રીતે ડ્રાઈવ કરે છે. ત્યારે અમિતાભ તરત જ હાથ ઊંચો કરે છે. આ વખતે અભિષેકે હાથ લાંબો કરીને કહ્યું, “પા, પ્લીઝ.” ઓડિયન્સ સાથે વાત કરતાં અભિષેકે કહ્યું, “એ ગાડી ઓછી ચલાવશે અને બીજાને ટોકશે વધારે. કોઈ ખોટા રસ્તેથી આવી ગયું, ફોન કાઢીને એમનો ફોટો લેશે. કહેશે, “ટ્રાફિક પોલિસને મોકલીશ કે આ લાઈટ તોડીને નીકળી રહ્યો છે.” અને એ વિચારવા લાગે છે, “અરે અમિતાભ બચ્ચન તો મારી સેલ્ફી લઈ રહ્યા છે.””

આ પોસ્ટની કેપ્શનમાં સોનીએ લખ્યું હતું, “એબી પણ દેશના બીજા પિતાઓ જેવા જ છે.” ૧૨ ઓગસ્ટથી કેબીસીની નવી સિરીઝ શરૂ થઈ છે. અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી. જો ફિલ્મોની વાત કરવામાં આવે તો અમિતાભ છેલ્લે રજનીકાંત સાથે ‘વૈત્તેયાં’માં કામ કર્યું હતું. જ્યારે અભિષેક હવે શ્રુજિત સરકારની ‘આઈ વોન્ટ ટુ ટોક’માં જોવા મળશે.



# રહેમાનના તલાક બાદ ટ્રૂપ મેમ્બર મોહિનીએ પણ છૂટાછેડા જાહેર કર્યા

## ગિટારિસ્ટ મોહિની ડે અને રહેમાને ૪૦ શોમાં સાથે કામ કરેલું છે

સંગીતકાર એ.આર. રહેમાન અને સાયરાબાનુના તલાક જાહેર થયા પછી તેમની ટ્રૂપ મેમ્બર મોહિનીએ પણ છૂટાછેડાનું એલાન કર્યું છે. રહેમાનની ટ્રૂપમાં મોહિની ગિટારિસ્ટ છે. તેણે કમ્પોઝર માર્ક હાર્ટશ સાથે લગ્ન કર્યાં છે. તેમણે સંયુક્ત ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં પરસ્પર સંમતિથી છૂટાછેડાનો નિર્ણય લીધો છે. રહેમાન-સાયરાના તલાક જાહેર થયાના કલાકોમાં જ મોહિનીએ કરેલી જાહેરાતથી આશ્ચર્ય ફેલાયું છે અને કેટલાક લોકો તો મોહિનીને જ રહેમાનના તલાક માટે જવાબદાર માની રહ્યા છે.

મોહિનીએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે, હું અને માર્ક ભારે હૈયે છૂટાછેડા લીધા છે. આ નિર્ણય પરસ્પર સમજણ અને સંમતિથી લેવાયો છે. અમે સારા મિત્ર તરીકે સાથે રહેવા ઉપરાંત જીવનમાં અલગ-અલગ રસ્તે આગળ વધવાનો નિર્ણય લીધો છે. છૂટાછેડા બાદ પણ મોહિની અને માર્કે સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરવાની ખાતરી આપી છે. આ મામલે કોઈ જજમેન્ટ લેવાના બદલે પ્રાઈવસીનો આદર કરવા મોહિનીએ અપીલ કરી છે. ૨૯ વર્ષીય મોહિની કોલકાતાની બાસ ગિટારિસ્ટ છે. તેણે રહેમાન સાથે ૪૦થી વધુ શોમાં કામ કરેલું છે. તેનું પહેલું આલબમ ઓગસ્ટ ૨૦૨૩માં રિલીઝ થયુ હતું. મોહિની હિન્દી અને બાંગલા ઉપરાંત અંગ્રેજી ભાષા પર પકડ ધરાવે છે, જેથી તે અલગ-અલગ ભાષામાં કામ કરી શકે છે.

રહેમાન અને સાયરાબાનુએ ૨૯ વર્ષના દામ્પત્ય જીવન બાદ તલાક લીધા છે. તેમણે ૧૯૯૫માં નિકાલ કર્યા હતા અને તેઓ ત્રણ સંતાનના પિતા છે. સંબંધમાં કડવાશ આવી જતાં તલાક લેવાનો નિર્ણય લીધો હોવાનું રહેમાન-સાયરાએ જણાવ્યું છે. મોહિનીના છૂટાછેડાના સમાચાર બાદ ઘણાં લોકો તેને આ તલાક માટે જવાબદાર માની રહ્યા છે ત્યારે સાયરાબાનુના વકીલે સ્પષ્ટતા કરી છે. વકીલના જણાવ્યા મુજબ, રહેમાન-સાયરાના તલાક માટે આડા સંબંધો જવાબદાર નથી. તેમના સંબંધોમાં આવેલો તણાવ અને નિરસતા જવાબદાર છે.

# નીપોટિઝમની કટ્ટર વિરોધી કંગનાએ શાહરુખના દીકરા આર્યનના વખાણ કર્યા



ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગેની ચર્ચા શરૂ કરવાનો અને નેપોકિડ્ઝ શબ્દપ્રયોગને જાણીતો કરવાનો શ્રેય મહદંશે કંગના રણૌતને જાય છે. તે હંમેશા આ બાબતે પોતાનો વિરોધ પ્રદર્શિત કરતી રહી છે. તેમજ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા લોકોને એટલે કે આઉટસાઈડર્સને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે અંગે પોકારી પોકારીને કહેતી રહી છે. પરંતુ હવે જાણે તેણે પોતાનું વલણ બદલ્યું છે. શાહરુખની દિકરી સુહાના ખાન બાદ હવે દિકરો આર્યન ખાન પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે.

મંગળવારે નેટફ્લિક્સ દ્વારા એક નવી સિરીઝની જાહેરાત કરવામાં આવી છે. જે શાહરુખના રેડ ચિલિઝ એન્ટરટેઈન્મેન્ટ બેનર હેઠળ ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. હજુ આ સિરીઝનું નામ જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ મહત્વની વાત એ છે કે આ સિરીઝ શાહરુખના દિકરા આર્યન ખાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ અંગે ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિભાવો આપ્યા હતા. તેમાંથી કંગનાના પ્રતિભાવે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. આ અનાઉન્સમેન્ટ બાદ કંગના રણૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી હતી અને લખ્યું હતું, “ફિલ્મ પરિવારમાંથી આવતા બાળકો મેક અપ કરીને વજન ઘટાડીને તૈયાર થઈને પોતાની જાતને એક્ટર માને તેના કરતાં આ બધાંથી પરે જાય એ બહુ સારી વાત છે.”

આર્યને જે પ્રકારની કૅરિઅર પસંદ કરી છે તે અંગે વખાણ કરતાં કંગનાએ લખ્યું, “આપણે એકસાથે મળીને ભારતીય સિનેમાના ધોરણોનું સ્તર ઉપર લઈ જવાની જરૂર છે, તેની હાલ

ખાસ જરૂર છે. જેમની પાસે બધી જ સુવિધાઓ છે, તેઓ મોટાભાગે સરળ રસ્તો અપનાવી લે છે. આપણે કેમેરાની પાછળ સારા લોકોની જરૂર છે. એ સારી બાબત છે કે આર્યન ખાન ઓછો જાણીતો રસ્તો અપનાવી રહ્યો છે. તેની લેખક અને ડિરેક્ટર તરીકે તેના પ્રવેશની રાહ જોઈએ છીએ.” શાહરુખ, સુહાના અને ગૌરી સહિત અનેક જાણીતા લોકોએ આર્યનને શુભેચ્છાઓ આપી હતી.

# ‘પુષ્પા ૨’ના ટ્રેલરનો ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ

છેલ્લાં ઘણા સમયથી ‘પુષ્પા ૨’ની રાહ જોવાઈ રહી છે, અંતે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે. થોડાં જ કલાકોમાં લાખો લોકોએ આ ટ્રેલર જોઈ લીધું હતું અને અડધા દિવસમાં તો આ ટ્રેલરે આંધી અને તોફાન મચાવી દીધાં હતાં. તેથી તે વ્યૂઅરશિપના રેકોર્ડ તોડે તે અપેક્ષિત તો હતું જ અને એવું જ થયું. પુષ્પાનું ટ્રેલર આવતાવેંત છવાઈ ગયું અને ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂનો રેકોર્ડ તોડી નાંખ્યો.

પટનાના ગાંધી મેદાનમાં આ ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. તો બીજી તરફ યૂટ્યુબ પર ટ્રેલર છવાઈ ગયું હતું, લોંચ થતાંની સાથે વાયરલ થઈ ગયું હતું. જોકે, ઘણા લોકો આ ટ્રેલરને સામાન્ય પણ ગણાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકોને તેમાં કોઈ ખાસ મજા આવી નથી. તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકો એવા છે, જેને ટ્રેલર જોઈને મજા આવી ગઈ છે. ૨૪ કલાકમાં આ ટ્રેલરને ૧૦૨ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ સાથે તે ૧૦૦ મિલિયનનો આંકડો પાર કરનાર ફિલ્મોની યાદીમાં આવી ગઈ છે. બધી જ ભાષાઓમાં હિન્દી ટ્રેલરને સૌથી વધુ ૪૯ મિલિયન વ્યૂ મળ્યા છે. તેલુગુ ટ્રેલરને ૪૪ મિલિયન વ્યૂ અને તમિલ ટ્રેલરને ૫.૨ મિલિયન તેમજ કન્નડા – મલિયાલમ ટ્રેલરને ૧.૯ મિલિયન વ્યૂઝ મળ્યા છે.

આ વ્યૂઝ સાથે ‘પુષ્પા ૨’નું ટ્રેલર સૌથી વધુ જોવાયેલા ટ્રેલરમા ત્રીજા ક્રમે પહોંચી ગયું છે. તેણે ૩૭.૮૯ ટકા વધારે વ્યૂઝ સાથે પ્રભાસની ‘આદિપુરુષ’ના ૭૪ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ યાદીમાં ૧૧૩.૨ મિલિયન વ્યૂઝ સાથે ‘સાલાર’ અને ૧૦૬.૫ મિલિયન વ્યૂઝ સાથે ‘કેજીએફ ચેપ્ટર ૨’ને મળ્યા છે. જો આ યાદીની વધુ ફિલ્મોનાં આકડા જોઈએ તો ‘સાલારના’ બીજા ટ્રેલરને ૭૨.૨ મિલિયન, ‘એનિમલ’ને ૭૧.૪ મિલિયન, ‘ડંકી’ને ૫૮.૫ મિલિયન, ‘રાધે શ્યામ’ને ૫૭.૫ મિલિયન, ‘જવાન પ્રીવ્યુ’ને ૫૫ મિલિયન તેમજ ‘સિંઘમ અગેઈન’ના ટ્રેલરને ૫૧.૯૫ મિલિયન વ્યૂઝ મળ્યા છે.

# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું

## મારી પાસે જે કંઈ છે તે આ જગ્યામાંથી જ આવ્યું છેઃ સારા

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફૅન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું.

આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું, “જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”

સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફૅન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું, “જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# ભારતીય ટીમનો ધબડકો, 75 રનમાં જ 6 વિકેટ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. મહત્ત્વની વાત એ છે કે રોહિત શર્માની ગેરહાજરીમાં જસપ્રીત બુમરાહ ટીમની કમાન સંભાળી રહ્યો છે. આ મેચમાં બુમરાહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, ભારતની શરૂઆત સારી રહી ન હતી અને માત્ર દોઢ કલાકમાં જ ભારતીય ટીમે 32 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી.

ભારતે 32 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 73 રન બનાવી લીધા છે. રિષભ પંત 17 રન બનાવીને રમી રહ્યો છે. તેણે 42 બોલમાં 2 ચોગ્ગા ફટકાર્યા છે.

ભારતને પહેલો ઝટકો યશસ્વી જયસ્વાલના રૂપમાં લાગ્યો જે પોતાનું ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. ત્યાર બાદ આ મેચમાં ત્રીજા નંબરમાં આવેલા દેવદત્ત પડિક્કલ પણ ખાતું ખોલાવી શક્યો ન હતો. દેવદત્ત તેની ઈનિંગ દરમિયાન ખૂબ જ ડિફેન્સિવ દેખાતો હતો. તેણે કુલ 23 બોલનો સામનો કર્યો, પરંતુ જયસ્વાલની જેમ તે પણ 0 રને આઉટ થયો.



**કોહલી સસ્તામાં આઉટ-જયસ્વાલનું ખાતું પણ ન ખૂલ્યું**

ત્યારબાદ વિરાટ કોહલી અને કે.એલ. રાહુલ પાસેથી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ ઈનિંગ્સને લંબાવશે. પરંતુ કિંગ કોહલી પણ જોશ હેઝલવુડના બોલને સમજી શક્યો ન હતો અને ઉસ્માન ખ્વાજાના હાથે કેચ આઉટ થયો હતો. આ રીતે ભારતીય ક્રિકેટ ટીમે મેચના દોઢ કલાકમાં પોતાની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. વિરાટ જ્યારે આઉટ થયો ત્યારે ભારતીય ટીમનો સ્કોર 32/3 થઈ ગયો હતો.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25ની પ્રથમ ટેસ્ટ આજે (22મી નવેમ્બર) પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં શરૂ થઈ હતી. આ મેચમાં ભારતીય ટીમના કેપ્ટન જસપ્રિત બુમરાહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ મેચમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના 3 નવા ખેલાડીઓએ ડેબ્યૂ કર્યું હતું. તે જ સમયે, રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા જેવા બે દિગ્ગજ ખેલાડીઓને પડતા મૂકવામાં આવ્યા હતા.

ભારતીય ટીમ એકમાત્ર સ્પેશિયાલિસ્ટ સ્પિનર વોશિંગ્ટન સુંદર છે. આ મેચમાં નીતિશ કુમાર રેડ્ડી અને હર્ષિત રાણાએ ભારતીય ટીમ માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. આ ઉપરાંત દેવદત્ત પડિક્કલને તક આપવામાં આવી હતી.

## કે એલ રાહુલ આઉટ હતો કે નોટ આઉટ, પહેલી જ મેચમાં વિવાદ, ફેન્સે અમ્પાયર પર કાઢી ભડાશ

પર્થ ટેસ્ટની પહેલી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાને ચોથો ઝટકો બેટ્સમેન કે એલ રાહુલ તરફથી લાગ્યો છે. જોકે, બોલ તેના બેટથી લાગ્યો હતો કે પેડથી તેની પર ખેલાડીઓની વચ્ચે અસંમતિ નજર આવી. એટલું જ નહીં અમ્પાયરની તરફથી આઉટ આપ્યા બાદ કે એલ રાહુલ પણ ડ્રેસિંગ રૂમની તરફ જતી વખતે નાખુશ નજર આવ્યો. વિપક્ષી ટીમની તરફથી લેવામાં આવેલા રિવ્યૂમાં પણ એવી ખાતરી થઈ રહી હતી જેમ કે તેનું બેટ બોલથી ટકરાવાને બદલે તેના પેડથી પહેલા ટકરાઈ ગયુ, પરંતુ અમ્પાયરનો નિર્ણય સર્વમાન રહ્યો અને રાહુલને નિરાશા સાથે પવેલિયન ફરવું પડ્યું.




કે એલ રાહુલને આઉટ આપ્યા બાદ અમ્પાયરના નિર્ણયથી ભારતીય ચાહકો ખૂબ નિરાશ છે. લોકો સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાનો રોષ ઠાલવી રહ્યાં છે.

પર્થ ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં ઈનિંગની શરૂઆત કરતી વખતે કે એલ રાહુલે કુલ 74 બોલનો સામનો કર્યો. આ દરમિયાન તે 35.13ની સ્ટ્રાઈક રેટથી 26 રન બનાવવામાં સફળ રહ્યો. આ દરમિયાન તેના બેટથી ત્રણ ચોગ્ગા નીકળ્યા. બ્લૂ ટીમ માટે પહેલી ઈનિંગમાં તે ચોથા બેટ્સમેન તરીકે આઉટ થયો.

## વિરાટ કોહલીના ફ્લોપ શોથી ભડક્યા ફેન્સ, ગૌતમ ગંભીરને આપી સલાહ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. જેમાં ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જે થોડું ખોટું સાબિત થતું જણાયું હતું. ટીમ ઈન્ડિયાએ 50 રનમાં પોતાની ચાર મોટી વિકેટ ગુમાવી દીધી હતી. પર્થમાં વિરાટ કોહલી પાસેથી ચાહકોને ઘણી અપેક્ષાઓ હતી પરંતુ ફરી એકવાર કોહલીએ ટીમ અને ચાહકોને નિરાશ કર્યા. કોહલી જોશ હેઝલવુડના વધારાના ઉછાળાવાળા બોલ પર સ્લિપમાં કેચ આઉટ થયો હતો. કોહલીનો ફ્લોપ શો જોઈને ફેન્સ સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે.



પર્થ ટેસ્ટમાં વિરાટ કોહલી પીચની બહાર રમતા જોવા મળ્યો હતો. પરંતુ જોશ હેઝલવુડના વધારાના બાઉન્સ બોલ પર કોહલીએ ભૂલ કરી હતી. કોહલી પ્રથમ દાવમાં માત્ર 5 રન બનાવીને આઉટ થયો હતો. જે બાદ ફેન્સનો ગુસ્સો જોવા મળ્યો હતો. છેલ્લી વખત જ્યારે વિરાટ કોહલી પર્થમાં રમ્યો હતો ત્યારે ચાહકોને તેના બેટમાંથી સદી જોવા મળી હતી. કોહલીના ક્રિઝની બહાર રમવાના નિર્ણય પર ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.


ટેસ્ટ ક્રિકેટમાં કોહલીનું બેટ લાંબા સમયથી શાંત જણાય છે. ન્યુઝીલેન્ડ સામેની હોમ ટેસ્ટ સીરીઝમાં પણ વિરાટનો ફ્લોપ શો જોવા મળ્યો હતો. જો છેલ્લી 9 ઇનિંગ્સની વાત કરીએ તો કોહલીના બેટમાંથી માત્ર 174 રન જ આવ્યા છે. જેમાં માત્ર એક અડધી સદીનો સમાવેશ થાય છે.

## 14મી માર્ચે શરૂ થશે IPL 2025: BCCIએ એકસાથે ત્રણ સિઝનની તારીખો જાહેર કરી

ભારતીય ક્રિકેટ બોર્ડે IPLની આગામી ત્રણ સિઝનની તારીખોની જાહેરાત કરી છે. આ અંતર્ગત IPL 2025 14 માર્ચથી શરૂ થશે અને તેની ફાઈનલ 25 મેના રોજ રમાશે. આ ટુર્નામેન્ટ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પછી તરત જ શરૂ થવાની છે. આ ICC ઈવેન્ટ 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી રહેશે.

બીસીસીઆઈએ આઈપીએલ 2026 અને આઈપીએલ 2027ની તારીખો પણ જાહેર કરી છે. 2026 સીઝન 15 માર્ચથી શરૂ થવાની છે અને તેની ફાઈનલ 31 મેના રોજ પ્રસ્તાવિત છે. 2027 ઈવેન્ટ 14 માર્ચથી શરૂ થશે અને 30 મે સુધી ચાલશે. આ પહેલીવાર છે જ્યારે BCCIએ IPLની ત્રણ સિઝનની તારીખો એક સાથે જાહેર કરી હોય.

BCCIએ 22 નવેમ્બરે તમામ ફ્રેન્ચાઈઝીઓને IPLની આગામી ત્રણ સિઝનનું શેડ્યૂલ અંગે જાહેર કર્યું છે. અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે આઈપીએલનું શિડ્યુલ મોડું જાહેર થયું હતું, પરંતુ આ વખતે એક સાથે ત્રણ સિઝનની શેડ્યુલ જાહેર થઈ ગયું છે. IPL 2025માં 74 મેચ રમાશે.



જો કે, જ્યારે 2022માં આઈપીએલના મીડિયા રાઈટ્સ વેચવામાં આવ્યા હતા, ત્યારે કહેવામાં આવ્યું હતું કે 2025ની સીઝનથી 84 મેચ રમાશે. પરંતુ આવું થઈ રહ્યું નથી. 2026માં પણ આટલી જ મેચ નક્કી કરવામાં આવી હતી. માહિતી આપવામાં આવી હતી કે 2027માં 94 મેચો યોજાશે.

ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા જેવા તમામ મોટા દેશોએ IPLની આગામી ત્રણ સિઝન માટે તેમના ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે મંજૂરી આપી દીધી છે. આ અંગે તમામ બોર્ડે જણાવ્યું છે કે આગામી સિઝનમાં તેમના ખેલાડીઓ ક્યારે અને કેવી રીતે ઉપલબ્ધ થશે.

ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે તેના તમામ ખેલાડીઓ પાસે 2025 સીઝન માટે એનઓસી છે. ઓસ્ટ્રેલિયાની પાકિસ્તાન સાથે 2026માં ત્રણ મેચની વનડે સિરીઝ છે જે 18 માર્ચે પૂરી થશે. આ સિરીઝમાં સામેલ ખેલાડીઓ આ પછી તરત જ જોડાશે. જ્યારે 2027માં ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ ઈંગ્લેન્ડ સાથે ટેસ્ટ ક્રિકેટના 150 વર્ષ પૂર્ણ થવા પર એક મેચ રમીને જોડાશે.

## નેશન્સ લીગ ફૂટબોલમાં યુક્રેન જીત્યું વેલ્સે આઈસલેન્ડને 4-1થી પરાજય કર્યું

લિયામ કુલેનના બે ગોલની મદદથી વેલ્સ ટીમે નેશન્સ લીગ ફૂટબોલ ચેમ્પિયનશિપના ગ્રૂપ-એચની મેચમાં આઈશલેન્ડ સામે 4-1થી વિજય મેળવ્યો હતો. વેલ્સ માટે લિયામે 32મી તથા 46મી, બ્રેનાનન જોનસને 65મી તથા હેરી વિલસને 79મી મિનિટે ગોલ કર્યો હતો. આઈસલેન્ડ માટે આન્દ્રી ગુઓજોન્સને સાતમી મિનિટે ટીમ માટે એકમાત્ર ગોલ કર્યો હતો.



અન્ય મુકાબલામાં ચેક રિપબ્લિકે જ્યોર્જિયા સામે 2-1થી તથા સ્લોવાકિયાએ ઈસ્ટોનિયા સામે 1-0થી વિજય હાંસલ કર્યો હતો. માલ્ટા અને એન્ડોરાનો મુકાબલો 0-0થી ડ્રો રહ્યો હતો. માલ્ટાના ગેબ્રિયન બોહરેરને મેચની 17મી મિનિટે રેડ કાર્ડ મળ્યું હતું અને તેને મેદાન છોડવાની ફરજ પડી હતી. ત્યારબાદ માલ્ટાની ટીમને 10 ખેલાડીઓ સાથે રમવું પડયું હતું. યુક્રેનની ટીમે ઓલેકસાન્દ્ર ઝિનચેન્કોના પાંચમી મિનિટે તથા રોમાન યારેચેકના 10મી મિનિટે નોંધાવેલા ગોલ વડે અલ્બેનિયા સામે 2-1થી વિજય મેળવ્યો હતો. નાદિમ બાજરામીએ 75મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો જે અલ્બેનિયા માટે એકમાત્ર ગોલ રહ્યો હતો. બોસનિયા અને નેધરલેન્ડ્સની મેચ 1-1થી ડ્રો રહી હતી. સ્વિડને ગ્રૂપ-આઈની મેચમાં અઝરબૈજાન સામે 6-0થી વિજય મેળવ્યો હતો.



## સ્લોવાકિયાને 2-0થી હરાવીને ઇટાલીએ પાંચમી વખત બિલી જિન કિંગ કપ જીત્યો

જાસ્મિન પાઓલિનીની શાનદાર રમતની મદદથી ઈટાલીએ સ્લોવાકિયાના 2-0થી હરાવીને પાંચમી વખત બિલી જિન કિંગ કપ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. વિશ્વની ચોથી ક્રમાંકિત પાઓલિનીએ બીજી સિંગલ્સ મેચમાં રિબેક્કા શ્રામકોવાને 6-2, 6-1થી પરાજય આપ્યો હતો. આ પહેલાં લ્યૂસિયા બ્રોન્ઝેટીએ વિક્ટોરિયા હુન્ચાકોવાને 6-2, 6-4થી હરાવી હતી.

ત્યારબાદ ડબલ્સ મુકાબલાની જરૂર પડી નહોતી. ઈટાલી ગયા વર્ષે કેનેડા સામે ફાઈનલ હારીને રનર્સ-અપ બન્યું હતું. પરંતુ આ વખતે 2013 બાદ પ્રથમ વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. પાઓલિનીએ વર્તમાન સિઝનમાં શાનદાર દેખાવ કર્યું છે. તે રોલેન્ડ ગરોસ ખાતેના ફ્રેન્ચ ઓપન તથા ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતેના વિમ્બલ્ડનમાં રનર્સ-અપ બની હતી.

## અશ્વિન-જાડેજાને બહાર કરી બૂમરાહે કરી ભુલ! ફેન્સને આવ્યો ગુસ્સો

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી શરૂ થઈ ગઈ છે. શ્રેણીની પ્રથમ મેચ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન જસપ્રીત બુમરાહે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બુમરાહે પર્થ ટેસ્ટમાં રમવાની માહિતી આપતા જ ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે રવીન્દ્ર જાડેજા અને આર અશ્વિનને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવામાં આવ્યા હતા. હવે અશ્વિન અને જાડેજાની બાદબાકીને કારણે ફેન્સ સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.



એવું ભાગ્યે જ જોવા મળે છે કે રવિન્દ્ર જાડેજા અને આર અશ્વિન બંને ટેસ્ટ ક્રિકેટમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર હોય. પરંતુ હવે લાંબા સમય બાદ પર્થ ટેસ્ટમાં આ જોવા મળ્યું છે. આ બંને ટીમ ઈન્ડિયાના શ્રેષ્ઠ સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર છે. કેપ્ટન બુમરાહે પ્રથમ ટેસ્ટ મેચમાં વોશિંગ્ટન સુંદરને અશ્વિન અને જાડેજાથી ઉપર રાખ્યો હતો, જે ચાહકો માટે ખૂબ જ આશ્ચર્યજનક હતું.

છેલ્લા 10 વર્ષમાં ટેસ્ટ ક્રિકેટમાં આવું પાંચમી વખત જોવા મળ્યું છે, જ્યારે ટીમ ઈન્ડિયા ટેસ્ટ મેચમાં આર અશ્વિન અને રવિન્દ્ર જાડેજાની જોડી વગર મેદાનમાં ઉતરી હોય. આ જોડી વિના ટીમ ઈન્ડિયા છેલ્લી વખત વર્ષ 2021માં ટેસ્ટ મેચ રમી હતી. પાંચમાંથી 4 વખત ટીમ ઈન્ડિયા ટેસ્ટ ક્રિકેટમાં જાડેજા અને અશ્વિનની જોડી વિના ઓસ્ટ્રેલિયા સામે રમી છે જ્યારે એક વખત દક્ષિણ આફ્રિકા સામે રમી છે.

## ગિલ મેચ સિમ્યુલેશનના બીજા દિવસે ડાબા અંગૂઠામાં ઈજા કારણે ટીમમાં સ્થાન ના મળ્યું

ટીમ ઈન્ડિયાનો અનુભવી અને પ્રતિભાશાળી બેટ્સમેન શુભમન ગિલ પર્થ ટેસ્ટનો ભાગ નથી. પર્થમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ રમાઈ રહી છે. ગિલ ઈજાના કારણે આ મેચમાંથી બહાર છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ગિલની ઈજા અંગે અપડેટ આપી છે. મેચ પહેલા પ્રેક્ટિસ દરમિયાન શુભમન ઈજાગ્રસ્ત થયો હતો. તેના અંગૂઠામાં ઈજા થઈ છે.



જસપ્રીત બુમરાહ પર્થ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી રહ્યો છે. આ મેચ માટે ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. BCCIએ ટોસ બાદ ગિલની ઈજા અંગે અપડેટ શેર કર્યું હતું. બોર્ડે X પર લખ્યું, "શુભમન ગિલ મેચ સિમ્યુલેશનના બીજા દિવસે ઈજાગ્રસ્ત થયો હતો. તેના ડાબા અંગૂઠામાં ઈજા થઈ હતી. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ માટે તેને આરામ આપવામાં આવ્યો છે. BCCI મેડિકલ તેની પ્રગતિ પર નજર રાખી રહ્યું છે.

ગિલની ઈજા પછી, તેના અંગૂઠામાં ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે એવું નથી. ગિલ ટેસ્ટ સિરીઝની બીજી મેચથી મેદાનમાં પરત ફરી શકે છે. જો કે તેના પરત ફરવાની સત્તાવાર માહિતી બહાર આવી નથી.

તમને જણાવી દઈએ કે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા પણ પર્થ ટેસ્ટનો ભાગ નથી. તેની પત્ની રિતિકા સજદેહે હાલમાં જ એક પુત્રને જન્મ આપ્યો છે. તેથી રોહિત પરિવાર સાથે છે. તે બીજી ટેસ્ટમાંથી પણ મેદાનમાં પરત ફરી શકે છે. બીજી ટેસ્ટ એડિલેડમાં રમાશે.

## IPL 2025 મેગા ઓક્શનનો સમય બદલાયો, કેટલા વાગ્યે લાગશે ખેલાડીઓ પર બોલી?

IPL 2025 મેગા ઓક્શન માટે માત્ર 2 દિવસ બાકી છે. સાઉદી અરેબિયામાં 24 અને 25 નવેમ્બરે મેગા ઓક્શનનું આયોજન કરવામાં આવશે. હવે મેગા ઓક્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેનું કારણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી પર્થ ટેસ્ટ મેચ હતી. આ નિર્ણય મજબૂરીમાં લેવાયો છે. મેગા ઓક્શનના પ્રસારણકર્તાઓએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને વિનંતી કરી છે.

મેગા ઓક્શનનું લાઈવ સ્ટ્રીમિંગ JioCinema પર થવા જઈ રહ્યું છે. અગાઉ આ કાર્યક્રમનો સમય ભારતીય સમય અનુસાર બપોરે 3 વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. રિપોર્ટ્સ અનુસાર હવે બ્રોડકાસ્ટર્સની વિનંતી પછી, આ ઈવેન્ટના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ખેલાડીઓ પરની બોલી 3 વાગ્યે નહીં પરંતુ 3:30 વાગ્યે જોવા મળશે.



બ્રોડકાસ્ટર્સને ડર હતો કે IPL મેગા ઓક્શન ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયાની પ્રથમ ટેસ્ટ સાથે ટકરાશે. કારણ કે પ્રથમ ટેસ્ટ મેચ 22 થી 26 નવેમ્બર દરમિયાન પર્થમાં રમાશે. જે દરરોજ ભારતીય સમય અનુસાર બપોરે 2:30 વાગ્યે સમાપ્ત થશે, પરંતુ કેટલીકવાર હવામાન, ખરાબ પ્રકાશ અથવા ધીમા ઓવરરેટ જેવા સંજોગોને કારણે મેચનો સમય લંબાવવામાં આવે છે. જેના કારણે બ્રોડકાસ્ટર્સે સમય અડધો કલાક વધારવાની વિનંતી કરી છે.

ભારત વિ ઓસ્ટ્રેલિયા મેચ અને IPL 2025 મેગા ઓક્શનની અથડામણને કારણે Disney Plus Hotstarને સૌથી વધુ નુકસાન થયું હશે. તેઓએ IPL 2025ની હરાજી માટે ટીવી અધિકારો અને ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ડિજિટલ અને ટીવી અધિકારો મેળવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, IPL હરાજી એક એવી ઈવેન્ટ બની ગઈ છે જેને લાખો લોકો તેને જોવા માટે આવે છે.



# મણિપુર હિંસાના મૃતકોને સુરત યુવક કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલિ

## કિન્નરી સિનેમાથી ડૉ.આંબેડકર પ્રતિમા સુધી યોજાયેલી કેન્ડલ માર્ચ

સુરત, તા.૨૨

ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપુરમાં છેલ્લા ૩ વર્ષથી મતે અને કુકી સમુદાય વચ્ચે હિંસા ચાલી રહી છે અને તે હિંસામાં ૩ વર્ષ દરમિયાન અસંખ્ય મણિપુરી લોકો મુત્યુ પામેલ છે તેની સાથે સાથે આ હિંસા દરમિયાન અસંખ્ય મણિપુરની સ્ત્રીઓ સાથે બળાત્કાર પણ કરવામાં આવ્યો હોવા છતાં દેશના વાડાપ્રધાન કે ગૃહમંત્રી દ્વારા આ રાજ્યમાં ચાલતી હિંસા શાંત કરવાનો પ્રયાશ પણ કરવામાં આવ્યો નથી ત્યારે ગુરુવારે તા ૨૧/૧૧/૨૦૨૪ સુરત શહેરના કિન્નરી ટોકીઝ પાસે આવેલ હનુમાનદાદાના મંદિર થી લઈ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સુધી મણિપુરમાં મુત્યુ પામેલ નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો.

સુરત શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રી મેહુલભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ભારત દેશમાં સત્તા પર બેસેલી સરકાર જ મણિપુર માં સાશન કરી છે છતાં આટલી મોટી હિંસા થઈ રહી છે જે છેલ્લા ૩ વર્ષમાં અટકી નથી.

દેશના વાડા અને ગૃહમંત્રી આજદિન સુધી આ રાજયની મુલાકાત પણ લેવા ગયા નથી એ દેશના જ એક એવા મણિપુર માટે અને તમામ રાજ્યમાટે એક દુઃખની વાત છે ગાંધીચીંધ્યા માર્ગે શ્રદ્ધાંજલિ આપી દેશના વાડા અને ગૃહમંત્રીની આંખ ખુલે મણિપુરને ન્યાય મળે એ માટે કેન્ડલ માર્ચ કાઢી સરકારને જગાવવાનો પ્રયાશ કરી રહ્યા છીએ.

# વિકસિત ભારત યંગ લીડર્સને મળશે પ્રધાનમંત્રીને મળવાની તક

## ‘માય ભારત’ પ્લેટફોર્મ પર વિકસિત ભારત સ્પર્ધા તા.૨૫ નવેમ્બરથી શરૂ થશે

અમદાવાદ, તા.૨૨

કેન્દ્રીય મંત્રી ડૉ મનસુખ માંડવીયાએ સપ્તાહની શરૂઆતમાં જાહેર કર્યું હતું કે, આગામી વર્ષે ૧૧ અને ૧૨ જાન્યુઆરીમાં રાષ્ટ્રીય યુવા મહોત્સવ દરમિયાન વિકસિત ભારતને આકાર આપવામાં દેશનાં યુવાઓને સામેલ કરવા, સશક્ત બનાવવા માટેનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં દ્રષ્ટિકોણ મુજબ રાષ્ટ્રીય યુવા મહોત્સવની કલ્પના કરવામાં આવી છે. જે માટે “વિકસિત ભારત યંગ લીડર્સ સંવાદ”નું આયોજન કરવામાં આવશે. બે દિવસીય કાર્યક્રમ દરમિયાન ભારતનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દિલ્લી ખાતે ભારત મંડપમમાં ૩૦૦૦ યંગ લીડર્સ સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રી શ્રી મોદીનાં દ્રષ્ટિકોણ ઓછામાં ઓછા એક લાખ યુવા નેતાઓનો વિકાસ કરવાનો છે.એ “વિકસિત ભારત યંગ લીડર્સ સંવાદ” નેતૃત્વ પ્રતિભા, યુવાઓની જરૂરિયાતોની એક ઝલક પૂરી પાડશે અને વિકસિત ભારતનાં ઉદ્દેશ્યમાં યોગદાન આપવામાં તેમની ભૂમિકા અને જવાબદારીઓની સમજણ આપશે.

આ બાબતે આજે નેહરુ યુવા કેન્દ્રનાં રાજ્ય નિયામક શ્રી દુષ્યંત ભટ્ટે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સ્પર્ધાનાં પ્રથમ રાઉંડમાં અખિલ ભારતીય ડિજિટલ ક્વિઝ હશે. જેનું તા.૨૫ નવેમ્બર, ૨૦૨૪થી તા.૦૫ ડિસેમ્બર, ૨૦૨૪ વચ્ચે આયોજન કરવામાં આવશે. જે લોકો ૧૫ થી ૨૯ વર્ષની આયુ ધરાવે છે તેઓ “સ્રુમ્રદ્ધિ” પ્લેટફોર્મ પર જઈ તેમાં પોતાની નોંધણી કરાવી શકે છે. ક્વિઝ સ્પર્ધાનાં વિજેતાઓ આગળ નિબંધ/ બ્લોગ લેખન સ્પર્ધામાં ભાગ લેશે. જેમાં વિજેતા થનારા યુવા રાજ્ય સ્તરે “વિકસિત ભારત વિઝન” પ્રસ્તુતિ અને અંતે ભારત મંડપમમાં રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં સામેલ થશે.

આ પ્રસંગે ભારતીય ખેલ પ્રાધિકરણ, ગાંધીનગરના પ્રાદેશિક નિયામક શ્રી મનીકાંત શર્મા અને તેમની સાથે પેરિસ પેરાલિમ્પિકનાં સ્વર્ણ પદક વિજેતા નવદીપ, પેરાલિમ્પિયન ભાવનાબેન અને એશિયાઈ પેર સ્વર્ણ પદક વિજેતા નિમિષ સી એસ ઉપસ્થિત રહ્યા હતા. રામતવીરોએ વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં વધુમાં વધુ યુવાઓ ભાગ લેવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમનું સંચાલન પત્ર સૂચના કાર્યાલયનાં ઉપ નિયામક આરોહી પટેલે કર્યું હતું. તેમજ ભારતીય ખેલ પ્રાધિકરણ, ગાંધીનગરનાં નિયામક, અદિતી સિંઘ, રાષ્ટ્રીય સેવા યોજનાનાં યુવા અધિકારી મનીન્દર પાલ સિંઘ, પ્રિતેશ ઝવેરી અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અદાણી જૂથે અમેરિકામાં લાંચના આરોપો પાયાવિહોણા ગણાવી ફગાવ્યા

## ડોનાલ્ડ ટ્રંપની ન્યાયાધીશોની પુનઃસ્થાપના અંગે નિંદાત્મક પોસ્ટ

અમદાવાદ, તા.૨૨

અદાણી ગ્રુપે અમેરિકામાં લાંચના આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે. અદાણી જૂથ દ્વારા જારી પ્રેસનોટમાં યુએસ એટર્ની ઓફિસના નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના આરોપોને માત્ર આરોપો અને જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ નિર્દોષ હોવાનું માનવામાં આવે છે. અદાણી ગ્રુપ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવા જઈ રહ્યું છે.

દરમિયાન નવનિર્વાચિત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં ન્યાયાધીશોની પુનઃસ્થાપના અંગે નિંદાત્મક પોસ્ટ લખી છે. તેમણે કહ્યું છે કે “ડેમોક્રેટ્સ કટ્ટરપંથી ડાબેરી ન્યાયાધીશોથી કોર્ટ ભરવા માંગે છે. રિપબ્લિકન સેનેટરોએ તેની સામે પગલાં લેવા જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે સત્તા પરિવર્તન પહેલાં કોઈ નવા જજ ખુરશી પર બેસે નહી”. ટ્રમ્પ કેબિનેટમાં સામેલ થવા જઈ રહેલા ઈલોન મસ્કે પણ આ મામલાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યો છે.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કરેલી JPC તપાસની માંગના જવાબમાં ભાજપના અમિત માલવિયાએ X પર પોસ્ટમાં લખ્યું છે કે “કોંગ્રેસ ફરી એકવાર ભારત વિરોધી જ્યોર્જ સોરોસના હાથની કઠપૂતળી બની રહી છે. કોંગ્રેસે કાયદાને પોતાની રીતે ચાલવા દેવો જોઈએ, જ્યાં સુધી આરોપો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ ગણવામાં આવે છે”.

માલવિયાએ અદાણી જૂથ પર આ આરોપોના ટાઈમીંગ પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે સંસદ સત્ર પહેલા આવા આરોપો થવા અને ટ્રમ્પનું સત્તામાં આવવું ઘણા પ્રશ્નો ઉભા કરે છે.

ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આ મામલે જણાવ્યું હતું કે “ભારત અને દેશ માટે કામ કરતી સંસ્થાઓ પર હુમલો કરવો એ રાહુલ ગાંધીની સામાન્ય વ્યૂહરચના છે, તેમણે આવી જ રીતે રાફેલનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલ ભલે વડાપ્રધાન મોદીની ઈમેજને કલંકિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય, પરંતુ તેમની વિશ્વસનીયતા એટલી ઊંચી છે કે વિદેશોમાં તેમને સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવે છે”.

### ઈઝરાયેલ
પહેલા પાનાનું ચાલુ

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લેબનોનનાં બાલબેક હર્મલના ગવર્નર બશીર ઓર્ટ સોશ્યલ મીડીયા પર આની જાણકારી આપી છે. તેમણે જણાવ્યું હતું કે હુમલામાં ૨૨ લોકો ઘાયલ પણ થયા છે. બચાવ અભિયાન ચાલુ છે જયારે ઈઝરાયેલ તરફથી આ મામલે કોઈ ટિપ્પણી થઈ નથી. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ-હમાસનાં યુદ્ધથી હજારો લોકોનાં મોતના કારણે ઈન્ટરનેશનલ ક્રાઈમ કોર્ટે ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુ સામે ધરપકડનું વોરંટ ઈસ્યુ કર્યુ છે. ત્યારે જ ઈટલીનાં રક્ષામંત્રી ગુઈડો ક્રોસેટોએ એવી ચેતવણી આપી હતી કે જો નેતન્યાહુ ઈટલીમાં આવશે તો તેમની ધરપકડ કરી લેવામાં આવશે.

### અદાણી
પહેલા પાનાનું ચાલુ

સોલાર પાવર પ્રોજેકટ માટે માત્ર ભારતમાં ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી.તેની વાત છુપાવીને અમેરિકી ઈન્વેસ્ટરો સાથે છેતરપીંડી આચરી હતી. લાંચ છેતરપીંડીનો કેસ દાખલ કરવા ઉપરાંત તેમની સામે ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરાયુ છે.વ્હાઈટ હાઉસ દ્વારા આ મામલે કોઈ વધુ માહીતી આપવા કે ટીપ્પણી કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો.ભારતમાં લાંચ મામલે અમેરિકામાં કેસ થવાના આ પ્રકરણથી ઘર આંગણે તીવ્ર રાજકીય પ્રત્યાઘાતો પડયા જ છે. કોંગ્રેસ સહીતનાં વિરોધ પક્ષોએ સરકાર સાથે સાંઠગાંઠનો આરોપ મુકવા સાથે અદાણીની ધરપકડ કરવા તથા તપાસની માંગ કરી છે.

બીજી તરફ ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુ તથા પુર્વ સંરક્ષણમંત્રી ગેલેંટ સામે ધરપકડ વોરંટ મામલે પણ અમેરિકા દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી હતી. આંતર રાષ્ટ્રીય અદાલતના આ નિર્ણયને તેઓએ ફગાવી દીધો હતો.ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં ઉતાવળ તથા ચુકાદા સુધીની પ્રક્રિયામાં ખામી સામે ચિંતા દર્શાવી હતી.

### શેરબજારમાં
પહેલા પાનાનું ચાલુ

બીજી તરફ શેરબજારે અદાણી ઝટકો પચાવી પાડયો હોય તેમ આજે તેજી થઈ હતી. હેવીવેઈટથી માંડીને રોકડાના મોટાભાગનાં શેરો ગ્રીનઝોનમાં રહ્યા હતા.રીલાયન્સ સ્ટેટ બેંક, એચડીએફસી બેંક, સહીતના શેરોમાં ઉછાળો હતો. મુંબઈ શરેબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૦૭ પોઈન્ટના ઉછાળાથી ૭૭૭૬૨ સાંપડયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૮૩ પોઈન્ટના ઉછાળાથી ૨૩૫૩૩ હતા.

### ગુગલના
પહેલા પાનાનું ચાલુ

અભિનંદન પાઠવ્યા હતા. આ માટે ઘણા દિવસો બાદ સુંદર પિચાઈએ ફોન કરીને અભિનંદન પાઠવ્યા હતા.

જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના ફોન કોલમાં ઈલોન મસ્ક પણ જોડાયા હતા. સુંદર પિચાઈ માટે આ થોડી સરપ્રાઈઝની વાત હોઈ શકે છે કારણ કે તેમણે એવી આશા નહોતી રાખી. તેમની વચ્ચે શું વાત થઈ એ વધુ રસપ્રદ હોઈ શકે છે. ઈલોન મસ્કના બિન્દાસ સ્વભાવ મુજબ તે થોડા દિવસોમાં એ વિશે જાહેર પણ કરી શકે છે.

### મહારાષ્ટ્ર અને
પહેલા પાનાનું ચાલુ

લોકસભામાં ભાજપે આ રાજયમાં અડધો અડધ બેઠકો ગુમાવી હતી અને તેની મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનું રાજકીય ભાવી પણ દાવ પર છે તો પશ્ર્ચીમ બંગાળમાં સાત વિધાનસભા બેઠકો પેટાચૂંટણી મમતા બેનરજી માટે એસીડ ટેસ્ટ બની રહેશે. ગુજરાતની પાંચ બેઠક પરની રાજયની એક માત્ર પેટા ચૂંટણી પણ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે અને તેથી તેના પરિણામ પણ રાજયના રાજકારણ ખાસ કરીને ભાજપના આંતરિક રાજકારણ પર પ્રભાવ પાડશે.

### ગુજરાતમાં
પહેલા પાનાનું ચાલુ

૧૬.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તથા દમણમાં ૧૯.૪, ડિસામાં ૧૪.૪, દિવમાં ૧૭.૬, દ્વારકામાં ૨૧.૪, કંડલામાં ૧૮, સુરતમાં ૧૮.૪ તથા વેરાવળ ખાતે ૧૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૩ ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪.૫ ડીગ્રી જ્યારે અડધા ડીગ્રીથી વધુ ઘટીને મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી નોંધાયું હતું. વહેલી સવારે પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૭ ટકા નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૭.૪ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૪.૩ કિ.મી. છે.જયારે ગોહિલવાડ પંથકમાં ઠંડીની ઋતુની અસલ મિજાજ શરૂ થઈ ગઈ હોય તેમ આજે શુક્રવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું હતું. ભાવનગરમાં લઘુતમ તાપમાન નીચે સરકતા લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૬.૬ ડીગ્રી નોંધાયું હતું. ખાસ કરીને ખુલ્લા અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ હાઈવે પર લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો છે. ચાલુ સીઝન માં આજનું સૌથી નીચું તાપમાન છે. આજે સવારે ભાવનગર શહેરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૦ કિમી પ્રતિ કલાકની રહી હતી. તેમજ સામાન્ય રીતે અમરેલી જિલ્લાની ભૌગોલિક પરિસ્થિત એવી છે કે, સૌથી વધુ ઠંડી આ જિલ્લામાં જોવા મળે છે.

### એક કેસમાં
પહેલા પાનાનું ચાલુ

કિંમત ચૂકવી કાયદેસર જ ખરીદી શકે. ઈમરાન ખાન ઉપર એવો આક્ષેપ છે કે તેમને મળેલી ભેટ તેમણે તોશાખાનામાં જમા તો કરાવી પછી ફેંકી દેવાની કિંમતે તે ખરીદી હતી.આવા આક્ષેપોમાં કિંમતની સત્યતા સરકારે જાણી જોઈને ઘણી ઊંચી મુકી ઈમરાન ખાન ઉપર પ્રજાના પૈસાની છેતરપિંડીનો આરોપ મુક્યો હતો. જો કે ઈસ્લામાબાદ કોર્ટે તેઓને તેમાં જામીન આપ્યા હતા.તેઓ ત્યાંથી પોતાના લાહોર સ્થિત નિવાસ સ્થાને ગયા ત્યાં બુધવારે મોડી રાત્રે તેઓની રાવલપિંડી સહિત દેશના જુદા જુદા ભાગોમાં તોફાનો કરાવવાના આરોપ સર તેઓની ધરપકડ કરાઈ હતી. હાઈકોર્ટે ઈમરાન ખાનનાં પત્ની બુશરા બીબીને જામીન પર મુક્ત કર્યા હતાં.બીજી તરફ ૨૬/૧૧ ના મુંબઈ હુમલા પાછળનું મુખ્ય ભેજું મનાતો ઝાકીર રેહમાન લકવી પાકિસ્તાનમાં નિષ્ફિકર બનીને છૂટથી હરે ફરે છે.

### ટ્રાન્સેજન્ડરે
પહેલા પાનાનું ચાલુ

જોખમમાં આવી શકે છે. તેમણે કહ્યું કે સારા મેકબ્રાઈડ એક પુરુષ તરીકે જન્મી હતી, તેને આની મંજૂરી આપી શકાય નહીં. હું આ સહન નહીં કરું.આ સમગ્ર મામલે સારાએ કહ્યું કે આ જમણેરી નેતાઓનું ષડયંત્ર છે જે વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાની ચાલ છે. અમેરિકન નાગરિકો દરરોજ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેનો તેમની પાસે કોઈ ઉકેલ નથી.જી હાઉસના સ્પીકર માઈક જોન્સને ટ્રાન્સજેન્ડર મહિલાઓને મહિલા શૌચાલયનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવાની યોજનાને સંસદમાં સમર્થન આપ્યું છે.

### શિયાળાની ઋતુમાં
પેજ-૨ પાનાનું ચાલુ

દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ, તેમજ મંત્રી શ્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

### સુરત મનપા દ્વારા
પેજ-૨ પાનાનું ચાલુ

નિરિક્ષક દ્વારા નંબર આપવામાં આવેલ , સમગ્ર કાર્યક્રમના અંતે વિજેતા થનાર વિજેતાઓને ઈનામ વિતરણ આપી અને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે અંતે બાળ વિકાસ યોજના અધિકારી વસંતબેન દ્વારા આભાર વિધિ કરી,સમુહમા રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી.

### પ્રાકૃતિક ખેતીના
પેજ-૨ પાનાનું ચાલુ

અપનાવ્યા પછી હવે એમ થાય છે કે, આ વિચાર પહેલા કેમ ન હોતો આવ્યો. કેમ કે એનું પરિણામ ચોખ્ખું દેખાઈ આવે છે. પાકમાં જીવાતોને રોગ ઓછા થયા, પાકનું ઉત્પાદન વિચાર્યું હતું એના કરતા વધ્યું. જમીન પણ હવે અળસિયા વધવાથી પોચી અને ફળદ્રુપ બની. ખાસ ફાયદો એ કે એક પાકની સાથે બીજો પાક પણ એટલે કે મિશ્ર પાક પણ લઈ શકાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, જુનાથાણા સ્તિથ જુના જિલ્લા સેવા સદન કેમ્પસમાં દર સોમવાર અને ગુરુવાર તથા નવસારી કૃષિ યુનીવર્સીટી ખાતે દર બુધવાર અને રવિવારે આમ અઠવાડિયાના ચાર દિવસ પ્રાકૃતિક ખેતીના પેદાશનું વેચાણ કરીને બજાર ભાવ કરતા સારી આવક મેળવી રહી છું અને જો તમારી પાસે ખેતીની જમીન હોય તો ખેતીમાં ધ્યાન આપવાનું શરૂ કરી દો. રાજ્ય સરકાર પણ ખેડૂતો માટે અનેકવિધ કૃષિ કલ્યાણકારી યોજનાઓના લાભો આપી રહી છે, જેનો લાભ લેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

### મગફળીના પાકમાં
પેજ-૨ પાનાનું ચાલુ

કીટકો દ્વારા પણ લાગે છે. આવા સમયે કીટકનાશક દવાનો છંટકાવ કરી તેનો ફેલાવો અટકાવી શકાય. ઉતારા પછી તરત જ પ્રોપીયોનીક એસીડ ૫% અથવા સોર્બીક એસીડ (.૧%), ક્લોરોથેલોનીલ (૦.૧૫%) અથવા ૧% સોડીયમ બાયસલ્ફાઈડ (૦.૭૫% સોડીયમ હાઈડ્રોક્સાઈડ)નો છંટકાવ ડોડવા પર કરી ફૂગના ઉપદ્રવથી બચાવી શકાય.

વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવ્યું છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી જિલ્લા પંચાયત સુરતની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### નવસારી ખાતે
પેજ-૨ પાનાનું ચાલુ

નિયામકશ્રી (વિસ્તરણ) પી.આર.કથીરીયા, નાયબ ખેતી નિયામક (એગ્રો.) એન. એચ. ગામીત તથા નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) એસ. કે.ઢીમર સહિત તાલુકા નોડલ અધિકારીશ્રી, તાલુકા સહનોડલ અધિકારીશ્રી, જિલ્લા સંયોજક, તાલુકા સંયોજકો અને સહ સંયોજકશ્રીઓ હાજર રહ્યા હતા.

### શુભેચ્છા અને
પેજ-૨ પાનાનું ચાલુ

પુરા કૃતજ્ઞતા ભાવ સાથે સ્વીકારો જે મોટી અસર કરશે. વ્યક્તિ હંમેશા પરમ ચેતના સાથે જોડાયેલ હોય છે. આપણું શરીર પંચ તત્વોનું બનેલું છે. પૃથ્વી, હવા, પાણી, અગ્નિ અને પાંચમુતત્વ આકાશ છે. જે બ્રહ્માંડ છે. પરમ ચેતના છે માણસ આ ચેતનાનો અંશ છે. શુભેચ્છા-આશીર્વાદ કે પ્રાર્થના હંમેશા ચેતનામાં ભળે છે. જે વ્યક્તિના જીવનને અસર છે.

યુવા ઉદ્યોગ સાહસિક અને અનન્યા સોલાર ટેકનોલોજીના ફાઉન્ડર કૌશીક બી. ચિતલીયા એ પોતાના સંઘર્ષ અને મહેનતની માહિતી સાથે નવા વિચાર આપતા જણાવ્યું હતું કે,અનુભવજ માણસનું ઘડતર કરે છે. જે પ્રગતિનો મુખ્ય આધાર છે.આજના માતા-પિતા પોતાના બાળકોને કમ્ફર્ટઝોનમાં રાખે છે, તેમાંથી બહાર નીકળવા જોઈએ અને તેને જીવનમાં અનુભવ જ કામ લાગશે. આજના

બાળકોને શીખ આપતા જણાવ્યું હતું કે, પોતાનો ખર્ચ બને માટે તેટલી જલ્દીથી પોતાએજ કમાવવાનું શરુ કરવું જોઈએ. અન્ય લોકો સાથે સારું વર્તન અને અપેક્ષા વગર કર્મ કરવાની ફરજ પૂરી કરવી જોઈએ.ખુબ જ સામાન્ય પરીવારમાંથી આગળ આવી સોલાર પેનલ ઉત્પાદક કંપની સ્થાપનાર કૌશિકભાઈ ચિતલીયા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના દાતાટ્રસ્ટી બનતા શ્રી કૌશિકભાઈ તેમના ધર્મપત્ની કિંજલબેનઅને બંધુ અજયભાઈ ચિતલીયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સરદાર સાહેબને ભાવાંજલી કાર્યક્રમમાં હાજર દરેક વ્યક્તિને સરદાર સાહેબની પુસ્તિકા આપવામાં આવી હતી નવા વર્ષના પ્રથમ વિચારના વાવેતરમાં હાજર સર્વે લોકોએ સરદાર સાહેબ વિશે જ્ઞાન કસોટી આપી હતી. ઓનલાઈન ટેસ્ટમાં સર્વોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો ૫૦૦ પરીક્ષાર્થી માંથી પ્રથમ, બીજાઅને ત્રીજા સહિત ટોપ ટેનને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ટૂંક સમયમાં સુરતમાં સ્થાપનાર ૫૧ ફૂટની પંચ ધાતુની પ્રતિમા સુરત આવનાર છે, ત્યારે આ પ્રતિમા આગમનના રથના વાહકો આ ટેસ્ટના વિજેતાઓ રહેશે. પુસ્તકના દાતા સૌજન્ય કૌશલ વિદ્યાભવનના પરબતભાઈ ડાંગશિયાએ આપ્યું હતું. જયારે પરીક્ષાના પેપર સેટર નગરપ્રાથમિક શાળાના શિક્ષક રાઘવજીભાઈ ડાભી હતા. વરાછા બેંકના ઈડીપી મેનેજર પરેશભાઈ કેલાવાળા અને ટીમે વ્યવસ્થા સાંભળી હતી.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતની વ્યવસ્થા પ્રવૃત્તિ માટેનું કાર્યક્રમ જુની જગ્યાએથી હવે જમનાબા વિદ્યાર્થીભવન, કામરેજ રોડ, વરાછા ખાતે શરૂ થયેલ છે. વિચારનું વાવેતર કાર્યક્રમમાં સંકલન હાર્દિક ચાંચડે તથા અંકિત સુરાણીએ કર્યું હતું તથા ગત ગુરુવારના વિચારની રજુઆત રાજુભાઈ ગૌદાનીએ કરી હતી.

### પુણા હેલ્થ સેન્ટરમાં
પેજ-૨ પાનાનું ચાલુ

તેઓને તે જ દિવસે ખાનગી હોસ્પિટલ દ્વારા તબિયતને ધ્યાને લઈને બે બોટલ પણ ચઢાવેલ હતા અને ઝેરી મેલેરીયાની સારવાર શરૂ કરાવેલ.

શોભનાબેન કેવડિયાએ આ સંદર્ભે જણાવ્યું કે, ઉકત ઘટના પછી આજરોજ સદર પીડીત દર્દી દ્વારા મને પુણા હેલ્થ સેન્ટર ખાતે દર્દીઓની સારવાર બાબતે દાખવવામાં આવી રહેલ બેદરકારી બાબતે ધ્યાન દોરેલ છે. જે બાબતે શોભનાબેને મનપા કમિશ્નરને પુણા હેલ્થ સેન્ટર સહિત પાલિકા સંચાલિત તમામ હોસ્પિટલ ખાતે આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને યોગ્ય સારવાર નિયત મેડીકલ ગાઇડલાઇન્સ સાથે આપવામાં આવે તેમજ આવી બેદરકારીના અભાવમાં કોઇ દર્દીને ગંભીર શારીરિક અને માનસિક અસરો સહિત આર્થિક નુકશાની વેઠવી પડતી હોવાથી જરૂર તપાસ હાથ ધરીને સમયાંતરે દર્દીઓના રીવ્યુ લેવામાં આવે અને આરોગ્યની કથળી રહેલી પરિસ્થિતિમાં સુધારો કરવા જણાવ્યું હતું.

### વાંકલ ગામના
પેજ-૨ પાનાનું ચાલુ

ત્યારથી પ્રાકૃતિક ખેતીમાં આકર્ષણ વધ્યું. પ્રાકૃતિક ખેતીની પ્રક્રિયા સમજી અને અભ્યાસ કર્યો, ત્યારબાદ વેલાવાળા શાકભાજીનું વાવેતર કર્યું. જેમાં સારૂ ઉત્પાદન મળ્યું. પ્રાકૃતિક ખેતીના કારણે પાકમાં કોઈ રોગ આવ્યો ન હતો. જેથી ઉત્સાહ પણ વધ્યો. બીજા વર્ષે પણ વેલાવાળા શાકભાજી ઉગાડ્યા. હાલમાં ૧.૫૦ વીઘા જમીનમાં નજીવા ખર્ચે ટીંડોરા, રીંગણના પાકનું વાવેતર કર્યું છે, જેનાથી વાર્ષિક રૂ.૩,૬૦,૦૦૦ની આવક પ્રાપ્ત થઈ છે. જેનાથી ઘર પરિવારનું ગુજરાન સરળતાથી કરી રહ્યો છું. આવકનો એક ભાગ મારા ખેતરમાં પ્રાકૃતિક ખેતીને વધુ કાર્યક્ષમ બનાવવા કરી રહ્યો હોવાનું તેઓ જણાવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક એટલે મૂળ પ્રાકૃતિક ખેતી જ કરવી એવું પ્રારંભથી જ નિશ્ચિત કર્યું હતું. ખેતરમાં જાતે કામ કરવાનું, જીવામૃત, ઘન જીવામૃત, પ્રાકૃતિક દવા અને ખાતર જાતે જ તૈયાર કરવાનું. ઘરે ગાયના છાણમાંથી ખાતર બનાવીએ અને ખેતીમાં ઉપયોગ કરીએ છીએ. પ્રાકૃતિક કૃષિમાં થોડી વધુ મહેનત જોઈએ, બાકી ઉત્પાદન ખર્ચ તો નહિવત હોય છે. આ ખેતીના કારણે મહત્તમ અને બમણું ઉત્પાદન મળે છે, બમણી આવક થાય છે. ભાવ પણ વધારે મળે છે, જેથી નુકશાન જતું નથી. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યને રક્ષણ મળે છે, તેમજ પાણીની પણ બચત થાય છે. આ ઉપરાંત, જમીનની ભેજ સંગ્રહશક્તિ પણ વધે છે. જેથી જમીન બંજર થતી નથી. પ્રત્યેક વર્ષમાં સારો પાક મેળવી શકાય છે.

તેઓ કહે છે કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત થયેલ શાકભાજી બજારમાં વેચવા જવાની પણ જરૂર પડતી નથી. સગાસંબંધી અને આસપાસના લોકો આ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત વસ્તુઓ મારી પાસે ખરીદી જાય છે.

સરકાર દ્વારા મળેલી આર્થિક સહાય વિશે વાત કરતા તેઓ કહે છે કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી અમારા જેવા છેવાડાના ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા છે. વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા સાધન સહાય યોજનાનો લાભ પ્રાપ્ત થયો છે. આ મદદ ખૂબ ઉપયોગી બની છે.

પ્રાકૃતિક ખેતી અપનાવી ખુશહાલ આદિવાસી ખેડૂત મિતુલભાઇ ચૌધરી પોતાના વિસ્તારના તેમજ રાજ્યના પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે.

### સ્પા-જીમ અગ્નિકાંડ
છેલ્લા પાનાનું ચાલુ

સલૂન માં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડ ના અધિકારીઓ અને લાસ્કરો ઘટના સ્થળે ઘસી જઈને આગની બુજાવી નાખી હતી પરંતુ સિક્કિમની બે મહિલાઓ ૩૦ વર્ષની બીનુંહંગમાં લીંબુ અને મનીષા દલાઇ નું ગુંગળામણ ને કારણે કરુણા મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે ઉમરા પોલીસ સ્ટેશનનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.. આગ અને ગુંગળામણ ના કારણોની તપાસ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ના સાયન્ટિફિક ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

### આકારણી દફતરે
છેલ્લા પાનાનું ચાલુ

તેઓએ તેમનું નામ એટલે કે અનિલ રૂગંટા એ અઠવા ઝોન ની આકારણી રજીસ્ટરમાં પોતાનું નામ ચઢાવ્યું નથી.

### કોર્પોરેટરનો બોગસ
છેલ્લા પાનાનું ચાલુ

લોકોના આધાર, પાન અને ચુંટણી કાર્ડ અપડેટ કરવામાં ઉપયોગમાં લીધો હતો. બોગસ દસ્તાવેજ બનાવાયા હોવાનું પોલીસને ધ્યાને આવતા આ મામલે ગઈકાલે સાંજે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઇ છે.

### ચેક રિર્ટન કેસમાં
છેલ્લા પાનાનું ચાલુ

આરોપી બિલ્ડર ભીખા કાબરીયાને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. તથા ફરીયાદને રૂ.૪૦ લાખ વળતર પેટે ૬૦ દિવસમાં ચુકવી આપવા પણ આદેશ કર્યો હતો.

### પત્નીના રીસામણા
છેલ્લા પાનાનું ચાલુ

છે .મુળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના ધનવાસા ગામનો વતની અને રોજગારીની શોધમાં થોડા સમય પહેલા સુરત આવેલો અમિતસિંગ બ્રિજપાલ બુદ્ધપાલ સિંગ (ઉ.વ.૩૮) લેબર ઈન્ચાર્જનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જોકે મંદીને કારણે તેને કામ મળતું બંધ થઈ જતા તે તે આઠ મહિનાથી બેકારીનો સામનો કરી રહ્યો હતો. વરેલીના પાયલ પાર્ક સોસાયટીમાં રહેતો અમિતસિંગની પત્ની તેને છોડીને જતી રહી હતી. દરમિયાન દશેક દિવસ પહેલા વતનમાં રહેતી અમિતસિંગની માતાનું નિધન થયું હતું.

એક બાજુ પત્ની છોડીને જતી રહી અને બીજી તરફ માતાનું નિધન અને કિસ્મતની કઠણાઈ કહો કે મજબુરી બેરોજગારીને કારણે અમિતસિંગ ચારેય બાજુથી ઘેરાયો હતો અને માનસિક તણાવ હતાશામાં આવી તેણે ગઈકાલે પોતાની રૂમમાં પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આ મામલે કટોદરા જીઆઈડીસી પોલીસે નોંધ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### જમાઈને બદનામ કરવા
છેલ્લા પાનાનું ચાલુ

ક્લાસીસના નામે પેમ્પલેટ બનાવ્યા જેમાં કોમી વૈમનસ્ય ફેલાય તેવા શબ્દો લખ્યા હતા. આ અંગે સુલેમાન ચાંદ વિરુદ્ધ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં આરોપી સુલેમાન ચાંદે વકીલ જાવિદ મુલતાની મારફતે જામીન અરજી કરી હતી.

### યુએલસીની ફાજલ
છેલ્લા પાનાનું ચાલુ

રૂપિયા ૧૬ લાખ ૯૨૦૦૦ લઈને છેતરપિંડી કરી હતી. કોસંબા પોલીસ મથકમાં ગૌરવ ચોડવડીયા એ આરોપી ભારતસિંહ મહિડા સામે ફરિયાદ આપતા કોસંબા પોલીસે ક ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો નોંધ્યો હતો. આ સાથે ભારતસિંહ મહિડા એ સાયણ સુગર માંથી રૂપિયા ૪ લાખનું ધિરાણ પણ મેળવી લીધું હતું. પોલીસ પોતાની ધરપકડ કરશે એવી દહેશત સાથે આરોપી ભારતસિંહ મહિડા?એ સુરતમાં એક આગોતરા જામીન અરજી કરી હતી. જેની સુનાવણી પૂરી થતાં ફરિયાદી ગૌરવભાઈ ના એડવોકેટ ભાવેશ.જે. અમીન ની દલીલોને મંજૂર કરી વિદ્વાન જજ આર.ટી.વાછાણી એ આરોપી ભારતસિંહ ના આગોતરા જામીન ફગાવી દીધા હતા.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૨૨ નવેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## આજે બપોર બાદ આરોગ્ય અધિકારી સહિતની ટીમના બોગસ જનસેવા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ધામા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

પાંડેસરા ખાતે બોગસ જનસેવા મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં મુખ્ય આરોગ્ય અધિકારી અનિલ પટેલ સહિતની ટીમ બપોર બાદ તપાસ શરૂ કરશે

સુરત શહેરમાં બિલાડીનાં ટોપની જેમ મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરની સામે સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે કાયદેસર કાર્યવાહી થતી હોય છે ત્યારે ત્રણ છપાયેલા ખાટલા ગણાતા બી આર શુક્લા, આર કે દુબે અને જી પી મિશ્રા એ તો હદ કરી નાખી હતી.

આ ત્રણેય મહાશયે રાજકારણી- પોલીસ અધિકારી સહિત પ્રતિષ્ઠિત વ્યક્તિ ઓની હાજરીમાં પાંડેસરા ખાતે જન સેવા મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ નુ ઉદ્ઘાટન કરી નાખ્યું હતું . આ હોસ્પિટલ બોગસ ડોક્ટરો દ્વારા સંચાલિત હોવાનું પ્રકાશમાં આવતા તાબડતોબ હોસ્પિટલને સીલ મારી દેવાયુ હતુ હવે આ બોગસ હોસ્પિટલના સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધવા માટે આરોગ્ય વિભાગના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે સુરત જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારી અનિલ પટેલની ટીમ બપોર બાદ જનસેવા હોસ્પિટલમાં ધામા નાખશે અને જરૂરી તપાસ શરૂ કરી દસ્તાવેજી પુરાવા એકત્રિત કરશે.

આ અંગે મુખ્ય આરોગ્ય અધિકારી અનિલ પટેલ જણાવ્યું હતું કે ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે હોસ્પિટલમાં તપાસ કરવામાં આવશે આજે બપોર બાદ હોસ્પિટલમાં તપાસ કરવા માટે ટીમ જશે અને હોસ્પિટલ શરૂ કરવા માટે જરૂરી મંજૂરી મેળવી છે કે કેમ? તેમજ હોસ્પિટલના સંચાલક ડોકટરોની ડિગ્રી સહિતના દસ્તાવેજી પુરાવા મેળવી આ અંગેનો સંપૂર્ણ રિપોર્ટ તૈયાર કર્યા બાદ પોલીસને સુપરત કરાશે.

**બોગસ ડોક્ટર બીઆર શુકલા, આર.કે. દુબે, જી.પી. મિશ્રાએ શરૂ કરેલી હોસ્પિટલમાં તપાસ, બે દિવસમાં પોલીસને રિપોર્ટ સોંપાશે**



સુરત (સૂર્યપુર)ની સૌંદર્યમય સૃષ્ટિ પર જીરાવલા તીર્થ મુખ્ય પ્રતિષ્ઠાચાર્ય - નિકટભવ મોક્ષગામી પ. પૂ. આ.શ્રી.વિ. હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. ના પરમકૃપાપાત્ર - શિષ્ય રત્ન ૧૦૦૮ અઠ્ઠમતપના સંકલ્પી પ.પૂ. આ.શ્રી.વિ. લલિતપ્રભસૂરીશ્વરજી મ.સા.ને ગચ્છાધિપતિ પદ પ્રદાન પાલ મુકામે યોજાયો હતો. જેમાં ભગવંતો- અનેક સાધુ- સાધ્વીજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## ભેસ્તાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડ્રોન સાથે જડબેસલાક નાઈટ કોમ્બિંગ

### હથિયાર સાથે ૫ જણાની ધરપકડ : ૪૦થી વધુ સક્રિય ગુનેગારોની સ્થળ તપાસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ ડીસીપી ઝોન-૨ ભગીરથસિંગ ગઢવી તેમજ ડી-ડિવીઝન એસીપી દ્વારા ભેસ્તાન ઉપરાંત ડિંડોલી, લિંબાયત, ઉધના, ગોડાદરા, સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે ગુનાહીત ઈતિહાસ ધરાવતા ગુનેગારો, બુટલેગરો, તડીપાર થયેલા, મોબાઈલ સ્નેચરો, લુંટારૂ, ચોર સહિત અસામાજીક તત્વોનું ચેકીંગ કર્યું હતું. પોલીસે અલગ-અલગ ૧૫થી વધુ કેસો પણ કર્યા હતા અને સ્થાનિક વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે અસામાજીક તત્વોને કડક શબ્દોમાં સૂચના પણ આપવામાં આવી હતી.

શહેરની વસ્તી અને વિસ્તાર વધવાની સાથે પોલીસની કામગીરી પણ વધી ગઈ છે. પ્રતિદિવસ કોઈને કોઈ ગંભીર પ્રકારના તેમજ નાના મોટા ગુના શહેરમાં બનતા રહે છે ત્યારે કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સમયાંતરે કોમ્બિંગ કરવામાં આવે છે. દરમિયાન ગઈકાલે ડીસીપી ઝોન-૨ વિસ્તારમાં પો.કમિશનરના માર્ગદર્શન હેઠળ ડિંડોલી, લિંબાયત, ઉધના, ગોડાદરા, સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ પોલીસની ૭ ટીમો દ્વારા કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. જેમાં હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરનાર, નંબર પ્લેટ વગરના વાહનો, લિસ્ટેડ બુટલેગરો, તડિપાર થયેલા ગુનેગારો, નાર્કોટીક્સના ગુનામાં અગાઉ પકડાયેલા ગુનેગારો તેમજ શકમંદોની પુછપરછ કરવામાં આવી હતી. પોલીસે પ્રોહીબીશનના ગુનામાં ફરાર એક આરોપી સામે કેસ કરવા ઉપરાંત અલગ-અલગ ગુના સંદર્ભે ૧૫થી વધુ કેસ દાખલ કર્યા હતા.

## સ્પા-જીમ અગ્નિકાંડ : શિવપુજા કોમ્પલેક્ષની ઈમ્પેક્ટ ફી ફાઈલ ૨૦૧૧માં મંજુર થઈ હતી

### પોલીસને કરાયેલા રિપોર્ટમાં કોમ્પલેક્ષની જરૂરી માહિતી આપતું સુરત મનપા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

સુરત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ પૂજા કોમ્પલેક્ષમાં ૬ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલકની સાપરાધ મનુષ્યવધના એટલે કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ , ૧૧૦ મુજબ નો ગુનો નોંધ્યો હતો. આ ગંભીર ગુના ની તપાસ કરનાર એસીપી વિજય મલ્હોત્રાએ ગત સપ્તાહમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર શાલીની અગ્રવાલને એક પત્ર લખી આ બિલ્ડીંગ બાંધનાર કોણ કોણ બિલ્ડરો હતા, ઈમ્પેક્ટ ની અરજી ક્યારે દાખલ કરવામાં આવી અને ઈમ્પેક્ટ ફી કોણે અને કયા અધિકારીએ મંજુર કરી હતી. આ ઉપરાંત આકારણી ને રિલેટેડ માહિતી પણ મંગાવીએવું પણ પોલીસ સૂત્ર દ્વારા જાણવા મળ્યું હતું. જોકે અથવા ઝોનના ટાઉન ડેવલપમેન્ટ પ્લાન ઓફિસર દ્વારા પોલીસને મોકલાવેલા રિપોર્ટમાં એવું જણાવ્યું છે કે, શિવ પૂજા શોપિંગ સેન્ટરની ઈમ્પેક્ટ વર્ષ ૨૦૧૧માં મંજૂર કરવામાં આવી છે.

આ કેસની વિગતો એવી છે કે, સીટી લાઈટ વિસ્તારના શિવ પૂજા કોમ્પ્લેક્સ માં અમૃતિયા સ્પા એન્ડ સલુન આવેલું છે. ૬ નવેમ્બર ના રોજ સાંજના સુમારે સ્પા એન્ડ

અનુસંધાન પાના ૭ પર

## આકારણી દફતરે અનિલ રૂગંટાનું નામ ચઢ્યું નથી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

૬ નવેમ્બરના રોજ સાંજના સોમવારે શહેરના સીટી લાઈટ વિસ્તારમાં આવેલ શિવ પૂજા શોપિંગ સેન્ટરમાં જી-૧૧ માં ગુગળામન ને કારણે સિક્કિમની બે યુવતીઓ ના કરુણ મોત નીપજ્યા હતા. આ બનાવની તલસ્પર્શી તપાસ કરી રહેલા એસીપી વિજય મલ્હોત્રાએ સુરત મહાનગરપાલિકાના કમિશનરને એક પત્ર લખી બિલ્ડીગ રિલેટેડ તમામ વિગતો માંગી હતી. અઠવા ઝોન એ પોલીસને સુપ્રત કરેલા રિપોર્ટમાં એવું જણાવ્યું હતું કે ભુપત પોપટ પાસેથી મિલકત ખરીદ્યા બાદ

અનુસંધાન પાના ૭ પર

## સુરત સહિત દ. ગુજરાતમાં મોડી રાત્રે તથા વહેલી સવારે ઠંડીના ચમકારા

### સુરતમાં વહેલી સવારે તાપમાનનો પારો અઢી ડીગ્રી ગગડી ગયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

સુરત સહિત સમગ્ર દ.ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે ત્યારે સિઝનમાં પહેલી વખત ન્યુનત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો થતા જ આજે સવારે ઠંડીની અસર જોવા મળી હતી. શહેરનું ન્યુનત્તમ તાપમાન ૩ ડિગ્રી ઘટી ગયું હતું. ગઈકાલે ૨૧ ડિગ્રી તાપમાન હતું જે ઘટીને સીધુ ૧૮ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી ગયું હતું. નવસારી, વલસાડમાં પણ તાપમાન નીચુ રહેતા ફુલ ગુલાબી ઠંડીનો અનુભવાઈ હતી.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે સુરત શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો ૩ ડિગ્રી ગગડી ગયો હતો. તાપમાન ઘટતા જ ઠંડીનો અહેસાસ થયો હતો. ખાસ કરીને નદી કિનારાના વિસ્તારોમાં જ્યાં લીલોતરી જળવાઈ રહી છે ત્યાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો.

મહત્તમ તાપમાન પણ બે ડિગ્રીના ઘટાડા સાથે ૩૩ ડિગ્રી નોંધાઈ રહ્યું છે ત્યારે આજે સવારે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રીથી ઘટીને ૧૮ ડિગ્રી ઉપર પહોંચી ગયું હતું. સુરત ઉપરાંત નવસારી, વલસાડમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. પાછલા દિવસોમાં મહત્તમ તાપમાનનો પારો સુરત સહિત દ.ગુજરાતમાં ૩૫ ડિગ્રીને આંબી રહ્યો હતો જોકે શિયાળો બેસી જતા લોકોએ ભારે ઉકળાટ અને બફારાથી રાહતનો દમ લીધો છે.

## વિદેશમાં વર્ક પરમીટના નામે વેસુની ઓનો ઈમીગ્રેશનના સંચાલકો દ્વારા છેતરપીંડી

### ઉધનાના બ્રોકર પાસેથી રૂા.૧૬ લાખ પડાવી લીધા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

વેસુ વિસ્તારમાં રહેતા બ્રોકરને વિદેશમાં અલગ-અલગ જગ્યાએ લઈ નોકરીએ જવા માટે વર્ક પરમીટ વિઝા કરાવી આપવાનું કહી ઓનો ઈમીગ્રેશન એકઝુલ્ટ શોપર્સના સંચાલક અભિરાજસિંહ બોડાણા અને સુરજીતસિંઘ પરિહારે રૂ.૧૬ લાખ લઈ લીધા હતા અને બોગસ એમ્પલોઈન્ટમેન્ટ લેટર આપી છેતરપિંડી કરી હતી. આ મામલે બ્રોકરે વેસુ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી તેમજ ધાક ધમકીનો ગુનો નોંધાવ્યો છે.

વેસુ પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર ઉધના મેઈન રોડ બીઆરસી ગેટની સામે શ્રી કૃષ્ણ કુંજ રેસીડેન્સીમાં રહેતો હરપ્રીત સિંહ ઉ.વ.૨૫ બ્રોકરના કામ કાજ સાથે સંકળાયેલો છે. દરયિન તેને જુન ૨૦૨૩માં વિદેશ નોકરી માટે જવું હોય તેણે વેસુ ગામ બી.બી.સર્કલ પાસે આવેલા ઓનો ઈમીગ્રેશનના અભીરાજસિંહ બોડાણા (રહે. વિવેક રેસીડેન્સી, સણિયા હેમાદ, ચોર્યાસી) અને સુરજીત પરિહાર (રહે. સુર્યગંગા ટાવર, વિદ્યાનગર, આણંદ)નો સંપર્ક કર્યો હતો. વિદેશ જવા માટે વર્કપરમીટ વિઝા કઢાવી આપવાનું કહી રૂ.૧૬ લાખ લઈ લીધા બાદ કોઈ પ્રોસસ કરી ન હતી. અને હરપ્રીતસિંહે રૂપીયા પરત માંગતા તેને હાથ ટાંટીયા તોડાવાની નાંખવાની ધમકી આપી હતી.

## કોર્પોરેટરનો બોગસ લેટરપેડ પર સરકારી કાર્ડ અપડેટ કરાવાયો

### વરાછા ન્યાલ કરણ ગ્રાહક સેવા કેન્દ્રના સંચાલકો સામે ગુનો દર્જ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

વરાછા લંબે હનુમાન રોડ ઉપર વૃંદાવન સોસાયટી પાસે ચાલતા ન્યાલ કરણ ગ્રાહક સેવા કેન્દ્રના સંચાલક ભાવેશ ગજેરા અને પ્રતિક કોલડીયાએ વોર્ડ નં.૧ જહાંગીરપુરા-છાપરાભાઠાના કોર્પોરેટર ભાવીશા પટેલના હોદ્દાનો સિક્કો ઉપયોગમાં લઈ જામીનગીરી (દસ્તાવેજ) બનાવી તેનો લોકોના આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ અપડેટ કરવાના ફોર્મમાં ઉપયોગમાં લઈ ગુનો કર્યો હોવા અંગેની ફરીયાદ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

વરાછા પોલીસ સ્ટેશનેથી મળથી વિગત અનુસાર મુળ સાવરકુંડલા અમરેલી જિલ્લાના વતની અને હાલ વરાછા લજામણી ચોક ગોપીનાથજીનગર સોસાયટીમાં રહેતા ભાવેશકુમાર મગનભાઈ ગજેરા ઉ.વ.૩૪ લંબે હનુમાન રોડ વૃંદાવન સોસાયટી પાસે ન્યાલ કરણ, ગ્રાહક સેવા કેન્દ્ર ચલાવે છે. તેની સાથે પ્રતિક કોલડીયા ઉ.વ.૨૨ પણ કામ કરે છે. દરમિયાન આ બંને જણાએ વોર્ડ નં.૧ના કોર્પોરેટર ભાવીશા પટેલના નામનો સિક્કો બનાવી તેને પુરાવા તરીકે

અનુસંધાન પાના ૭ પર

## ચેક રિર્ટન કેસમાં બિલ્ડર ભીખા કાબરિયાને એક વર્ષની સાદી સજા ફટકારતી અદાલત

### ફરિયાદને ૬૦ દિવસમા ૪૦ લાખ ચૂકવવા આદેશ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

બાંધકામના ધંધામાં મદદ કરવા આપેલા નાણાની ચુકવણી પેટે આપેલા રૂ.૨૯ લાખના ચેક રિટર્ન કેસમાં બિલ્ડર ભીખા કાબરિયાને સુરત કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ રમેશ સાનેપરા કેસ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, સરથાણા જકાતનાકા ડી માર્ટની પાછળ ગોવિંદજી બંગ્લોઝમાં રહેતા રાઘવ પદમા જીયાણીના બિલ્ડર ભીખા નાથુ કાબરીયા(રહે.સહજાનંદ રો-હાઉસ,કોસમાડા,કામરેજ) સાથે મિત્રતાના સંબંધ હતા. મિત્રતાના નાતે સને-૨૦૨૦ ના જુલાઈ મહિનામાં બિલ્ડર ભીખા કાબરીયાએ રાઘવભાઈ પાસેથી બાંધકામના ધંધામાં જરૂરત હોવાનુ જણાવી ૨૯ લાખ હાથ ઉછીના લીધા હતા. વર્ષ ૨૦૨૨માં ચુકવણી પેટે બિલ્ડર ભીખા કાબરિયાએ રૂ.૨૯ લાખનો ચેક રાઘવભાઈને આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. જેથી રાઘવ જીયાણીએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે સુરત કોર્ટમાં બિલ્ડર ભીખા કાબરીયા વિરૂદ્ધ ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ ચાલી જતા કોર્ટે

અનુસંધાન પાના ૭ પર



શિયાળાની શરૂઆત થતાં જ અઠવાગેટ-અડાજણને જોડતા સરદાર બ્રીજ નીચે સરિતાસાગર સંકુલ નજીક નદી પટમાં પૌંકનગરી માટે મંડપ અને સ્ટોલ ઉભા કરવાનું શરૂ કરી દેવાયું છે. સ્વાદ પ્રિય સુરતી લોકોમાં શિયાળામાં જુવારનો પૌંક તથા ઉબાડીયું વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે. પૌંકનગરીમાં સુરતનાં લોકો પૌંકની લીજ્જત માણવા મોટી સંખ્યામાં આવે છે. (તસ્વીરઃ હનીફ મલેક)

## પત્નીના રીસામણા અને આર્થિક તંગીથી વરેલીના રહીશ યુપીવાસીનો આપઘાત

### મૃતક અમિતસિંગની માતાનું ૧૦ દિવસ પહેલા જ મૃત્યુ થતા એકલવાયુ જીવન થયું હતું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

કડોદરા જીઆઈડીસી વરેલી વિસ્તારમાં રહેતા મુળ ઉત્તરપ્રદેશના વતની એવા ૩૮ વર્ષિય યુવાન બેરોજગાર હોય આઠ મહિના પહેલા તેની પત્ની તેને મુકીને જતી રહી હતી. જેને લઈ તે હતાશામાં રહેતો હતો. બીજી તરફ વતનમાં રહેતી માતા પણ દશ દિવસ પહેલા ગુજરી જતા વતન જવા માટે રૂપીયાની સગવડ ન થતા તણાવમાં આવી ગયેલા યુવાને પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

આપણી આસપાસ ઘણી વખત એવા કિસ્સા બનતા હોય છે જે આપણને વિચારવા ઉપર મજબુર કરી દે છે. એક તરફ મોંઘવારી અને બીજી તરફ નોકરી ધંધામાં જીવન નિર્વાહ યોગ્ય રીતે ચાલી રહે તેવી આવક ન થતી હોવાને કારણે દરરોજ કોઈને કોઈ ગરીબ લાચાર શ્રમિક કે નોકરીયાત આત્યાંતિક પગલું ભરી લેતા હોવાના બનાવો છાશવારે પ્રકાશમાં આવી રહ્યા છે. આવો જ એક કિસ્સો વરેલી વિસ્તારમાં બન્યો

અનુસંધાન પાના ૭ પર

## જમાઈને બદનામ કરવા કોમી વૈમનસ્યવાળી પત્રિકા વાયરલ કરનાર સસરાના જામીન મંજુર

### લિંબાયતના સુલેમાન ચાંદને શરતી જામીન અપાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

લિંબાયત ખાતે કોમી વૈમનસ્ય ફેલાય તેવા પેમ્પ્લેટ છપાવીને જમાઈને બદનામ કરવાના કેસમાં સસરાના જામીન સુરત કોર્ટે શરતોને આધીન મંજૂર કર્યા હતા..

લિંબાયત ખાતે રહેતા રઈસ મુસ્લિમ શેખએ તેના સસરા સુલેમાન ચાંદ શૈખ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, આરોપી સસરા સુલેમાનની દીકરી સગુફતા અને તેના પતિ રઈસ વચ્ચે પારિવારિક ઝઘડો થતાં સગુફતા એ દહેજ માંગવા બાબતેની ફરિયાદ ફરિયાદી રઈસ શેખ વિરુદ્ધમાં લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ બાબતે અંદરો અંદર પારિવારિક વિખવાદ ચાલતો હતો. જેથી સસરા સુલેમાનએ બદલો લેવાની ભાવનાથી જમાઈ રઈસનેને શિક્ષક તરીકે સરકારી નોકરી નહીં મળે તેવા બદ આસય થી ટુયશન/કોચિંગ ક્લાસીસ ફરિયાદી ચલાવતા હોય તે ટ્યુશન

અનુસંધાન પાના ૭ પર

## યુએલસીની ફાજલ જમીનનો દસ્તાવેજ બનાવનાર આરોપીના આગોતરા ફગાવાયા

### આરોપી ભરતસિંહ મહિલાએ સાયણ સુગરમાંથી ચાર લાખનું ધિરાણ પણ મેળવ્યું હતું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૨

વરાછા અશ્વની કુમાર રોડ ઉમિયા મંદિર ની સામે ઉપલ ટાવરમાં રહેતા એક ખેડૂત ને મોટી પારડી ની યુ.એલ.સી. મા ફાજલ પડેલી જમીન નો વેચાણ દસ્તાવેજ કરી આપી રૂપિયા ૧૬લાખ૯૨ હજાર ખંખેરી લઈ વિશ્વાસઘાત કરનાર મોટી પારડી ના રહેવાસી ભારતસિંહ મહિડા? ના આગોતરા જામીન સુરત સેશન્સ જજ આર.ટી.વાછાણી એ ફગાવી દીધા હતા. ફરિયાદી અને ખેડૂત ગૌરવભાઈ હિંમતભાઈ ચોડવડીયા તરફે સરકારી એડવોકેટ વર્ષા પંચાલ તથા એડવોકેટ ભાવેશ. જે. અમીન દ્વારા ભારપૂર્વકની દલીલો રજુ કરવામાં આવી હતી. માંગરોળ તાલુકાના મોટીપારડી ગામની સીમમાં ભારતસિંહ ધીરજસિંહ મહિડાની જમીન આવેલી છે. આ જમીન યુ. એલ.સી.માં ફાજલ પડી ગઈ હોવા છતાં પણ જાણીબુઝીને ગૌરવભાઈ ના પિતા હિંમતભાઈ રવજીભાઈ ચોડવડીયા ને વર્ષ ૨૦૦૫માં જમીન માલિક ભારતસિંહ મહિડાએ સાટાખત અને વેચાણ દસ્તાવેજ કરી

અનુસંધાન પાના ૭ પર